# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

13 FEBRUARY, 2026 FRIDAY



પેજ 2



ડભોઈ અંજુમને ઈસ્લામ મદ્રેસામાં ભવ્ય ઈનામ વિતરણ સમારોહ યોજાયો

પેજ 3





મહાશિવરાત્રિએ રાયસણના પંચેશ્વર મંદિરમાં હોમાત્મક લઘુરૂદ્ર અને રાત્રે બાર વાગે મહાઆરતીનું ભવ્ય આયોજન

પેજ 7



વિરમગામ ખાતે સરકારી આયુર્વેદ હોસ્પિટલ વિંઝુવાડા દ્વારા આયુષ મેળો યોજાયો

પેજ 5





એમસીએક્સ પર સોનાના વાયદામાં રૂ.793, ચાંદીમાં રૂ.3779 અને ક્રૂડ તેલના વાયદામાં રૂ.47ની નરમાઈ



I Pakkogujarat/ I VOL : 10 I Issue : 320 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com


વ્હાઈટ હાઉસમાં ટ્રમ્પ-નેતન્યાહુની મુલાકાત , ઈરાન સાથે સારો કરાર થઈ શકે તો તે વધુ સારું રહેશે, પરંતુ જો ન થયો તો આગળ શું કરવું તે જોવામાં આવશે

# અમેરિકાનો ઈરાન સાથે પરમાણુ કરાર વાટાઘાટો ચાલુ રાખવા પર ભાર

## ટ્રમ્પે એ પણ યાદ અપાવ્યું કે છેલ્લી વાર ઈરાને કરાર કર્યો ન હતો, જેના પછી અમેરિકાએ તેના પર લશ્કરી કાર્યવાહી 'ઓપરેશન મિડનાઈટ હેમર' કરી હતી

• વોશિંગ્ટન ડીસી

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુની બુધવારે વ્હાઈટ હાઉસમાં મુલાકાત થઈ. આ બેઠક લગભગ 2 કલાક સુધી બંધ રૂમમાં ચાલી. ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર લખ્યું - મેં નેતન્યાહુને સ્પષ્ટ કહ્યું છે કે અમેરિકાએ ઈરાન સાથે પરમાણુ કરાર પર વાતચીત ચાલુ રાખવી જોઈએ. તેમણે લખ્યું કે બેઠક ખૂબ સારી રહી, પરંતુ કોઈ અંતિમ નિર્ણય થયો નથી. જો ઈરાન સાથે સારો કરાર થઈ શકે તો તે વધુ સારું રહેશે, પરંતુ જો ન થયો તો આગળ શું કરવું તે જોવામાં આવશે.

ટ્રમ્પે એ પણ યાદ અપાવ્યું કે છેલ્લી વાર ઈરાને કરાર કર્યો ન હતો, જેના પછી અમેરિકાએ તેના પર લશ્કરી કાર્યવાહી 'ઓપરેશન મિડનાઈટ હેમર' કરી હતીટ્રમ્પે કહ્યું કે તેમણે નેતન્યાહુ સાથે ગાઝાનીસ્થિતિ અને ક્ષેત્રમાં શાંતિપ્રયાસો વિશે પણ વાત કરી છે. નેતન્યાહુએ ટ્રમ્પ સાથે મુલાકાત કરતા પહેલા અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયો સાથે પણ મુલાકાત કરી હતી. ઈઝરાયલી પીએમ બેન્જામિન નેતન્યાહૂએ આરોપ લગાવ્યો હતો કે અમેરિકાના કારણે ઈઝરાયલના ઘણા સૈનિકો માર્યા ગયા છે. ટાઈમ્સ ઓફ ઈઝરાયલ અનુસાર તેમણે કહ્યું હતું કે હમાસ વિરુદ્ધ ગાઝા યુદ્ધ દરમિયાન હથિયારો અને ગોળા-બારૂદનો પુરવઠો રોકી દેવામાં આવ્યો હતો.

નેતન્યાહૂએ કહ્યું હતું કે ઈઝરાયલ પાસે જરૂરી ગોળા-બારૂદ ખતમ થઈ ગયો હતો, આ કારણે કેટલાક સૈનિકોના જીવ ગયા. જોકે, તેમણે એ જણાવ્યું ન હતું કે આ કારણે કેટલા સૈનિકોના મોત થયા. ઈઝરાયલી પીએમએ સીધા જ પૂર્વ રાષ્ટ્રપતિ જો બાઈડનનું નામ લીધું ન હતું, પરંતુ કહ્યું કે આ હથિયાર રોક ત્યારે સમાપ્ત થઈ જ્યારે અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિ બન્યા.

નેતન્યાહુએ એમ પણ કહ્યું હતું કે એક અલગ પેલેસ્ટાઈન દેશ બનવાની કોઈ શક્યતા નથી અને ન તો આવું થવા દેવામાં આવશે. તેમણે કહ્યું કે ઈઝરાયેલ ગાઝા અને કબજા હેઠળના વેસ્ટ બેંક



બંને પર નિયંત્રણ જાળવી રાખશે, ભલે બાકીના દેશો એક અલગ પેલેસ્ટાઈનને માન્યતા આપતા રહે.નેતન્યાહુએ કહ્યું કે ટુ સ્ટેટ સોલ્યુશન (દ્વિ રાષ્ટ્ર સમાધાન) ને લાગુ થવાથી તેમણે વારંવાર રોક્યું છે. નેતન્યાહુએ પુનરોચ્ચાર કર્યો કે ઈઝરાયેલ જોર્ડન નદીથી લઈને સમુદ્ર સુધી નિયંત્રણ જાળવી રાખશે.તેમણે ઈરાનને લઈને અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પના તાજેતરના નિવેદનોનો પણ ઉલ્લેખ કર્યો. અમેરિકાએ આ વિસ્તારમાં પોતાનું એરક્રાફ્ટ કેરિયર સ્ટ્રાઈક ગ્રુપ તૈનાત કર્યું છે. નેતન્યાહુએ કહ્યું કે ટ્રમ્પ પોતાનો નિર્ણય પોતે લેશે અને ઈઝરાયેલ પોતાનો. પરંતુ જો ઈરાને ઈઝરાયેલ પર હુમલો કરવાની મોટી ભૂલ કરી, તો ઈઝરાયેલ એવો જવાબ આપશે, જેવો ઈરાને પહેલા ક્યારેય જોયો નહીં હોય.વોર પાવર ઈઝરાયેલના રિપોર્ટ અનુસાર અમેરિકા ઈઝરાયેલને દર વર્ષે લગભગ 3.8 અબજ ડોલર (લગભગ 32,000 કરોડ રૂપિયા)ની સૈન્ય સહાય આપે છે. આ મુખ્યત્વે ફોરેન મિલિટરી ફાઈનાન્સિંગ (FMF) હેઠળ થાય છે, જેમાં સામાન્ય હથિયારોની ખરીદી માટે 3.3 અબજ ડોલર અને મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ માટે 500 મિલિયન ડોલર આપવામાં આવે છે.આ સહાય 2016માં હસ્તાક્ષર કરાયેલા 10 વર્ષના કરાર હેઠળ આપવામાં આવે છે. આ 2019માં શરૂ થયું અને 2028 સુધી ચાલશે. આ MOU હેઠળ કુલ 38 અબજ ડોલરની સહાયનું વચન આપવામાં આવ્યું હતું, જે દર વર્ષે સમાન હપ્તામાં મળે છે. આ કરાર ઓબામા વહીવટીતંત્રમાં થયો હતો. અમેરિકી કોંગ્રેસ દર વર્ષે તેને મંજૂર કરે છે. આ ઉપરાંત, ઓક્ટોબર 2023થી ગાઝા યુદ્ધ શરૂ થયા પછી અમેરિકાએ વધારાની સહાય આપી છે. 2023-2025 સુધીમાં કુલ 21.7 અબજ ડોલરથી વધુ સૈન્ય સહાય આપવામાં આવી છે, જેમાં 2024માં 8.7 અબજ ડોલરનું વિશેષ પેકેજ શામેલ છે.

2025માં પણ વાર્ષિક 3.8 અબજ ડોલરની આસપાસ ચાલુ રહી અને ટ્રમ્પ વહીવટીતંત્રે માર્ચ 2025માં ઈમરજન્સી ઓથોરિટી દ્વારા 4 અબજ ડોલરની ફાસ્ટ-ટ્રેક સહાય આપી. કુલ મળીને, ઓક્ટોબર 2023થી અત્યાર સુધીમાં લગભગ 17-22 અબજ ડોલર કે તેથી વધુની સહાય આપવામાં આવી છે.ઈઝરાયેલની સૈન્ય શક્તિ દુનિયામાં સૌથી મજબૂત અને અદ્યતન માનવામાં આવે છે. જાન્યુઆરી 2026 સુધીમાં, ગ્લોબલ ફાયર પાવર (GFP) ની રેન્કિંગ અનુસાર, ઈઝરાયેલ 145 દેશોમાં 15મા સ્થાને છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનની હદમાં વહીવટદારોના રાજમાં ગેરકાયદેસર ધંધાવાળા મોજમાં

# શાહીબાગ પો.સ્ટેશનની હદમાં MD ડ્રગ્સ, દેશી-ઈંગ્લીશ દારૂના ધંધાઓનો સાથે સ્પા પાર્લરોનો રાફડો

## મસાજના નામે ચાલતી સ્પાની દુકાનોમાં વિદેશી યુવતીઓ સાથે કરાવાઈ રહ્યા છે બિભસ્ત કામો

શાહીબાગ પો.સ્ટેશનના PI અને તેમના લોકલાડીલા વહીવટદારોની રહેમનજર બુટલેગરો પર

PI સિંઘવ અને તેમના માનીતા વહીવટદારોના રાજમાં ગેરકાયદેસર ધંધાવાળા મોજમાં

મેન વહીવટદાર હર્ષદભાઈ અને પેટા વહીવટદાર પ્રદીપસિંહ બુટલેગરો પાસેથી ઉઘરાવે છે લાખોના હપ્તાઓ

• અમદાવાદ

થોડા સમય અગાઉ અમદાવાદ શહેરના શાહીબાગ પોલીસ સ્ટેશનની હદમાં જાહેરમાં દારૂ-જુગાર, MD ડ્રગ્સ, અને સ્પાના ધંધા ધમધોકાળ ચાલતા હોવાનો અહેવાલ બુટલેગરોના નામ વિગતો અને સરનામાં સાથે રજુ કરવામાં અમારા દૈનિક પેપર પાક્કો ગુજરાતમાં બતાવામાં આવ્યો હતો. જે અહેવાલ બાદ થોડા દિવસો પૂરતા શાહીબાગ પોલીસ સ્ટેશનના PI સિંધવ અને તેમના લોકલાડીલા મેન વહીવટદાર હર્ષદભાઈ અને પેટા વહીવટદાર પ્રદીપસિંહ દ્વારા વિસ્તારમાં ચાલતા તમામ ગેરકાયદેસરના ધંધા બંધ કરાવવામાં આવ્યા હતા. ત્યારે હવે ફરી એકવાર શાહીબાગ પોલીસ સ્ટેશનની હદમાં પોલીસ સ્ટેશનના PI સિંધવ અને તેમના લોકલાડીલા મેન વહીવટદાર હર્ષદભાઈ અને પેટા વહીવટદાર પ્રદીપસિંહ દ્વારા જાહેરમાં દારૂ-જુગાર, MD ડ્રગ્સ, અને સ્પાના ધંધાઓને ફરી શરુ કરવાની છૂટ આપી દીધી હોય તેમ ધમધમતા જોવા મળી આવ્યા છે.

જેમાં શાહીબાગ વિસ્તારમાં MD ડ્રગ્સ અને દેશી ઈંગ્લીશના દારૂના ધંધા સાથે મસાજને નામે ચાલતા સ્પા પાર્લરોમાં સ્પાની દુકાનોમાં અગાઉની જેમ જ બહારથી વિદેશી યુવતીઓ બોલાવાવમાં આવી રહી છે અને તેઓની પાસે બિભસ્ત કામ કરાવવાં આવી રહ્યા છે. ત્યારે વહીવટદારોના રાજમાં 1 નહિ સ્પાના 8થી 10 પાર્લરોમાં મસાજને નામે બિભસ્ત કામ કરાવવાં આવી રહ્યા છે. તો સાથે સાથે આજની પેઢીના યુવાઓને દારૂ ડ્રગ્સ ના રવાડે ચઢાવી તેમનું જીવન બરબાદ કરી રહ્યા છે .





PI સિંઘવના લોકલાડીલા મેન વહીવટદાર હર્ષદભાઈ અને પેટા વહીવટદાર પ્રદીપસિંહ આ તમામ ગેરકાયદેસર ચાલતા ધંધાઓ પરથી લાખોના હપ્તા ઉઘરાવી PI સાહેબ અને ઉચ્ચ અધિકારીઓને પહોંચાડી રહ્યા છે. ત્યારે આ બને વહીવટદારો જો કોઈ હપ્તા ના આપે તો તેમનો ધંધો બંધ કરાવવાની અને તેઓને જેલમાં નાખી દેવાની ધમકી આપી લાખો રૂપિયા ઉઘરાવી રહ્યા છે.

ત્યારે આ ગેરકાયદેસર ચાલી રહેલ ધંધાને લઈ અમારા પાક્કો ગુજરાત દૈનિક સમાચારના તંત્રી દ્વારા શાહીબાગ પોલીસ સ્ટેશનના PI સિઘવને ફોન કરવામાં આવતા તંત્રીનો નંબર સેવ હોવાને લઈ જવાબ આપવાની જગ્યા અગાઉની જેમ જ ફોન ઉપાડવાનું બંધ કરી દીધેલ છે. PI સિઘવ સાહેબ અને તેમના માનીતા વહીવટદારો દ્વારા જાણે યુવાધન બરબાદ થાય તો ભલે થાય પણ માત્ર ને માત્ર આ લોકોને પૈસા કમાવવામાં જ રસ જોવા મળી રહ્યો છે.\જે બાદ આ શાહીબાગ વિસ્તારમાં ચાલી રહેલ ગેરેકાયદેસર ધંધાને લઈ PCB અને DCP સ્કોડને જાણ કરવામાં આવતા તેઓ દ્વારા જગ્યા પર પહોંચી રેડ નીલ બતાવી અહીં આ વિસ્તારમાં કોઈ ગેરકાયદેસર ધંધા ચાલતા ન હોવાનું જણાવી રહ્યા છે. જે ઉપરથી એમ લાગી રહ્યું છે કે શાહીબાગ પોલીસ સ્ટેશનના મેન અને પેટા વહીવટદારો બંને મળી PI સાહેબ સહીત PCB DCP સ્કોડના પણ ખિસ્સા ગરમ કરી રહ્યા છે.

તો મળી આવતી માહિતી મુજબ PCB અને DCP ની ટીમ રેડ કરતા પહેલા શાહીબાગના વહીવટદારોને જાણ કરી દે છે થી રેડ દરમિયાન ધંધા બંધ રાખી તેઓ દ્વારા રેડ નીલ બતાવી અહીંયા કોઈ ગેરકાયદેસરના ધંધા ચાલતા ન હોવાનું જોવા મળી આવે છે. ત્યારે હવે શાહીબાગ પોલીસ સ્ટેશનના PI સિંઘવ અને તેમના મેન અને પેટ વહીવટદારો પર માનો ન માનો કોઈ રાજકીય નેતાનો હાથ હોવાનું લાગી રહ્યું છે! બાકી અમારા અગાઉના અહેવાલ બાદ પાક્કો ગુજરાત દૈનિક સમાચારના અગાઉના 2 અહેવાલ બાદ પણ પોલીસ તંત્રની આંખ ખુલી નથી રહી.. જે જોતા આગામી દિવસોમાં લઠ્ઠાકાંડ સર્જાય તો નવાઈ નહિ અને MD ડ્રગ્સ ના રવાડે ચડેલા યુવાધનના હાથે હત્યા જેવા બનવોના પણ વધારો થાય તો નવાઈ નહિ રહે... ત્યારે હવે જોવું રહ્યું કે અમારા દૈનિક પેપર પાક્કો ગુજરાતના વધુ આ એક અહેવાલ બાદ શાહીબાગ વિસ્તારમાં ચાલી રહેલા ગેરકાયદેસર વેપલા કાયમ માટે બંધ થાય છે કે પછી ગયા વખતની જેમાં થોડા સમય માટે...

હરિદ્વારમાં આવેલા દક્ષેશ્વર પ્રજાપતિ મહાદેવ મંદિરના પ્રવેશદ્વાર પર પણ આ જ પોસ્ટરો લગાવવામાં આવ્યા

# હરિદ્વાર-ઋષિકેશના મંદિરોમાં ફાટેલી જીન્સ-સ્કર્ટમાં એન્ટ્રી નહીં:'ડ્રેસ કોડ'ના પોસ્ટર લાગ્યા

• હરિદ્વાર

હરિદ્વાર અને ઋષિકેશના ઘણા મંદિરોની બહાર ડ્રેસકોડના પોસ્ટરો લગાવવામાં આવ્યા છે. પોસ્ટરોમાં સ્પષ્ટ લખેલું છે- "બધી મહિલાઓ-યુવતીઓ અને પુરુષો મંદિરમાં ટુંકા વસ્ત્રો પહેરીને આવે નહીં. હાફ પેન્ટ, બરમુડા, મિની સ્કર્ટ, નાઈટ સૂટ, ફાટેલા જીન્સ કે ટુંકા વસ્ત્રો વગેરે પહેરીને આવવા પર બહારથી જ દર્શન કરીને સહયોગ કરે."આ પોસ્ટરો દ્વારા શ્રદ્ધાળુઓને મંદિર પરિસરમાં ગરિમા જળવાય રહે એવું વર્તન કરવા અપીલ કરવામાં આવી છે. હરિદ્વારના મુખ્ય મંદિરોથી લઈને ઋષિકેશના મંદિરો સુધી આ સંદેશ એકસાથે સામે આવ્યા છે.મંદિર મેનેજમેન્ટનું કહેવું છે કે ધાર્મિક સ્થળોની ગરિમા જાળવી રાખવા માટે આ પગલું ભરવામાં આવ્યું છે. પોસ્ટરોમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જે શ્રદ્ધાળુઓ નિર્ધારિત પોશાકનું પાલન નહીં કરે, તેમને મંદિરની બહારથી જ દર્શન કરવા પડશે. હરિદ્વારમાં આવેલા દક્ષેશ્વર પ્રજાપતિ મહાદેવ મંદિરના પ્રવેશદ્વાર પર પણ આ જ પોસ્ટરો લગાવવામાં આવ્યા છે. મહાનિર્વાણી અખાડાના સચિવ અને મંદિરના પ્રબંધક શ્રીમહંત સ્વામી રવિન્દ્ર પુરી મહારાજે શ્રદ્ધાળુઓને મર્યાદિત આચરણ અને પોશાક જાળવી રાખવા અપીલ કરી છે. તેમણે કહ્યું કે, તમામ હિંદુ ભાઈ-બહેનોને વિનંતી છે કે તેઓ પોતાના બાળકોમાં ધાર્મિક સંસ્કાર વિકસાવે.તેમનું કહેવું છે કે લોકોએ મંદિરોમાં મનોરંજન માટે નહીં, પરંતુ આત્મરંજનના ઉદ્દેશ્યથી જવું જોઈએ. મંદિર જતા પહેલા આપણી વેશભૂષા, આચરણ, વ્યવહાર અને ભાવનાઓ પવિત્ર હોવી જોઈએ, તો જ દેવસ્થાનોમાં જવાનું વાસ્તવિક ફળ પ્રાપ્ત થશે.તેમણે એવી પણ ચિંતા વ્યક્ત કરી કે ઘણીવાર મહિલાઓ અને યુવાનો અજાણતામાં એવા કપડા પહેરી લે છે, જે ધાર્મિક મર્યાદાઓને અનુરૂપ નથી હોતા અને પછીથી ટીકાનું કારણ બને છે.ઋષિકેશ ખાતે ઈસ્કોન મંદિર ઋષિકેશની બહાર પણ આ જ પ્રકારનું પોસ્ટર લગાવવામાં આવ્યું છે. પોસ્ટરમાં લખ્યું છે- "મંદિરમાં આવતી તમામ મહિલાઓ, છોકરીઓ, બાળકીઓ અને પુરુષોને વિનંતી છે કે મંદિર પરિસરમાં વ્યવસ્થિત વસ્ત્રો પહેરીને જ આવે. ટુંકા વસ્ત્રો જેવા કે હાફ પેન્ટ, બરમુડા, મિની સ્કર્ટ, નાઈટ સૂટ, ફાટેલી જીન્સ વગેરે પહેરીને આવવા પર બહારથી જ દર્શન કરીને સહયોગ આપે.

# અમદાવાદ પ્લેન દુર્ઘટના પર લંડનના અખબાર 'ધ ઈન્ડિપેન્ડન્ટ'ના રિપોર્ટમાં દાવો

## 10-20 લાખ રૂપિયા લો ને કેસ છોડો:એર ઇન્ડિયાની પીડિત પરિવારોને ઓફર

• નવી દિલ્હી

ગુજરાતના અમદાવાદમાં 12 જૂન 2025ની બપોરે એર ઈન્ડિયાનું લંડન જતું પ્લેન અકસ્માતનો ભોગ બન્યું હતું. લંડનના અખબાર 'ધ ઈન્ડિપેન્ડન્ટ'નો એર ઈન્ડિયા પર એક રિપોર્ટ આવ્યો છેતે મુજબ એર ઈન્ડિયાએ અકસ્માતમાં જીવ ગુમાવનારા લોકોના પરિવારજનોને વધારાના વળતરના બદલામાં કેસ કરવાનો અધિકાર છોડવાનો પ્રસ્તાવ મૂક્યો છે. એરલાઈન પરિવારોને વધારાના 10 લાખની અંતિમ રકમ આપીને સમજૂતીની ઓફર કરી રહી છે. કેટલાક કિસ્સાઓમાં આ રકમ 20 લાખ રૂપિયા સુધી છે. પરિવારોએ આ શરત માનવી પડશે કે તેઓ ભવિષ્યમાં અકસ્માત સંબંધિત દાવો નહીં કરે અને તમામ કાનૂની જવાબદારીઓમાંથી કંપનીને મુક્ત કરશે. આ છૂટ કોઈપણ દેશ કે કોર્ટમાં લાગુ રહેશે.

લીગલ ટીમે વિરોધ કર્યો એર ઈન્ડિયાના આ પ્રસ્તાવનો 130 પીડિતોના પરિવારોની લીગલ ટીમે વિરોધ કર્યો છે. તેમનું કહેવું છે કે તપાસ પૂરી થઈ નથી. જવાબદારી નક્કી થઈ નથી. આવી સ્થિતિમાં કેસનો અધિકાર છોડવાનું કહેવું અયોગ્ય છે. કેટલાક ઘાયલ પરિવારોની સારવાર હજુ પણ ચાલુ છે.

આ મામલે એર ઈન્ડિયાના પ્રવક્તાએ જણાવ્યું કે એર ઈન્ડિયા આ મુશ્કેલ પ્રક્રિયામાંથી પસાર થઈ રહેલા દરેક પ્રભાવિત પરિવારની મદદ કરવા પ્રતિબદ્ધ છે. પ્રારંભિક વચગાળાની રકમ આપ્યા પછી અમે સુનિશ્ચિત કર્યું છે કે દરેક પરિવારને આપવામાં આવતી અંતિમ રકમ યોગ્ય અને કાયદા મુજબ હોય.સુપ્રીમ કોર્ટે 11 ફેબ્રુઆરીએ કેન્દ્ર સરકારને વિમાન દુર્ઘટનાની તપાસના 'પ્રોસિજરલ પ્રોટોકોલ'નો રિપોર્ટ રજૂ કરવા જણાવ્યું છે. સરકારે માહિતી આપી હતી કે એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બોર્ડ (AAIB)ની તપાસ અંતિમ તબક્કામાં છે.ચીફ જસ્ટિસ સૂર્યકાંતની બેન્ચ સમક્ષ NGO સેફ્ટી મેટર્સ વતી વકીલ પ્રશાંત ભૂષણે દલીલ કરી હતી કે ગંભીર અકસ્માતો માટે કોર્ટ ઓફ ઈન્ક્વાયરીની જરૂર હોય છે, AAIBની તપાસની નહીં.

## સરકાર રાહુલ સામે વિશેષાધિકાર ભંગનો પ્રસ્તાવ લાવી શકે છે:US ટ્રેડ ડીલ પર વિપક્ષના નેતાએ કહ્યું હતું કે - સરકારે ભારત માતાને વેચી દીધા છે

• નવી દિલ્હી

સંસદના બજેટ સત્રનો ગુરુવારે 12મો દિવસ છે. ગૃહમાં બજેટ પર ચર્ચા થઈ રહી છે. આ દરમિયાન, કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે સરકાર રાહુલ ગાંધી વિરુદ્ધ વિશેષાધિકાર ભંગનો પ્રસ્તાવ લાવી શકે છે. આ મુજબ, સંસદીય બાબતોના મંત્રી કિરણ રિજિજુએ રાહુલ ગાંધી દ્વારા સરકાર પર લગાવવામાં આવેલા આરોપો સામે વિશેષાધિકાર પ્રસ્તાવ લાવવાની વાત કરી હતી.રાહુલ પર ગૃહને ગેરમાર્ગે દોરવાનો અને પાયાવિહોણા નિવેદનો કરવાનો આરોપ છે. જોકે, રિજિજુએ સ્પષ્ટ કર્યું નથી કે આ પ્રસ્તાવ ક્યારે અને કોના દ્વારા રજૂ કરવામાં આવશે. બુધવારે લોકસભા વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ બજેટ પર બોલતા કહ્યું કે સરકારે ઈન્ડિયા-યુએસ ટ્રેડ ડીલ દ્વારા ભારત માતાને વેચી દીધા છે. આ સંપૂર્ણપણે શરણાગતિ છે. હવે અમેરિકા નક્કી કરશે કે આપણે કોની પાસેથી ઓઈલ ખરીદીશું. આપણો નિર્ણય વડાપ્રધાન નહીં કરે.રાહુલના આરોપોના જવાબમાં નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું- કોંગ્રેસીઓ કહે છે .


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# ડભોઈ અંજુમને ઈસ્લામ મદ્રેસામાં ભવ્ય ઈનામ વિતરણ સમારોહ યોજાયો



છેલ્લા ૬૨ વર્ષથી કાર્યરત સંસ્થાએ ૭૦૦થી વધુ બાળકોને પ્રોત્સાહિત કર્યા; શિસ્ત અને હાજરી માટે અપાયા વિ શે ષ ઈનામોડભોઈના સુંદરકુવા વિસ્તારમાં આવેલ અને ઈ.સ. ૧૯ ૬ ૫થી સતત કાર્યરત અંજુમને ઈસ્લામ ટ્રસ્ટ (B-588) દ્વારા વાર્ષિક પરીક્ષાના પરિણામ બાદ વિદ્યાર્થીઓ માટે એક ભવ્ય ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા ૬ દાયકાથી શિક્ષણની જ્યોત પ્રજ્વલિત રાખતી આ સંસ્થાએ આ વર્ષે પણ બાળકોના ઉત્સાહમાં વધારો કર્યો છે.ઈનામોની વિગત: શિસ્ત અને શિક્ષણનો સમન્વયસંસ્થા દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે વિવિધ શ્રેણીઓમાં નીચે મુજબના ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા:

જનરલ ઈનામ: દરેક વિદ્યાર્થીના પ્રોત્સાહન માટે ૭૦૦ બાળકોને એલ્યુમિનિયમની ડેગ આપવામાં આવી હતી.નિયમિતતા માટે વિશેષ સન્માન: * આખા વર્ષ દરમિયાન એક પણ ગેરહાજરી વગર ૧૦૦% હાજરી આપનાર ૪૦૫ બાળકોને ચાર ખાનાવાળું ટીફીન આપી નવાજવામાં આવ્યા હતા.માત્ર એક દિવસ ગેરહાજર રહેનાર વિદ્યાર્થીઓને ત્રણ ખાનાવાળું ટીફીન આપવામાં આવ્યું હતું.

મેરિટ ઈનામો: દરેક વર્ગમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓને રોટલી મૂકવાના ડબા ભેટ આપવામાં આવ્યા હતા. વાલીઓ અને વિદ્યાર્થીઓમાં ખુશીનો માહોલ મોટા પાયે થયેલી ઈનામોની લ્હાણીને કારણે વિદ્યાર્થીઓના ચહેરા પર અનેરો આનંદ જોવા મળ્યો હતો. પોતાના બાળકોની મહેનત અને સંસ્થાના સહયોગને જોઈ વાલીઓમાં પણ ખુશીની લહેર પ્રસરી ગઈ હતી.

## ડભોઈ સરિતા બ્રિજ અકસ્માતનો ડેથ ઝોન બન્યો, તંત્રની ઘોર બેદરકારી સામે જનતામાં રોષ ડભોઈના સરિતા બ્રિજ પર આજે સવારે ફરી એકવાર ગમખ્વાર અકસ્માત સર્જાયો

ડભોઈ સરિતા બ્રિજ અકસ્માતનો ડેથ ઝોન બન્યો, તંત્રની ઘોર બેદરકારી સામે જનતામાં રોષ ડભોઈના સરિતા બ્રિજ પર આજે સવારે ફરી એકવાર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. એક કાર અને બાઈક વચ્ચે થયેલી જોરદાર ટક્કરમાં બે લોકોનો આબાદ બચાવ થયો છે, પરંતુ આ ઘટનાએ સ્ટેટ હાઈવે વિભાગની કામગીરી સામે અનેક સવાલો ઊભા કર્યા છેઘટનાની વિગત: કાર ડિવાઈડર પર ચડી ગઈઆજે વહેલી સવારે બનેલી આ ઘટનામાં કાર અને બાઈક સામસામે અથડાયા હતા. ટક્કર એટલી ભયાનક હતી કે કાર સીધી ડિવાઈડર પર ચડી ગઈ હતી. સદનસીબે મોટી જાનહાનિ ટળી હતી અને બે લોકોનો ચમત્કારિક બચાવ થયો હતો. જોકે, વાહનોને ભારે નુકસાન પહોંચ્યું છે.

લેખક અશ્વિન ગોહિલ

દ્વારિકાધીશ શ્રીકૃષ્ણના જીવન તરફ દૃષ્ટિ કરીએ તો સમજાય છે

# દુઃખ દ્વારિકા ના નાથ ને પણ પડ્યું હતું જ્યારે....!

**દ્વારિકાધીશ શ્રીકૃષ્ણના જીવન તરફ દૃષ્ટિ કરીએ તો સમજાય છે કે પૃથ્વી પર દેહ ધારણ કર્યા પછી ઈશ્વર પણ નિયતિના ક્રૂર પ્રહારોથી બચી શક્યા નથી. કૃષ્ણનું જીવન એટલે સંઘર્ષની જીવતી-જાગતી પાઠશાળા. જન્મે ત્યારથી જેલ, અને પછી ડગલે ને પગલે વિરહ, યુદ્ધ અને વેદના**

• લેખક અશ્વિન ગોહિલ ની કલમે (શિક્ષક, કવિ, સાહિત્યકાર)

આ જગત જેને 'પૂર્ણ પુરુષોત્તમ' કહે છે, જેના સ્મિત માત્રથી બ્રહ્માંડના સર્જન અને વિસર્જન થાય છે, એવા દ્વારિકાધીશ શ્રીકૃષ્ણના જીવન તરફ દૃષ્ટિ કરીએ તો સમજાય છે કે પૃથ્વી પર દેહ ધારણ કર્યા પછી ઈશ્વર પણ નિયતિના ક્રૂર પ્રહારોથી બચી શક્યા નથી. કૃષ્ણનું જીવન એટલે સંઘર્ષની જીવતી-જાગતી પાઠશાળા. જન્મે ત્યારથી જેલ, અને પછી ડગલે ને પગલે વિરહ, યુદ્ધ અને વેદના.

પરંતુ, કૃષ્ણના જીવનમાં સૌથી વધુ કારમું દુઃખ ક્યારે આવ્યું હશે? જ્યારે કંસનો વધ કર્યો ત્યારે? ના. જ્યારે મથુરા છોડીને રણછોડ બનવું પડ્યું ત્યારે? ના. કૃષ્ણને સૌથી મોટું દુઃખ ત્યારે પડ્યું હતું જ્યારે તેમણે પોતાની નજર સામે પોતાના જ કુળનો વિનાશ એટલે કે 'યાદવાસ્થળી' જોઈ હતી.

કર્મની ગતિ અને ઋષિઓનો શાપ

દ્વારિકા સોનાની હતી, વૈભવ શિખર પ ર હતો, પણ સુખની અતિશયોક્તિ હંમેશા અહંકારને જન્મ આપે છે. યાદવો મદ મસ્ત બન્યા હતા. એકવાર વિશ્વામિત્ર, ક ણ્વ અને નારદ જેવા ઋષિઓ દ્વારિકા આવ્યા. મશ્કરીના ઈરાદે યાદવ કુમારોએ જામ્બવતીના પુત્ર સામ્બને સ્ત્રીના વેશમાં સજાવ્યો અને ઋષિઓને પૂછ્યું, 'કહો જોઈએ, આ ગર્ભવતી સ્ત્રીને શું અવતરશે?'

ઋષિઓએ દિવ્યદ્રષ્ટિથી બધું જાણી લીધું અને ક્રોધિત થઈને શાપ આપ્યો: 'આના પેટે એક એવું મુસળ જન્મે છે જે તમારા આખા કુ ળનો નાશ કરશે.' અને એમ જ થયું. સામ્બના પેટમાંથી લોખંડનું મુસળ નીકળ્યું. યા દવોએ ગભરાઈને એ મુસળને ઘસીને દ રિ યામાં નાખી દીધું, પણ એનો એક ટુકડો રહી ગયો અને જે ભૂકો દરિયાકિનારે ફેંકાયો તેમાંથી 'એરકા' નામનું તીક્ષ્ણ ઘાસ ઉગ્યું.

યાદવાસ્થળી: લોહીના સંબંધોનું રુધિરતર્પણ

પ્રભાસ પાટણના સમુદ્ર કિનારે જ્યારે યાદવો ઉત્સવ મનાવવા ગયા, ત્યારે મદિરાના નશામાં અંદરોઅંદર લડવા લાગ્યા. જે હાથોએ એક સમયે ધર્મની રક્ષા કરી હતી, એ જ હાથો આજે ભાઈઓના ગળા કાપવા લાગ્યા.

શ્રીકૃષ્ણ કિનારે ઊભા રહીને આ બધું જોઈ રહ્યા હતા. વિચારો, જે પિતાએ પોતાના સંતાનોને શસ્ત્રવિદ્યા શીખવી હોય, જે રાજાએ પ્રજાને સમૃદ્ધિ આપી હોય, તેની નજર સામે જ તેના પુત્રો, પૌત્રો અને આખું ખાનદાન એકબીજાને કાપી નાખે - આનાથી મોટું દુઃખ બીજું શું હોઈ શકે? કૃષ્ણે જોયું કે પ્રદ્યુમ્ન હણાયો, અનિરુદ્ધ હણાયો. સાત્યકી અને કૃતવર્મા લડી પડ્યા.

'દ્વારિકાનો નાથ જેણે મહાભારતના યુદ્ધમાં અર્જુનનો રથ હાંક્યો હતો, આજે વિધિના રથ સામે લાચાર બનીને ઉભો હતો.'

ગાંધારીનો શાપ અને કૃષ્ણનું સ્મિત

યા દવાસ્થળી એ માત્ર ઋષિઓનો શાપ ન હોતો, એ ગાંધારીના શોકનું ફળ પણ હતું. કુ રુક્ષેત્રના મેદાનમાં જ્યારે સો કૌરવોના શબ પડ્યા હતા, ત્યારે ગાંધારીએ કૃષ્ણને શાપ આપ્યો હતો કે, 'જેમ મારા કુળનો નાશ થયો, તેમ તારા કુળના લોકો પણ અંદરોઅંદર લડીને નાશ પામશે.'

કૃ ષ્ણે ત્યારે પણ સ્મિત આપ્યું હતું અને આજે જ્યારે યાદવાસ્થળી થઈ ત્યારે પણ તે સ્થિ તપ્રજ્ઞ હતા. પણ એ સ્થિતપ્રજ્ઞતા પાછળ એક એવું દુઃખ હતું જે કોઈ જોઈ શકતું નહોતું. જે ભગવાન આખી દુનિયાના દુઃખ હરે છે, તે આજે એકલા પડી ગયા હતા.

રાધા-કૃષ્ણ વિરહ: આત્માનું અડધું અંગ

જો યાદવાસ્થળી કૃષ્ણના જીવનનું અંતિમ દુઃખ હતું, તો રાધા સાથેનો વિરહ એ એમના જીવ ન નું સૌથી લાંબુ અને મૌન દુઃખ હતું. ગો કુ ળ છોડ્યા પછી કૃષ્ણ ક્યારેય પાછા ન ફ ર્યા . દ્વારિકામાં રુક્ષ્મણી, સત્યભામા જેવી પટરાણીઓ હતી, છતાં કૃષ્ણની વાંસળીનો સૂર રાધા વિના હંમેશા અધૂરો રહ્યો.

જ્યા રે કૃષ્ણ મથુરા જવા નીકળ્યા ત્યારે રા ધા એ કોઈ ફરિયાદ નહોતી કરી, માત્ર આં ખ માં આંસુ સાથે સ્મિત આપ્યું હતું. એ સ્મિતનો ભાર કૃષ્ણે આખી જિંદગી દ્વારિકાના ર ત્ન જડિત સિંહાસન પર બેસીને પણ વેઠ્યો હતો . રાધાનો વિરહ એ માત્ર પ્રેમનો વિરહ નહોતો, પણ કૃષ્ણના 'સ્વ'નો વિરહ હતો.

નિષ્કર્ષ

દુઃખ તો દ્વારિકાના નાથને પણ પડ્યું, પણ એમ ની મહાનતા એ હતી કે એમણે ક્યારેય કો ઈ ની સામે હાથ નથી ફેલાવ્યો. એમણે દુઃખને ઝેરની જેમ પીધું અને જગતને અમૃત જેવું સ્મિત આપ્યું. યાદવાસ્થળીમાં આખું કુળ ગુમાવ્યા પછી, એક વ્યાધના તીરનો સ્વીકાર કરીને શાંતિથી દેહત્યાગ કરનાર એ માધવ આપણને શીખવે છે કે:

જીવનમાં જે આવે છે તે જાય છે.

કર્મનો સિદ્ધાંત ઈશ્વરને પણ લાગુ પડે છે.

દુઃખમાં પણ મર્યાદા અને ધૈર્ય ન છોડવું.

આ જે જ્યારે આપણને નાનું સરખું દુઃખ આ વે છે ત્યારે આપણે હિંમત હારી જઈએ છી એ , પણ જરા એ શ્યામસુંદરના જીવન તર ફ જોજો, જેના જન્મ વખતે માતા-પિતા જેલમાં હતા અને મૃત્યુ વખતે આખું કુળ નષ્ટ થઈ ગયું હતું. છતાં તે 'આનંદકંદ' કહેવાયા.

લેખક અશ્વિન ગોહિલ ની કલમે (લેખક, કવિ, સાહિત્યકાર)

સોસિયલ મિડીયામાં માહિતી શેર કરી રૂ.એક લાખ પડાવ્યા હોવા ની પોલીસ

# 'ઈજ્જત,આબરૂ બચાવવી હોય તો તારે રૂ.૧૦ લાખ આપવા પડશે, નહિંતર ખોટા બળાત્કાર જેવા આજીવન સજાના ગુનામાં ફીટ કરાવી દઈશું'

5 પોલીસે આમ આદમી પાર્ટીના સંગઠન મહામંત્રી તુલસી લાલૈયા સહિત અન્ય ત્રણ શખ્સો સામે ખંડળી નો ગુનો નોંધ્યો

• ઓલપાડ,તા.૧૨

સુરત શહેર આમ આદમી પાર્ટીના સંગઠન મહામંત્રી તુલસી લાલૈયા સહિત અન્ય ત્રણ શખ્સોએ ઓલપાડ પોલીસ મથક સામે સુરત શહેરના વેપારી અને તેના પુત્રને બદનામ કરતા ખોટા વિડીયો બનાવી રૂ.૧૦ લાખ રકમની ખંડળી માંગી,જો આ રકમ નઆપશેતો તમારો વિડીયો સોસિયલ મિડીયા માં શેર કર્યા પહેલા રૂ.એક લાખ પડાવી લેવાની ચકચારી રાજકીય ઘટનામાં પોલીસે કુલ ચાર આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. પોલીસે આ ગુનામાંતુલસી મનુભાઇ લાલૈયા(ઉ.વ.૩૩) રહે:જે-૧૦૨,સાંઈ આસ્થા રેસીડન્સી, અમરોલી-સુરત (મુળ રહે:બાબરા ગામ,જિ. અમરેલી) તથા કલ્પેશ રમણભાઇ પટેલ (ઉ.વ.૪૮)રહે:અસનાડ ગામ ગાયત્રી ફળીયું, તા.ઓલપાડની ધરપકડ કરી



પોલીસ રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરવાની તજવીજ હાથ ધરી છે.જેના પગલે રાજકીય માહોલ ગરમાતા સુરત શહેર-જિલ્લામાંથી આમ આદમી પાર્ટીના કાર્યકરોની ફોજ હાથમાં બેનરો સાથે ઓલપાડ પોલીસ મથકમાં ધસી આવી હતી અને સોસિયલ મિડીયા દ્વારા જાગૃતિ ફેલાવતા યુવાનોને હેરાન બંધ કરો અને પોલીસની જોહુકમીના સુત્રોચ્ચારના નારા લગાવી વિરોધ નોંધાવ્યો હતો. જેના પગલે તાલુકા ના રાજકારણમાં ભારે ગરમાતો આવ્યો છે.સુરત શહેરના અડાજણ પાટીયા નજીક સરદાર સ્કુલની સામે આવેલ દાના વિહાર સોસાયટીના

મ.નં.બી-૨૦ માં ગુલામ કાદર ઉર્ફે કાદર કોથમીર ગુલામ મુર્તુઝા શેખ(ઉ.વ.૬૫) પરિવાર સાથે રહી વેપાર ધંધો કરે છે.તેમણે ઓલપાડ પોલીસ મથકમાં નોંધાવેલ ફરીયાદ મુજબ સુરત શહેર આમ આદમી પાર્ટીના મહામંત્રી તુલસી લાલૈયા અને વિડીયોમાં દેખાતા તેના અન્ય ત્રણ સાગરીતોએ ગત તા.૩૦ મી જાન્યુઆરીના રોજ મોડી રાત્રે-૧૧:૩૦ થી ૧૨:૦૦ દરમ્યાન સોસિયલ મિડીયામાં આમ આદમી પાર્ટીના ઓફિસિયલ ઈન્સ્ટાગ્રામ ઉપર મને તથા મારા પુત્ર ને બદનામ કરતો એક વિડીયો શેર કરેલ છે.આ ચારે શખ્સોએ ગુનાહિત કાવતરૂ રચી તેઓનો સમાન હેતુ પાર પાડવા ધમકી આપી હતી કે,જો તારી થતા તારા પુત્ર ની ઈજ્જત અને આબરૂ બચાવવી હોય તો તારે અમોને રૂપિયા દસ લાખ આપવા પડશે,નહિંતર તારા પુત્રને બળાત્કાર જેવા આજીવન સજાની જોગવાઈ વાળા ખોટા ગુનામાં ફીટ કરાવી દઈશું. આવી ધમકી બાદ આ શખ્સોએ મારા પુત્ર પાસેથી રૂપિયા એક લાખ પડાવી લીધા હતાં અને બાકીની રકમ ન આપતાં તેઓએનાણાંકીય આર્થિક લાભ મેળવવા જાહેર જનતાને ખોટી માહિતી આપી સુરત આમ આદમી પાર્ટીનાં ઓફિસિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ઉપર બદનામ કરતો વિડીયો શેર કરી ખોટી માહિતીને સાચી બતાવી છે. તેઓના ખોટા આક્ષેપો અને બળાત્કાર જેવા ગંભીર ગુનામાં ફસાવી જેલના સળિયા પાછળ ધકેલી દેવાની જાહેર ધમકીથી અમારી પ્રતિષ્ઠાને નુકશાન પહોંચાડેલ છે. આ મામલે ગુલામ કાદર શેખે બુધવાર,તા.૧૧ ના રોજ ઓલપાડ પોલીસ મથકમાં પહોંચી ચારે આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી હતી.જે ફરીયાદના પગલે પોલીસે કાયદેસરનો ગુનો નોંધી મુખ્ય આરોપી તુલસી તથા કલ્પેશ નામના આરોપીને દબોચી અન્ય બે ને ઝડપવાના ચક્રો ગતિમાન કરી વધુ તપાસ પીઆઇ સી.આર.જાદવ કરી રહ્યા છે.

# ઘરનો મોભી છીનવાતા પરિવારનું હૈયાફાટ રુદન, ભાગીદાર જ બન્યો હત્યારો! જુઓ શું છે સમગ્ર મામલો

• વાગરા

સ્પાના ભાગીદારની ક્રૂર હત્યા, મિત્રએ જ ગળું દબાવી લાશને કોથળામાં ભરી ફેંકી દીધી! : વાગરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના પ્રકાશમાં આવી હતી. જેમાં ભાગીદારીમાં ચાલતા સ્પાના હિસાબ બાબતે થયેલા ઝઘડામાં યુવકની ઘાતકી હત્યાને પગલે પંથકમાં ભારે અરેરાટી વ્યાપી જવા પામી હતી. આરોપીએ પોતાના જ મિત્ર અને ભાગીદારની હત્યા કરી પુરાવાનો નાશ કરવા માટે લાશને પ્લાસ્ટિકની થેલીમાં બાંધી અવાવરુ જગ્યાએ ફેંકી દીધી હતી.પોલીસે આ મામલે એક સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩(૧) અને ૨૩૮ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.મિત્રએ જ રચી મિત્રની મોતના સોદાની સ્ક્રિપ્ટ, કોથળામાં મળેલી લાશે ખોલી ક્રૂર હત્યાની પોલ! : વાગરા પોલીસ ચોપડે નોંધાયેલ ઘટનાક્રમ મુજબ મૃતક કૃણાલભાઈ ચંદુ ભાઈ પટેલ અને આ ઘટનાનો આરોપી મુન્તઝીર પટેલ (રહે. વોરાસમની ગામ, તા. વાગરા) બંને મિત્રો હતા અને સાથે મળીને SAWAS-



DEE SPA ચલાવતા હતા. છેલ્લા ત્રણ-ચાર મહિનાથી સ્પાના હિસાબના પૈસા બાબતે બંને વચ્ચે વિવાદ ચાલતો હતો. આ જ અદાવત રાખીને, ગત તારીખ ૧૧/૦૨/૨૦૨૬ના રોજ આરોપી મુન્તઝીરે કૃણાલ ભાઈને ફોન કરી જણાવ્યુ હતુ કે સ્પા વેચવાનું હોવાથી પાર્ટી પાસેથી રૂપિયા લેવા માટે જવાનું છે. વિશ્વાસમાં લઈને આરોપી કૃણાલભાઈને પોતાની ગાડીમાં બેસાડીને લઈ ગયો હતો. રસ્તામાં કોઈ અવાવરુ સ્થળે આરોપીએ કૃણાલ ભાઈનું નાયલોનની દોરી વડે ગળું ટૂંપો દઈને કરપીણ હત્યા કરી નાંખી હતી.

આરોપીએ મૃતકના બંને હાથ પીઠ પાછળ અને પગ દોરીથી બાંધી દીધા હતા.ત્યારબાદ લાશને પ્લાસ્ટિકની મીણીયા થેલીમાં ભરીને રહાડ ગામથી વચ્છનાદ ગામ તરફ જવાના રસ્તા પર આવેલા એક નાળા નીચે ફેંકી દીધી હતી.પરિવારના આક્રંદથી વાતાવરણ ગમગીન : બીજી તરફ કૃણાલભાઈ ઘરે પરત ન ફરતા અને તેમનો મોબાઈલ સ્વિચ ઓફ આવતા પરિવારે શોધખોળ આરંભી હતી.છેવટે કૃણાલ ના પરિવારે ભરૂચ સી.ડિવિઝનમાં જાણવા જોગ ફરિયાદ નોંધાવી હતી.આ દરમિયાન વાગરા પોલીસને એક બિનવારસી લાશ મળ્યા ની માહિતી મળતા કૃણાલ નો પરિવાર વાગરા ખાતે દોડી ગયો હતો.પરિવારે મૃતદેહની ઓળખ કરતા તે કૃણાલભાઈ હોવાનું સ્પષ્ટ થયુ હતુ. પોલીસના જણાવ્યા અનુસાર, લાશના ગળાના ભાગે ટૂંપો દીધેલા નિશાન મળી આવ્યા હતા. વાગરા પોલીસ સ્ટેશનના પી.આઈ.એચ.બી.ગોહિલ અને તેમની ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યો હતો.

# વસ્ત્રાપુરની શિવાલિક હાઈ સ્ટ્રીટ બિલ્ડિંગમાં આગ, ફાયરની ટીમ ઘટનાસ્થળે, ફસાયેલા 100 લોકનું રેસ્ક્યુ

• અમદાવાદ

અમદાવાદની ITC નર્મદાની બાજુમાં આવેલા શિવાલિક હાઈ સ્ટ્રીટ બિલ્ડિંગના ચોથા માળે આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગના બનાવના કારણે બિલ્ડિંગમાં કેટલાક લોકો ફસાયા હતા. ફાયર વિભાગની 8 થી 10 ગાડીઓ ઘટનાસ્થળે પહોંચીને બચાવ કામગીરી હાથ ધરી હતી. છે. જેમાં ફાયરની ટીમ દ્વારા 100 જેટલાં લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે.

અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલી શિવાલિક હાઈ સ્ટ્રીટ બિલ્ડિંગમાં ભીષણ આગ લાગ લાગતા આખા બિલ્ડિંગ તથા કેમ્પસમાં ભાગદોડી મચી હતી. આગ લાગતા તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરતાં નવરંગપુરા, બોડકદેવ, થલતેજ, પ્રહલાદનગર અને મણિનગર ફાયર સ્ટેશનની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. જેમાં 25થી



વધુ ફાયરકર્મી દ્વારા બચાવ કામગીરી હાથ ધરી હતી.

આગની ઘટનાને પગલે લોકો જીવ બચાવવા માટે બિલ્ડિંગના ધાબા પહોંચ્યા હતા. ફાયરની ટીમે બિલ્ડિંગમાં ફસાયેલા 100થી વધુ લોકોનું સ્નોરકેલથી નીચે ઉતારીને રેસ્ક્યુ કર્યું. આગ લાગતા બિલ્ડિંગમાં ધુમાડો ફેલાઈ ગયો હતા, જેના કારણે ચારથી પાંચ લોકોને ગુમરાહમણ થતાં તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

# અંબાજી પોલીસે પાડલીયા ગામે થયેલા હુમલાના કેસ માં ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા



• અંબાજી

અંબાજી નજીકના પાડલીયા ગામે ગત ડિસેમ્બર મહિનામાં પોલીસ અને વન કર્મીઓ પર પથ્થરો અને ઘાતક હથિયારો વડે હુમલાઓ થયા હતા જેમાં 27 ઈસમો સામે નામજોગ અને 500 ના ટોળા સામે ફરિયાદ નોંધાઈ હતીગઈકાલે અંબાજી પોલીસે બાતમીના આધારે 3 આરોપીઓ ને ઝડપી પાડ્યા હતા.અંબાજી પોલીસે છત્રાભાઈ ડામોર બેડાપાણી, કાળુભાઈ પરમાર પાડલીયા, સાયબાભાઈ ડુંગઈચા આંબાપાણી નામના ત્રણ ઈસમો ની ધરપકડ કરી હતી અને દાંતા કોર્ટ માં રજૂ કરી વધુ તપાસ માટે રિમાન્ડ માંગ્યા હતા આ કેસ માં વધુ આરોપીઓને પકડી પાડવા પોલીસે તપાસ તેજ કરી છે તેમ અંબાજી પોલીસ પી આઈ ઠાકોરે જણાવ્યું હતુ .

ડભોઈથી કરનેટને જોડતો અંદાજે 7 કિલોમીટરનો નવો માર્ગ તૈયાર કરવામાં આવ્યો

# ડભોઈ તાલુકાના કરનેટ રોડ:નવો રસ્તો તો બન્યો પણ બાજુમાં 7 ફૂટના 'મોતનો કૂવો' જેવા ખાડા તંત્ર પૂરતા ભૂલ્યું

ડભોઈ તાલુકાના કરનેટ રોડ:નવો રસ્તો તો બન્યો પણ બાજુમાં 7 ફૂટના 'મોતનો કૂવો' જેવા ખાડા તંત્ર પૂરતા ભૂલ્યું ડભોઈથી કરનેટને જોડતો અંદાજે 7 કિલોમીટરનો નવો માર્ગ તૈયાર કરવામાં આવ્યો છે. લાંબા સમયની રજૂઆતો અને આંદોલનો બાદ રોડ તો બન્યો, પરંતુ કોન્ટ્રાક્ટર એન અધિકારીઓની ભયાનક બેદરકારી સામે આવી છે. રોડની બંને બાજુએ 5 થી 7 ફૂટ ઊંડા જોખમી ખાડા પૂર્યા વગર જ કામ પૂર્ણ કરી દેવામાં આવતા વાહનચાલકોના માથે અકસ્માતનું જોખમ તોળાઈ રહ્યું છે.

સ્થાનિકોનો આક્ષેપ છે કે જ્યારે આ રોડનું કામ ચાલતું હતું, ત્યારે સ્ટેટ હા ઈવેના જવાબદાર અધિકારીઓ સ્થ ળ પર હાજર નહોતા. જો અ ધિકારીઓએ દેખરેખ રાખી હોત,



તો રોડની સાઈડમાં રહેલા આટલા મો ટા ખાડા પૂર્યા વગર ડામરનું કામ કેવી રીતે પૂરું થયું? કોન્ટ્રાક્ટરે પોતાની જવાબદારીમાંથી હાથ ઊંચા કરી દીધા હોય તેમ જણાય છે. આ રોડ ડભોઈને સંખેડા સાથે જોડતો મુ ખ્ય માર્ગ છે. અહીંની ભય જ નક સ્થિ તિ નીચે મુજબ છે વિદ્યાર્થીઓ અને ખેડૂતો મુશ્કેલીમાં: રોજિંદા કામ અર્થે જતા ખેડૂતો અને શાળા-કો લે જ ના વિદ્યાર્થીઓ માટે આ રોડ જોખ મી બન્યો છે રાત્રિ મુસાફરી જીવ લે ણ: રાત્રિ દરમિયાન હજારો વાહ નો અહીંથી પસાર થાય છે. અંધારામાં સાઈડ કાપતી વખતે કે સામેથી આવતા વાહનના પ્રકાશમાં જો બાઈક કે ગાડી સહેજ પણ નીચે ઉતરે, તો સીધી 7 ફૂટ ઊંડા ખાડામાં ખાબકે તેવી સ્થિતિ છે બાઈક સ્લિપ થવાના બનાવો: અનેક વાહનચાલકો આ ખાડાઓને કારણે અકસ્માતનો ભોગ બની ચૂક્યા છે અમે રોડ માટે આંદોલનો કર્યા ત્યારે માંડ રસ્તો મળ્યો, પણ હવે આ રસ્તો જ જીવલેણ બની રહ્યો છે. રોડની સાઈડમાં માટી પુરાણ કર્યા વગર જ કામ પતાવી દેવાયું છે. શું તંત્ર કોઈના મૃત્યુની રાહ જોઈ રહ્યું છે સ્થાનિક વાહનચાલક જનતાની માંગ: તાત્કાલિક સાઈડ પુરાણ કરો લોકોની માંગ છે કે ઉચ્ચ અધિકારીઓ આ મામલે તપાસ કરે અને કોન્ટ્રાક્ટર પાસે તાત્કાલિક ધોરણે રોડની બંને બાજુએ યોગ્ય માટી અને કપચીનું પુરાણ કરાવે. જો સત્વરે આ ખાડા પૂરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં મો અકસ્માતની પૂરેપૂરી શક્યતા છે.

# શાહીબાગ પોલીસ સ્ટેશનની હદમાં વહીવટદારોના રાજમાં ગેરકાયદેસર ધંધાવાળા મોજમાં

• અમદાવાદ

શાહીબાગ પો.સ્ટેશનની હદમાં MD ડ્રગ્સ, દેશી-ઈંગ્લીશ દારૂના ધંધાઓનો સાથે સ્પા પાર્લરોનો રાફડો મસાજના નામે ચાલતી સ્પાની દુકાનોમાં વિદેશી યુવતીઓ સાથે કરાવાઈ રહ્યા છે બિભસ્ત કામો શાહીબાગ પો.સ્ટેશનના PI અને તેમના લોકલાડીલા વહીવટદારોની રહેમનજર બુટલેગરો પર PI સિંધવ અને તેમના માનીતા વહીવટદારોના રાજમાં ગેરકાયદેસર ધંધાવાળા મોજમાં વહીવટદારો બુટલેગરો પાસે ગેરકાયદેસર ધંધા ચલાવવા લે છે લાખોના હપ્તાઓ મેન વહીવટદાર હર્ષદભાઈ અને પેટા વહીવટદાર પ્રદીપસિંહ બુટલેગરો પાસેથી ઉઘરાવે છે લાખોના હપ્તાઓ થોડા સમય અગાઉ અમદાવાદ શહેરના શાહીબાગ પોલીસ સ્ટેશનની હદમાં જાહેરમાં દારૂ-જુગાર, MD ડ્રગ્સ, અને સ્પાના ધંધા ધમધોકાળ ચાલતા હોવાનો અહેવાલ બુટલેગરોના નામ વિગતો અને સરનામાં સાથે રજુ કરવામાં અમારા દૈનિક પેપર પાક્કો ગુજરાતમાં બતાવામાં આવ્યો હતો. જે અહેવાલ બાદ થોડા દિવસો પૂરતા શાહીબાગ પોલીસ સ્ટેશનના PI સિંધવ અને તેમના લોકલાડીલા મેન વહીવટદાર હર્ષદભાઈ અને પેટા વહીવટદાર પ્રદીપસિંહ દ્વારા વિસ્તારમાં ચાલતા તમામ ગેરકાયદેસરના ધંધા બંધ કરાવવામાં આવ્યા હતા. ત્યારે હવે ફરી એકવાર શાહીબાગ પોલીસ સ્ટેશનની હદમાં પોલીસ સ્ટેશનના PI સિંધવ અને તેમના લોકલાડીલા મેન વહીવટદાર હર્ષદભાઈ અને પેટા વહીવટદાર પ્રદીપસિંહ દ્વારા જાહેરમાં દારૂ-જુગાર, MD ડ્રગ્સ, અને સ્પાના ધંધાઓને ફરી શરુ કરવાની છૂટ આપી દીધી હોય તેમ ધમધમતા જોવા મળી આવ્યા છે.જેમાં શાહીબાગ વિસ્તારમાં MD ડ્રગ્સ અને દેશી ઈંગ્લીશના દારૂના ધંધા સાથે મસાજને નામે ચાલતા સ્પા પાર્લરોમાં સ્પાની દુકાનોમાં અગાઉની જેમ જ બહારથી વિદેશી યુવતીઓ બોલાવાવમાં આવી રહી છે અને તેઓની પાસે બિભસ્ત કામ કરાવવાં આવી રહ્યા છે. ત્યારે વહીવટદારોના રાજમાં 1 નહિ સ્પાના 8 થી 10 પાર્લરોમાં મસાજને નામે બિભસ્ત કામ કરાવવાં આવી રહ્યા છે. તો સાથે સાથે આજની પેઢીના યુવાઓને દારૂ ડ્રગ્સ ના રવાડે ચઢાવી તેમનું જીવન બરબાદ કરી રહ્યા છે .PI સિંધવના લોકલાડીલા મેન વહીવટદાર હર્ષદભાઈ અને પેટા વહીવટદાર પ્રદીપસિંહ આ તમામ ગેરકાયદેસર ચાલતા ધંધાઓ પરથી લાખોના હપ્તા ઉઘરાવી PI સાહેબ અને ઉચ્ચ અધિકારીઓને પહોંચાડી રહ્યા છે.

# ઓલપાડ દરિયાઈ કાંઠાના દાંડી ગામે ઝીંગાના તળાવ ઉપર કામ કરતા શ્રમિકને વીજ કરંટ લાગતા મોત

• ઓલપાડ,તા.૧૨

મુળ ઓડીસા રાજ્યનો વતની મુકેશ મારીયાનુસ લાકરા(ઉ.વ.૧૯) હાલમાં ઓલપાડ તાલુકાના દાંડી ગામે પ્લોટ નંબર-૯૨ માં આવેલ સોમાભાઈ રામાભાઈ ખલાસી ના ઝીંગાના તળાવ ઉપર રહી ત્યાં મજુરી કામ કરતો હતો.ગત બુધવાર, તા.૧૧ ના રોજ બપોરે-૧૨:૦૦ વાગ્યાના સુમારે મુકેશ લાકરા ઝીંગાના તળાવમાં નાહવા માટે જઈ રહ્યો હતો.તે વખતે તેને ઈલેકટ્રીક વીજ કરંટ લાગતા તે તળાવના ઊંડા પાણીમાં પડતા બેભાન થઈ ગયો હતો.જેથી તેને બેભાન હાલતમાં સારવાર અર્થે ઓલપાડ ખાતેના સરકારી દવાખાને લવાતા ત્યાં ફરજ પરના ડોકટરે તપાસી તેને મૃત જાહેર કર્યો હતો.

**આયોજન** હિન્દુ સંમેલનમાં સફાઇ કામદાર ભાઇબહેનોનું વિશેષ સન્માન કરી સામાજિક સમરસતાનો બોધ કરાવાશે

# મહાશિવરાત્રિએ રાયસણના પંચેશ્વર મંદિરમાં હોમાત્મક લઘુરુદ્ર અને રાત્રે બાર વાગે મહાઆરતીનુ ભવ્ય આયોજન

## પંચેશ્વર મંદિરના પ્રાંગણમાં વિશાળ હિન્દુ સંમેલનમાં બાળકો ધ્વારા સનાતન ધર્મને ઉજાગર કરતા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ થશે

• ગાંધીનગર,ગુરુવાર.

રાયસણ મેટ્રો સ્ટેશન સામે પંચેશ્વર તળાવના કિનારે આવેલ વિશાળ પંચેશ્વર મંદિરમાં આગામી શિવરાત્રિના દિવસે દિવ્ય શિવ આરાધનાના વિવિધ કાર્યક્રમો દ્વારા મહાશિવરાત્રિની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવશે. મંદિર સમિતિ અને ભક્ત સમુદાય ધ્વારા શિવરાત્રીની ભક્તિમય ઉજવણીને સાકાર સ્વરુપ આપવા તડામાર તૈયારીઓ આરંભાઈ દેવાઇ છે. રાયસણનું પંચેશ્વર મંદિર તેની આધ્યાત્મિક અને રચનાત્મક સામાજીક પ્રવૃત્તિઓના કારણે સમગ્ર ગાંધીનગર અને આસપાસના ગામોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.આગામી ૧૫ ફેબ્રુઆરી, રવિવારે મહાશિવરાત્રિના રોજ પંચેશ્વરમંદિરમાં સવારે પાંચ વાગ્યાથી જ વિશેષ શિવપૂજાનો સુભારંભ થશે.સવારે છ વાગ્યાની મંગળા આરતી પછી તરત જ શેરડીનો રસ, દાડમનો રસ, મધુ , પંચામૃત જેવા દ્રવ્યોથી પંચેશ્વર મહાદેવની વિશેષ શાસ્ત્રોક્ત રીતે મહાઅભિષેક પૂજા કરવામાં આવશે. ત્યારબાદ સવારે ૮ વાગે પંચેશ્વર મંદિરની યજ્ઞશાળામાં ભૂતભાવન ભગવાન આસુતોષ શિવજીને અતિપ્રિય એવા હોમાત્મક લઘુરુદ્રનો શુભારંભ થશે. શિવમહાપૂજા અને હોમાત્મક લઘુરુદ્રના મુખ્ય યજમાન પદે શ્રીમતી




ગુંજનબેન રણછોડભાઈ પટેલે સેવાનો લાભ સ્વીકાર્યો છે. વિદ્વાન યજ્ઞાચાર્ય શ્રી દિપકભાઈ ભાવુપ્રસાદ પંડ્યા શિવ મહાપૂજા અને હોમાત્મક લઘુરુદ્ર કરાવશે. બપોરે બાર વાગ્યે હોમાત્મક લઘુરુદ્રમાં શ્રીફળ હોમી યજ્ઞની પૂર્ણાહુતિ થશે. તમામ દર્શનાર્થી શિવભક્તોને શિવજીને પ્રિય એવા શિવ પ્રસાદનું પ્રસાદ સ્વરુપે વિતરણ કરવામાં આવશે. ભાવિક ભક્તોને દર્શનનો લાભ લેવા મંદિર સમિતિ તરફથી જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે. શિવરાત્રિના દિવસે તમામ ભક્તજનોને ભગવાનને જલાભિંષેક અને શિવજીનાં અલૌકિક દર્શનનો લાભ મળે તે માટે તમામ ભક્તજનો પંચેશ્વર મંદિરમાં કતારબધ્ધ પ્રવેશ કરીને શિવજીને જળાભિષેક કરી શકે તે માટે મંદિરના યુવા કાર્યકરો અને વૃંદાવન બંગલો અને રાયસણ ગામના યુવક મંડળ ધ્વારા આયોજન વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. બપોરના વિરામ બાદ પંચેશ્વર મહાદેવમાં રંગબેરંગી પુષ્પોથી નયનરમ્ય રંગોળી અને ભગવાન શિવજીનો શૃંગાર કરવામાં આવશે. ભક્તજનો સાંજે ચાર વાગ્યાથી ભૂતભાવન ભગવાન સદાશિવનાં શૃંગાર દર્શનનો પણ કતારબધ્ધ રીતે લાભ લઈ શકશે. પંચેશ્વર મંદિરના પટાંગણમાં રાત્રે ૮.૩૦ કલાકે હિન્દુ સંમેલન યોજાશે તેમાં વિશાળ સંખ્યામા સનાતન ધર્મપ્રેમી જનતા ભાગ લે તેવુ હિન્દુ સંમેલન આયોજન સમિતિ ધ્વારા આયોજન કરવામાં આવ્યું છે. હિન્દુ સંમેલનને સફળ બનાવવા સમિતિના સભ્યો જુદી જુદી સોસાયટીઓ અને રહેણાંકનો લોકસંપર્ક કરે છે ત્યારે ત્યાંના રહિશો ધ્વારા ધર્મ ધ્વજાનું પૂજન કરી એક આધ્યાત્મિક આકર્ષણનું વાતાવરણ ખડું કરી દેતા હોય તેવું જોવા મળે છે. હિન્દુ સંમેલનમાં આ જ વિસ્તારનાં બાળકો હિન્દુ ધર્મ અને સંસ્કૃતિનાં થીમ ઉપર એકાંકી નાટક, વેશભૂષા ,નૃત્ય, વક્તૃત્વ જેવા નયનરમ્ય કાર્યક્રમો રજૂ કરશે. આ પ્રસંગે આ વિસ્તારમાં કામ કરતા સફાઈકર્મચારી બંધુઓનું વિશેષ સન્માન કરવામાં આવશે અને સામાજિક સમરસતાનું ઉદાહરણ પૂરું પાડવામાં આવશે.આ પ્રસંગે સમાજના જુદા જુદા વર્ગમાંથી આવનાર આગેવાનો હિન્દુ સંસ્કૃતિનાં જુદા જુદા પાસાં ઉજાગર કરતાં અને પર્યાવરણ, કુટુંબ પ્રબોધન, નાગરિક કર્તવ્ય, સ્વ બોધ, સામાજિક સમરસતા જેવા વિષયો પ્રત્યે આપણું શું દાયિત્વ છે તે વિશે મનનીય ઉદ્બોધન કરશે. હિન્દુ સંમેલન પૂર્ણ થયા બાદ ઉપસ્થિત જનમેદની શ્રી રામ સખા મંડળ અને જુદી જુદી ભજન મંડળીઓના સાનિધ્યમાં શિવ ભજન થકી શિવ આરાધના કરશે અને રાત્રે બાર વાગ્યે પંચેશ્વર મહાદેવની મહા આરતી કરવામાં આવશે. અત્રે એ ઉલ્લેખનીય છે કે ગાંધીનગર શહેર અને જિલ્લા માં પંચેશ્વર મંદિર,રાયસણ એક માત્ર એવું તીર્થધામ છે જ્યાં પંચેશ્વર મહાદેવ,અંબાજીમાતા, રાધાકૃષ્ણ ભગવાન, બાલકૃષ્ણ, રામજી મંદિર, દરેક ભક્તની મનોકામના પૂર્ણ કરતા શ્રી મનેકામનાપૂર્ણ હનુમાનજી , શ્રી ગણપતિ મંદિર, શનિદેવ, બળિયાદેવ, શિતળા માતાનાં મંદિરો આવેલાં હોઈ દરરોજ નિયમિત રીતે હજારો ભક્તજનો પંચેશ્વર મંદિરમાં દર્શન લાભ લઈ ધન્યતા અનુભવે છે.વિશેષકરીને મનોકામનાપૂર્ણ હનુમાનજીનાં દર્શન કરવા મંગળવાર અને શનિવારે ભક્તોની લાંબી લાઈન લાગતી હોય છે.

SOGએ 7.97 કરોડના હાઈબ્રીડ ગાંજા સાથે ભાઈ-બહેનની ધરપકડ કરી હતી

# 7.97 કરોડના ગાંજા સાથે ભાઈ-બહેન ઝડપાયા:યુવતીએ ગાંજાની તસ્કરી માટે રાજસ્થાનના યુવકોની ફૌજ તૈયાર કરી

**પર્દાફાશ** અમદાવાદ SOGએ બેંગકોકથી અમદાવાદ સુધી ગાંજાની સિન્ડીકેટ ચલાવતી ચેનલનો પર્દાફાશ કર્યો છે

• અમદાવાદ :

અમદાવાદ SOGએ બેંગકોકથી અમદાવાદ સુધી ગાંજાની સિન્ડીકેટ ચલાવતી ચેનલનો પર્દાફાશ કર્યો છે. SOGએ 7.97 કરોડના હાઈબ્રીડ ગાંજા સાથે ભાઈ-બહેનની ધરપકડ કરી હતી. યુવતીએ ડ્રગ્સ માફીયાના કહેવાથી ગાંજાની તસ્કરી માટે ચાર રાજસ્થાનના યુવકોની ફૌજ તૈયાર કરી હતી અને જાન્યુઆરીમાં તેમને ગાંજો લેવા માટે પણ મોકલ્યા હતા. ગાંજાની ખેપમાં મુંબઈ એરપોર્ટ પરથી એક યુવક ઝડપાયો હતો જ્યારે ત્રણ લોકો કરોડો રુપિયાનો માલ લઈને બહાર નીકળી ગયા હતા.SOGના હેડ કોન્સ્ટેબલ મહેન્દ્રસિંહને બાતમી મળી હતી કે જીયા ઉર્ફે જેશીકા પ્રજાપતિ અને ચેતન પ્રજાપતિએ મીલન અને અમરાન જોશી નામના શખ્સો પાસેથી થાઈલેન્ડથી ગાંજો મંગાવ્યો છે. બંને શખ્સોએ ગાંજો લઈને જીયા અને ચેતનને આપ્યો હતો અને તે વેગેનાર કારમાં ચિલોડાથી એરપોર્ટ તરફ જવાના છે. બાતમીના આધારે SOGની ટીમ વોચમાં હતી ત્યારે એક વેગેનાર કાર આવી હતી. SOGએ તેને કોર્ડન કરી લીધી હતી અને યુવક અને યુવતીને બહાર ઉતરવા માટે કહ્યું હતું.કાર ચલાવનાર યુવકનું નામ ચેતન સુભાષચંદ્ર પ્રજાપતિ છે અને તે મુળ રાજસ્થાનના રાજસમદ જીલ્લા નાથદ્વારા તાલુકાના ગુંજોલ ગામનો રહેવાસી છે. ચેતનની બાજુમાં જીયા ઉર્ફે જેશીકા કાલુરામ પ્રજાપતિ બેઠી હતી, જે ગાંજાની હેરફેરની માસ્ટરમાઈન્ડ છે. જીયા નોબલનગર કોતરપુર વોટર વર્કસની પાસે આવેલા ઘનશ્યામનગરમાં



રહે છે.SOGએ જીયા અને ચેતનની અંગજડતી કરી હતી, પરંતુ તેમની પાસે માત્ર મોબાઈલ ફોન મળી આવ્યા હતા. આ બાદ SOGએ કારની ઝડતી કરતા તેમાથી ત્રણ થેલા મળી આવ્યા હતા જેને વારાફરથી ખોલીને જોતા કેટલાક પાર્સલ હતા. પાર્સલમાં ભુખરા રંગની વનસ્પતિ હતી.SOGએ બંનેને વનસ્પતિ મામલે પૂછતા તેમણે હાઈબ્રીડ ગાંજો હોવાની કબૂલાત કરી હતી. બંનેની અટકાયત કરીને તેમને SOGની વડી કચેરીએ લઈને આવ્યા હતા.SOGએ તરત જ એફએસએલના અધિકારીઓને જાણ કરી દીધી હતી. FSLએ આવીને વનસ્પતિનું પરિક્ષણ કર્યુ હતું અને બાદમાં તે હાઈબ્રીડ ગાંજો હોવાનું સામે આવ્યુ હતું. SOGએ વજનકાંટાથી વનસ્પતિનું વજન કરતા તે 22.780 કિલો હોવાનું સામે આવ્યુ હતું. આંતરરાષ્ટ્રીય બજારમાં આ ગાંજાની કિંમત 7.97 કરોડ રૂપિયા થાય છે. FSLના રીપોર્ટ બાદ SOGએ બંનેની પૂછપરછ શરુ કરી હતી. અરમાને જીયાને બેંગકોકથી હાઈબ્રીડ ગાંજાની તસ્કરી કરવાની ઓફર આપી હતીજીયા પ્રજાપતિ નવેમ્બર 2025માં બેંગકોક ગઈ હતી જ્યા તેની મુલાકાત મિલન વઘાસિયા (રહે, સુરત) સાથે થઈ હતી. બંને વચ્ચે મિત્રતા થયા બાદ જીયા બેંગકોકથી અમદાવાદ આવવા માટે નીકળી હતી ત્યારે મિલને તેની મુલાકાત અરમાન જોશી સાથે કરાવી હતી. અમરાન જોશી અમદાવાદનો જ રહેવાસી છે. અરમાને જીયાને બેંગકોકથી હાઈબ્રીડ ગાંજાની તસ્કરી કરવાની ઓફર આપી હતી, પરંતુ જીયાએ ઓફરને ફગાવી દીધી હતી. લાલચમાં આવીને જીયાએ કૌટુંબીક ભાઈને ડ્રગ્સની હેરફેરમાં સામેલ કર્યો અરમાને જીયાને કહ્યુ હતું કે તું મને એવા માણસો આપ કે બેંગકોકથી ગાંજો લઈને આવી શકે. અમરાને જીયાને માણસો ગોઠવી આપવાના બદલામાં કમીશન આપવાની પણ વાત કરી હતી. જીયા અરમાનની લાલચમાં આવી ગઈ હતી અને તેણે પોતાના કૌટુંબીક ભાઈ ચેતન પ્રજાપતિને ડ્રગ્સની હેરફેર માટે સામેલ કર્યો હતો.

# રીજનલ ક્રાઈમ કોન્ફરન્સ: ઈન્ચાર્જ DGPએ અમદાવાદમાં મિલકત સંબંધી ગુના અને ટ્રાફિકની સમસ્યા મુદ્દે વ્યક્ત કરી ચિંતા

• અમદાવાદ

અમદાવાદ પોલીસ કમિશનર ઓફિસે આજે (12મી ફેબ્રુઆરી) રીજનલ ક્રાઈમ કોન્ફરન્સનું આયોજન કરાયું હતું. જેમાં અમદાવાદ પોલીસ કમિશનર, ગાંધીનગર અને અમદાવાદ રેન્જ IG, JCP અને DCP સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. આ કોન્ફરન્સમાં વધતા વાહનવ્યવહારને કારણે થતી ટ્રાફિક સમસ્યાઓ દૂર કરવા અને સાયબર ફ્રોડ ઘટાડવા સહિતની બાબતો પર ચર્ચા થઈ હતી.

ઈન્ચાર્જ DGP કે.એલ. એન રાવએ જણાવ્યું કે, 'આ કોન્ફરન્સમાં વર્ષ 2025ના ક્રાઈમ પ્રોફાઈલ અને જાન્યુઆરી 2026ના ગુનાખોરીના આંકડાઓનું એનાલિસિસ કરવામાં આવ્યું છે. અમદાવાદમાં ગંભીર પ્રકારના ગુનાઓમાં નોંધપાત્ર વધારો થયો છે, પરંતુ તેની સામે પોલીસ દ્વારા ગુનાઓના ડિટેક્શનમાં પણ વધારો જોવા મળ્યો છે. મિલકત સંબંધિત ગુનાઓમાં ડિટેક્શન રેટ




હજુ વધુ સુધારવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે. રાજ્યમાં સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત કરવા માટે 'નેત્રમ' અને ત્રિનેત્રમ પ્રોજેક્ટ હેઠળ ટૂંક સમયમાં જ સમગ્ર ગુજરાતમાં સીસીટીવી કવરેજ વધારવા અંગે ચર્ચા કરવામાં આવી છે.'

આ પણ વાંચો: અમદાવાદમાં નગરદેવી ભદ્રકાળી માતાની ભવ્ય નગરયાત્રાનો રૂટ વધારાયો, આગામી વર્ષથી પરંપરામાં કરાશે ફેરફાર૦

સાયબર ફ્રોડ અંગે તેમણે જણાવ્યું હતું કે, 'સિનિયર સિટીઝન્સ સાયબર ફ્રોડના ગુનાઓનો વધુ ભોગ બનતા હોવાથી તેમનામાં જાગૃતિ ફેલાવવામાં આવશે. સાયબર એક્સપટ્ર્સ અને બેન્ક અધિકારીઓના સંકલનથી મ્યુલ એકાઉન્ટ્સ અંગે કેમ્પેન કરશે. નાર્કોટિક્સ માટે સ્પેશિયલ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. આ ઉપરાંત, પોલીસને વધુ સક્ષમ બનાવવા માટે પ્રથમ તબક્કામાં ૯,૦૦૦ જવાનોની ભરતી પૂર્ણ થઈ છે અને બીજા તબક્કાની ભરતી પ્રક્રિયા પણ ટૂંક સમયમાં પૂર્ણ થશે.'

# જિલ્લા LCB પોલીસે બાઈક ચોરીના આરોપીને ઝડપ્યો:બે ચોરાયેલા બાઈક સાથે 53,000નો મુદ્દામાલ જપ્ત કરાયો

• અમદાવાદ

અમદાવાદ ગ્રામ્ય LCBએ બગોદરા અને મોરબી વિસ્તારમાં થયેલી મોટરસાઈકલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલ્યો છે. પોલીસે એક આરોપીની ધરપકડ કરી તેની પાસેથી બે ચોરાયેલા બાઈક અને અન્ય મુદ્દામાલ જપ્ત કર્યો છે. જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં મોટરસાઈકલ ચોરીના વધતા ગુનાઓને ધ્યાનમાં રાખીને, LCB ઈન્સ્પેક્ટર આર.એન. કરમટીયાના માર્ગદર્શન હેઠળ તપાસ હાથ ધરવામાં આવી હતી. ASI દિલીપસિંહ પરમાર અને HC પૃથ્વીરાજસિંહ સિસોદીયાને મળેલી બાતમીના આધારે એક આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો. પૂછપરછ દરમિયાન આરોપીએ મોટરસાઈકલ ચોરીની કબૂલાત કરી હતી. પોલીસે તેની પાસેથી કુલ બે મોટરસાઈકલ, જેની કિંમત 45,000 છે, અને બે મોબાઈલ ફોન, જેની કિંમત 8,000 છે, એમ કુલ



53,000નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપીને વધુ કાર્યવાહી માટે બગોદરા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.પકડાયેલા આરોપીનું નામ લલિતભાઈ ઉર્ફે લાલો અરજણભાઈ ભીમાભાઈ દેવીપૂજક (ઉંમર 35) છે. તે ભંગારની ફેરીનો ધંધો કરે છે. હાલ તે ધોળકા, સરખેજ રોડ પર મારુતિ સુઝુકી કાર શોરૂમ તન્નુ મોટર સામે ખુલ્લી જગ્યામાં રહે છે, અને મૂળ અલમપર ગામ, ફૂલવાડી, તા. રાણપુર, જિ. બોટાદનો વતની છે.

# સરિતા ઉધાન પાસે અકસ્માતમાં બે જિંદગીનો અંત:ઇન્દ્રોડા કટ પાસે બેફામ સ્પીડે આવતા બૂલેટચાલકે બાઈકને ટક્કર મારી હતી



• ગાંધીનગર

ગાંધીનગરના ઈન્દ્રોડા કટ પાસે 11 ફેબ્રુઆરીની સાંજે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં બે પિતરાઈ ભાઈના મોત નીપજ્યા છે. પૂરપાટ ઝડપે આવતા એક રોયલ એનફિલ્ડ બુલેટના ચાલકે પિતરાઈ ભાઈના બાઈકને જોરદાર ટક્કર મારતા બંને યુવાનના કરુણ મોત નીપજ્યા છે. આ મામલે મૃતક જગદીશસિંહના પિતા જશપાલસિંહ ડાભીએ બુલેટ ચાલક વિરુદ્ધ સેક્ટર-7 પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.ફરિયાદ મુજબ, સેક્ટર-8માં રહેતા નિવૃત્ત જશપાલસિંહ ડાભીનો 40 વર્ષીય પુત્ર જગદીશસિંહ ડાભી અને તેમનો ભાણો ઘનશ્યામસિંહ કનુજી ચાવડા (રહે. સમૌ, માણસા) ગત સાંજે ઈન્દ્રોડા ગામમાં કામ અર્થે ગયા હતા. બાદમાં સાંજે આશરે પોણા સાત વાગ્યે તેઓ બાઈક પર પરત ફરી રહ્યા હતા.

મોંઘી કારમાં દારૂની હેરાફેરી

# સફારીમાં ગાડીની ડેકી, દરવાજા અને બોનેટમાં ખુફિયા ખાના બનાવી લાખોનો દારૂ છુપાવ્યો, નંબરપ્લેટ પણ ખોટી

• અમદાવાદ

ગુજરાતમાં દારૂ બંધી હોવા છતાંય બુટલેગર વિવિધ મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ કરીને દારૂનો જથ્થો અમદાવાદમાં ઘૂસાડી રહ્યા છે. થોડા દિવસ પહેલા હેલ્મેટની આડમાં લાખો રૂપિયાના દારૂનો પર્દાફાશ પીસીબીની ટીમે કર્યો હતો. જ્યારે પાર્સલમાં આવતા દારૂનો ભાંડો પણ ક્રાઈમ બ્રાંચે ફોડ્યો હતો. ગઈકાલે ઝોન 4ની લોકલ ક્રાઈમ બ્રાંચ તેમજ નરોડા પોલીસ સંયુક્ત ઓપરેશ હાથ ધરીને દારૂ ભરેલી સફારી કાર ઝડપી પાડી છે. નંબર પ્લેટ બીજી લગાવીને દારૂની હેરફેર થઈ રહી હતી. સફારી કારમાં અલગ-અલગ જગ્યાએ ચોરખાના બનાવી લાવવામાં આવેલો 2.58



લાખના દારૂ ઝડપી પાડ્યો છે.

પોલીસને બાતમી મળી હતી કે, ટાટા સફારી સ્ટ્રોમ કારમાં દારૂની હેરફેર થઈ રહી છે. બાતમીના આધારે પોલીસની ટીમ વોચમાં હતી, ત્યારે એક ટાટા સફારી કાર આવી રહી હતી. નરોડા ગેલેક્સી સર્કલ પાસે કારને રોકીને સચીન જસબીરસિંહ બાંગડ (રહે ઉદયપુર), વિકાશ રણવીર કશ્યપ (રહે, હરીયાણા) અને અરબાઝ ઈસ્તેખાર અહેમદ (રહે, રખીયાલ) ની ધરપકડ કરી હતી. કારમાંથી પોલીસને લાખો રૂપિયાનો દારૂ મળી આવ્યો છે. મોડીરાતે સાડાત્રણ વાગ્યાની આસપાસ નરોડા ગેલેક્ષી ચાર રસ્તા ખાતે જાહેર રોડ ઉપર આરોપીઓ પાસેથી દારૂનો જથ્થો મળ્યો હતો, જેને દિનેશ નામના વ્યકિતએ મોકલાવ્યો હતો. એકબીજાની મદદગારીથી વગર પાસ પરમીટે પોતાની સફેદ કલરની ટાટા સફારી સ્ટ્રોમ ગાડીમાં દારૂ લાવ્યા હતા.

પોલીસે કારમાં તપાસમાં દરવાજાની અંદર સ્ક્રુ વડે ખોલીને જોતા દરવાજામાંથી દારૂ મળ્યો, ડેકીમાં સ્પેર વ્હીલની જગ્યા પાસેથી, બોનેટમાં એન્જિન પાસેથી એમ કારમાં અલગ-અલગ જગ્યા ચોરખાનું બનાવી લખો રૂપિયાની દારૂ લાવવામાં આવ્યો હતો, જેને પોલીસ ઝડપી પાડ્યો છે.કારની તપાસ કરતા જાણવા મળ્યુ હતું કે, આરોપીઓએ ખોટી નંબર પ્લેટ લાગવી છે. પોલીસે ટાટા સફારી સ્ટ્રોમ ગાડીનો એન્જીન નંબર જોતા તેમજ ચેસીસ નંબર જોયો હતો. બાદમાં ઈ-ગુજકોપ એપ્લીકતેશનમાં સર્ચ કરતા આરટીઓની નંબર પ્લેટ ખોટુ હોવાનું સામે આવ્યુ હતું. ટાટા સફારી સ્ટ્રોમ ગાડીમાં ખોટી નંબર પ્લેટ લગાવી તેનો સાચા તરીકે ઉપયોગ કરી અને ગુનાહીત કાવતરૂ રચ્યુ હતું. પોલીસે આ મામલે ત્રણેયની ધરપકડ કરી તપાસ શરૂ કરી છે. આરોપીઓ પાસેથી પોલીસને 2.58 લાખ રૂપિયાનો દારૂ, બે મોબાઈલ ફોન સહિતનો મુદ્દામલ જપ્ત કર્યો છે.

# શ્વાસનળી અને ધોરી નસો વચ્ચેથી રસ્તો કાઢી ગાંધીનગર સિવિલના તબીબોએ નવજીવન આપ્યું

## વૃદ્ધાના ગળામાંથી 400 ગ્રામની કેન્સરની ગાંઠ કાઢી

• ગાંધીનગર

ગાંધીનગરની GMERS સિવિલ હોસ્પિટલના ENT વિભાગે તબીબી જગતમાં એક વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરી છે. હોસ્પિટલના નિષ્ણાત તબીબોએ 60 વર્ષીય મહિલા દર્દીના ગળામાં રહેલી 12x9 સેમીની મહાકાય કેન્સરગ્રસ્ત ગાંઠને સાડા ચાર કલાકના જટિલ ઓપરેશન બાદ સફળતાપૂર્વક દૂર કરી છે. મહત્વનું છે કે, ખાનગી હોસ્પિટલમાં લાખોનો ખર્ચ માગી લેતી આ સર્જરી સરકારી યોજના હેઠળ તદ્દન મફત કરવામાં આવતા ગરીબ પરિવાર માટે સિવિલના તબીબો દેવદૂત સાબિત થયા છે.પ્રાપ્ત વિગતો અનુસાર આ વૃદ્ધા છેલ્લા કેટલાક સમયથી ગળામાં મોટી ગાંઠની સમસ્યાથી પીડાતા હતા. સિવિલની ENT OPDમાં તપાસ કરતા માલુમ પડ્યું હતું કે આ ગાંઠ થાઈરોઈડ ગ્રંથિની છે અને તેમાં કેન્સરના લક્ષણો છે. ગાંઠનું વજન આશરે 400 ગ્રામ જેટલું હતું અને તેનું કદ એટલું વિશાળ હતું કે તેને કારણે ગળાની અંદરની શ્વાસનળી જમણી બાજુ ખસી ગઈ હતી, જેના પગલે દર્દીનું હિમોગ્લોબિન અત્યંત ઓછું હોવાથી ઓપરેશન પૂર્વે 3 યુનિટ લોહી ચડાવી સ્થિતિ સ્થિર કરવામાં આવી હતી.11 ફેબ્રુઆરીના રોજ ડો. યોગેશ ગજ્જર અને કેન્સર સર્જન ડો. મોહિત કોરાટની ટીમે આ જટિલ સર્જરી હાથ ધરી હતી. આ ઓપરેશનમાં સૌથી મોટો પડકાર દર્દીને બેભાન કરવા માટેની ટ્યુબ નાખવાનો હતો. કારણ કે, ગાંઠને લીધે શ્વાસનળીનો આકાર બદલાઈ ગયો હતો. જોકે એનેસ્થેસિયા વિભાગના ડો. ધારાબેન અને ડો. વિશ્વાબેને ફ્લેક્સિબલ લેરીન્ગોસ્કોપ ટેકનોલોજીનો ઉપયોગ કરી આ પડકારને સફળતાપૂર્વક પાર પાડ્યો હતો.ત્યારે આટલી મોટી જોખમી સર્જરી જો ખાનગી હોસ્પિટલમાં કરાવવામાં આવે તો અંદાજે 1.5થી 2 લાખ રૂપિયાનો ખર્ચ થતો હોય છે, પરંતુ ગાંધીનગર સિવિલમાં આ સર્જરી સરકારની આયુષ્માન ભારત (PMJAY) યોજના અંતર્ગત સંપૂર્ણપણે નિઃશુલ્ક કરવામાં આવી છે. હાલમાં દર્દીની તબિયત સુધારા પર છે અને તેમને ICUમાં ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યા છે.

# ભાજપ બાદ કોંગ્રેસનું મોટું સંગઠન માળખું જાહેર'ત્રણ ઉપપ્રમુખ, છ મહામંત્રી સહિત અનેક હોદ્દેદારોની નિમણૂક

• ગોસા (ઘેડ) તા.૧૨

તાજેતરમાં ભાજપ દ્વારા પોરબંદર જિલ્લાના વિવિધ હોદ્દેદારોની વરણી બાદ હવે કોંગ્રેસે પણ પોતાનું વિશાળ સંગઠન માળખું જાહેર કરી રાજકીય ગરમાવો વધાર્યો છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા તથા પ્રભારી દેવેન્દ્ર યાદવના માર્ગદર્શન હેઠળ પોરબંદર જિલ્લા કોંગ્રેસ સમિતિ તથા વિવિધ મોરચાના હોદ્દેદારોની નિમણૂક જાહેર કરવામાં આવી છે. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રામભાઈ નાથાભાઈ મારુએ વિધિવત યાદી જાહેર કરી હતી.ત્રણ ઉપપ્રમુખોની વરણીપ્રતાભાઈ ઓઘડભાઈ ખીસ્તરીયા, હિતેશભાઈ નાથાભાઈ ઓડેદરા અને શ્રીમતી ગીતાબેન જયેશભાઈ ઓડેદરા ઉપપ્રમુખ તરીકે નિયુક્ત થયા છે.

યોજાશે — બોટાદ જિલ્લાના રાણપુર શહેરમાં નાણબાપુના મેલડીમાં ધામ દ્વારા આજરોજ દ્વિતીય ભવ્ય સમૂહ લગ્નોત્સવ યોજાશે

# રાણપુરમાં નાણબાપુના મેલડી મા ધામ દ્વારા 21 યુગલના સમૂહલગ્ન યોજાયા

## સર્વ જ્ઞાતિના 21 યુગલોએ પ્રભુતામાં પગલાં માંડ્યા,સંતો-આગેવાનોએ આશીર્વાદ આપ્યા,હેલિકોપ્ટર દ્વારા પુષ્પ વર્ષા કરી

• બોટાદ

બોટાદ જિલ્લાના રાણપુર શહેરમાં નાણબાપુના મેલડીમાં ધામ દ્વારા આજરોજ દ્વિતીય ભવ્ય સમૂહ લગ્નોત્સવ યોજાશે.21 દીકરા-દીકરી સમૂહ લગ્નના માધ્યમથી પ્રભુતામાં પગલા માંડ્યા.રાણપુર શહેરમાં પાળીયાદ ત્રણ રસ્તે રવિરાજ હોટલ સામે આ ભવ્ય સમૂહ લગ્નોત્સવ યોજાયા. જેમાં રાત્રે ભવ્ય રાસ-ગરબા યોજાયા જેમાં નામી અનામી કલાકારો દ્વારા રાસ ગરબાની રમઝટ બોલાવી હતી.સમૂહ લગ્નોત્સવમાં મંડપ મુર્હત,ગણેશ સ્થાપન,સંતોના ભુવાજીના સામૈયા,ભોજન પ્રસાદ સહિત ભવ્ય સમુહ લગ્નોત્સવ યોજાયા. સાથે સંતો,ભુવાજી તેમજ રાજકીય આગેવાનો અને સામાજીક આગેવાનો આશીર્વાદ આપવા પધાર્યા હતા.અત્રે ઉલ્લેખનીય છે કે નાણબાપુના મેલડીમાની કૃપાથી મા-બાપ વગરના દીકરા-દીકરી તેમજ જરૂરિયાતમંદ પરિવારની દીકરી ના આ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં મહામંડલેશ્વર 1008 પૂજ્ય કનીરામ બાપુ ,1008 પૂજ્ય રામબાલકદાસ બાપુ,પૂજ્ય આઈશ્રી કંકુ કેસરમાં, ધંધુકા વિધાનસભાના ધારાસભ્ય કાળુભાઈ



ડાભી,DYSP મનિષાબેન દેસાઈ,રાણપુર વેપારી મંડળના પ્રમુખ ઘનશ્યામભાઈ સાવધરીયા, બોટાદ મધુસુદન ડેરીના ચેરમેન ભોળાભાઈ રબારી,સિધ્ધરાજભાઈ રબારી, રાણપુર મામલતદાર કે.બી.ગોહિલ, ધનાભાઈ આલ(ભુવાજી)સહિત અનેક સંતો-ભુવાજી એ 21 યુગલોને આશીર્વાદ આપ્યા હતાવસાથે સમૂહ લગ્નમાં ભાગ લેનાર તમામ દીકરીઓને મોટા પ્રમાણમાં કરિયાવર આપવામાં આવ્યો હતો. એક પણ રૂપિયો લીધા વગર 21 નવદંપતિઓના સમુહ લગ્ન કરવામાં આવ્યા હતા. આ સમૂહ લગ્નનું ભવ્ય આયોજન નાણબાપુના મેલડીમાં ધામ રાણપુરના ભુવાજી ધનાભાઈ આલ ભુવાજી દ્વારા અને સેવક સમુદાય દ્વારા આયોજન કરવામાં આવ્યું હતુ...

રાણપુરમાં પુષ્પ વર્ષા કરવા પહેલીવાર હેલિકોપ્ટર આવતા લોકો જોવા ઉમટી પડ્યા..

રાણપુર શહેરમાં પુષ્પ વર્ષા કરવા માટે સૌપ્રથમવાર પહેલીવાર હેલિકોપ્ટર આવતા લોકો મોટી સંખ્યામાં જોવા ઉમટી પડ્યા હતા. રાણપુર શહેરમાં ભાદર નદીના મધ્યમાં હેલીપેડ બનાવીને ત્યાં હેલિકોપ્ટર ઉતરાણ કર્યું હતુ જે જોવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા રાણપુરમાં નાણબાપુના મેલડીમાના મંદિર દ્વારા યોજાયેલ સર્વજ્ઞાતિના સમૂહ લગ્નમાં પુષ્પ વર્ષા કરવા માટે હેલિકોપ્ટર લાવવામાં આવ્યું હતુ.જેમાં સંતો-મહંતો સાથે નાણબાપુના મેલડીમાના ભુવાજી ધનાભાઈ આલ સહિત સંતોએ અને ભુવાજીએ હેલિકોપ્ટરમાં બેસીને પુષ્પ વર્ષા કરી હતી.આ સમૂહ લગ્નમાં એક ઐતિહાસિક ક્ષણ બની હતી જેમાં રાણપુર શહેર અને પંથકમાં તેમજ ઈતિહાસમાં પહેલીવાર કોઈ સમૂહ લગ્નમાં નવદંપતી ઉપર સંતો દ્વારા હેલિકોપ્ટરથી પુષ્પ વર્ષા કરવામાં આવી હતી. રાણપુર શહેરમાં કુંભારવાડામાં ભાદર નદીમાં હેલિકોપ્ટરનું ઉતરાણ કર્યુ હતુ. હેલિકોપ્ટરમાં સંતો અને ભુવાજી બેસીને સમૂહ લગ્ન સ્થળ પર લગ્નમાં લગ્નગ્રંથિથી જોડાયેલા નવદંપતી ઉપર હેલિકોપ્ટર દ્વારા પુષ્પવર્ષા કરવામાં આવી હતી રાણપુરમાં આ ક્ષણ ઐતિહાસિક બની હતી કારણ કે અગાઉ ક્યાંય પણ સમૂહ લગ્નમાં નવદંપતીઓ ઉપર પુષ્પ વર્ષા કરવામાં આવી હોય તેવું ક્યાંય બન્યું નથી જે રાણપુરમાં આ ક્ષણ બની છે.હજારો લોકો આ ક્ષણને નિહાળવા રાણપુરમાં ઉમટી પડ્યા હતા.અત્રે ઉલ્લેખનીય છે કે ત્રણ વખત મેલડીમાના મંદિર ઉપર તેમજ સમૂહ લગ્ન સ્થળ પર સતત પુષ્પ વર્ષા કરવામાં આવી હતી..તસવીર:વિપુલ લુહાર,રાણપુર

સુનિયોજિત ષડયંત્ર હેઠળ લાખો સાચા મતદારોના મત અધિકારને છીનવવાનો પ્રયાસ થયો છે:શ્રી અમિતભાઈ ચાવડા

# ચૂંટણીપંચ ક્યારેક ૧૨.૫૯ લાખ, ક્યારેક ૯.૫ લાખ અને ક્યારેક ૧.૮૩ લાખ ફોર્મ-૭ ના આંકડા કેમ આપે છે ?:શ્રી અમિતભાઈ ચાવડા

અમિતભાઈ ચાવડા — ચૂંટણીપંચને અનેકવાર માંગ કરવા છતાં વિગતોને કેમ છુપાવવામાં આવી રહી છે ? : શ્રી અમિતભાઈ ચાવડા

ભાજપના કાર્યકરો પાસે લાખોની સંખ્યામાં ફોર્મ-૭ કેવી રીતે આવ્યા ? : શ્રી અમિતભાઈ ચાવડાખેડા જિલ્લામાં ૧,૩૫,૧૭૪ ફોર્મ-૭ આવ્યા હતા તેમાં ૧,૦૨૫ સ્વિકારાયા જ્યારે આણંદ જિલ્લામાં કુલ ૬૯,૦૫૭ ફોર્મ-૭ આવ્યા હતા તેમાં માત્ર ૭૪૭ સ્વિકારાયા : શ્રી અમિતભાઈ ચાવડા

થપ્પાબંધ ફોર્મ-૭ ચૂંટણી પંચમાં કોને જમા કરાવ્યા ? તેની વિગત આપો- સી.સી.ટી.વી. ફુટેજ જાહેર કરો: શ્રી અમિતભાઈ ચાવડા

જે ચૂંટણી અધિકારીઓની મીલીભગતથી મતદારોના મતદાનનો અધિકાર છીનવવાનો પ્રયાસ થયો છે તેમને છોડવામાં નહીં આવે : શ્રી અમિતભાઈ ચાવડા

ખોટા ફોર્મ-૭ રજુ કરનાર ભાજપના મળતિયાઓ પર ભારત ન્યાય સહિતા મુજબ ફોજદારી કાર્યવાહી કરો: શ્રી અમિતભાઈ ચાવડા

રાજીવ ગાંધી ભવન ખાતે વિશેષ પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિતભાઈ ચાવડાએ ભાજપ અને ચૂંટણી પંચની મિલીભગતના લીધે લાખો નાગરિકોના વોટ ચોરી ને ઉજાગર કરી હતી. વારંવાર અનેક વખતે લોકસભા વિપક્ષના નેતા શ્રી રાહુલ ગાંધી દ્વારા વોટ ચોરીના મુદ્દા ને ઉજાગર કરવામાં આવ્યા હતા તેમ ગુજરાત કોંગ્રેસ દ્વારા નવસારી લોકસભાની વોટ ચોરી ના ઉદાહરણ આપી ગુજરાતમાં ૧૨% થી વધુ એટલે ૬૨ લાખ જેટલા મતદારો શંકાસ્પદ હોય તેવો દાવો કર્યો હતો. જ્યારે ગુજરાત રાજ્યમાં એસ.આઈ.આર. (SIR) ની ડિસેમ્બર માં ડ્રાફટ યાદી પ્રસિદ્ધ કરવામાં આવી હતી ત્યારે ૭૪ લાખ જેટલા મતદારો રદ કરવામાં આવ્યા હતા. ખોટા મતદારના ફોર્મ ૭ માટે ચૂંટણી પંચ દ્વારા ૧૮ જાન્યુઆરી સુધીની તારીખ આપવામાં આવી હતી. ચૂંટણીપંચ પાસે ૧૫ જાન્યુઆરી સુધી નહિવત ફોર્મ ૭ આવ્યા હતા અચાનક રાતોરાત જાદુ નથી થયો, સુનિયોજિત ષડયંત્ર હેઠળ લાખો સાચા મતદારોના મત અધિકારને છીનવવાનો પ્રયાસ થયો છે. ચૂંટણી પંચ દ્વારા સહુ પ્રથમ ૧૨,૫૯,૨૨૯ ફોર્મ ૭ના વાંધા આવ્યાની વાત કરવામાં આવી હતી ત્યારબાદ ૯.૫૦ લાખથી વધુ ફોર્મ આવ્યા હતા તેવી વાત કરી હતી અને છેલ્લે ૧.૮૩,૨૩૫ ફોર્મના વાંધા મળ્યા છે તેવી જાહેરાત કરવામાં આવી હતી. કાંગ્રેસ પક્ષ દ્વારા ફોર્મ ૭ના મુદ્દે અનેકવાર રજૂઆતો કર્યા બાદ વિગતોને છુપાવવામાં આવી હતી.

ભાજપના કાર્યકરો પાસે લાખોની સંખ્યામાં ફોર્મ ૭ કેવી રીતે આવ્યા તે સવાલ છે? લાખોની સંખ્યામાં કમલમ કાર્યાલયએ પ્રિન્ટેડ ફોર્મ ૭ કયા અધિકારીઓની સહી થી પહોચ્યા હતા? થપ્પાબંધ ફોર્મ ૭ કોને ચૂંટણી પંચમાં જમા કરાવ્યા તેની વિગત આપવા અને તેના સીસીટીવી ફૂટેજ જાહેર કરવા માંગ કરી હતી. જેમના નામે ફોર્મ ૭ જમા થયા તે વાત થી અજાણ હોય તેવી વાતો સામે આવી, કેટલાક ભાજપના મળતીયાઓ દ્વારા ખોટી સહીઓ કરવામાં આવી, ક્યાંક કમલમ થી આદેશ હતો તેવા ઓડિયો સામે આવ્યા એટલે ભાજપના કાર્યકરો દ્વારા ફોર્મ ૭ ભરવા આવ્યા હતા. ભાજપના અરજદારો દ્વારા ચૂંટણી પંચના મેણાપીપણાથી પુરાવા વગર, ખોટી સહીઓ,ખોટા અરજદારો ઊભા કરીને, ખોટા સરનામા સાથે થપ્પાબંધ ફોર્મ સ્વીકારવામાં આવ્યા હતા. મતદાર યાદી પારદર્શક હોવી જોઈએ ત્યારે ચૂંટણી પંચ સરકારની કટપુતળીની જેમ તેના ઈશારે કામ કરે છે. ચૂંટણી પંચ ખોટા ફોર્મ ૭ મુદ્દે ખોટા વાંધા રજૂ કરનાર ઉપર ફોજદારી તો નથી કરતું પણ સિદ્ધપુરમાં એક મતદાર શંકાસ્પદ હોવાની શંકા ઉપર ફોજદારી કાર્યવાહી કરી નાખી.ગુજરાત કોંગ્રેસના કાર્યકરો દ્વારા રેલીઓ, ધરણા યોજી, ઘર ઘર જઈ ને સુનિયોજિત ષડયંત્રને ખુલ્લી પાડવાનું કામ કર્યું છે. એક પણ સાચા મતદારોનું નામ કોંગ્રેસ રદ્દ થવા નહીં દે. કાયદા અને ભારત ન્યાય સંહિતા મુજબ ખોટા ફોર્મ ૭ ભરવા તે ફોજદારી ગુનો બને છે ત્યારે કમલમ કાર્યાલયના આદેશથી જે વ્યક્તિઓએ દ્વારા સુનિયોજિત ષડયંત્રના ગુનેગારો સામે ફોજદારી કાર્યવાહી થવી જોઈએ.

# જસ્સી દે પરાઠે પાસે તસ્કરોનો તરખાટ:નશાબંધી ક્લાર્કની ગાડીનો કાચ તોડી દાગીના-રોકડ મળીને 5 લાખની મત્તા ચોરીને ફરાર

• ગાંધીનગર

ગાંધીનગરના કુડાસણમાં ટ્રાફિકથી ધમધમતા રક્ષા શક્તિ સર્કલ પાસેના રાધે ઈન્ફિનિટી કોમ્પ્લેક્ષ નજીક નશાબંધી અને આબકારી કચેરીના ક્લાર્કની કારનો કાચ તોડી તસ્કરો પાંચ સોનાની વીંટી અને મંગળસૂત્ર સહિત 5 લાખની મત્તા ચોરીને ફરાર થઈ જતા ઈન્ફોસિટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.ચાંદખેડામાં સાળીના લગ્ન પતાવી પરત ફરી રહેલા પરિવારને કુડાસણમાં જસ્સી દે પરાઠેમાં પરાઠા ખાવા ભારે પડી ગયા છે. અમદાવાદના સૈજપુર બોઘા વિસ્તારમાં રહેતા અને ગાંધીનગર સેકટર-10માં નોકરી કરતા વિનયભાઈ સુતરીયા 8 ફેબ્રુઆરીના રોજ ચાંદખેડા ખાતે સાળીના લગ્નમાં ગયા હતા.જસ્સી દે પરાઠે હોટલમાં જમવા માટે ગયા હતા બાદમાં લગ્ન પૂર્ણ કરી સાંજે સાતેક વાગે તેઓ પત્ની અને બાળકો સાથે ગાંધીનગર આવ્યા હતા. જ્યાં કુડાસણના રાધે ઈન્ફિનિટી કોમ્પ્લેક્ષ સામે ખુલ્લી જગ્યામાં પોતાની ફ્રોંક્સ ગાડી પાર્ક કરી તેઓ જસ્સી દે પરાઠે હોટલમાં જમવા માટે ગયા હતા. જોકે જમવામાં વેઈટિંગ હોવાથી



પરિવાર થોડીવાર મોલમાં ફરવા ગયો હતો.

ત્યારબાદ હોટલમાંથી ફોન આવતા તેઓ જમવા બેઠા હતા. પરંતુ જ્યારે પરિવાર પરત ફર્યો ત્યારે ગાડીનો પાછળનો કાચ તૂટેલો જોઈને ચોંકી ઉઠ્યા હતા. જે અંગે તપાસ કરતા જણાયું હતું કે, કારની પાછળની સીટમાં મુકેલું લેડીઝ પર્સ ગાયબ હતું. આ પર્સમાં 1 હજાર રોકડા તેમજ આશરે 35 ગ્રામ સોનાના દાગીના હતા.જેમાં પાંચ લાખ 14 હજારની કિંમતની 5 સોનાની વીંટીઓ અને એક સોનાનું મંગળસૂત્ર હતું. જેના પગલે વિનયભાઈએ આસપાસમાં તપાસ કરી હતી.પરંતુ બેગના કોઈ સગડ મળ્યા નહોતા. આખરે આ અંગે તેમણે ઈન્ફોસિટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

# ખાનગી વિધેયકોની અગ્રતા માટે બેલેટ પરિણામ જાહેર :પીડિતોની સારવાર ફંડ વિધેયક ટોપ પર, જળ પ્રદૂષણ પાંચમા ક્રમે

• ગાંધીનગર

ગુજરાત વિધાનસભામાં ખાનગી વિધેયકોની અગ્રતા નક્કી કરવા માટે યોજાયેલી બેલેટ પ્રક્રિયાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. વિધાનસભા નિયમ 140(ક) મુજબ ગૃહમાં કાર્યવાહી માટે 10 ફેબ્રુઆરીએ બેલેટ દ્વારા ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીના આધારે કયા ખાનગી વિધેયકને પહેલાં ચર્ચા અને રજૂઆતની તક મળશે તે નક્કી કરવામાં આવ્યું છે.બેલેટ પરિણામ મુજબ પીડિતોની સારવાર માટે વિશેષ ફંડ ઉભું કરવાની જોગવાઈ કરતું ખાનગી વિધેયક પ્રથમ ક્રમે આવ્યું છે, જેને ગૃહમાં અગ્રતા મળશે. આ વિધેયકને લઈને સદસ્યોમાં ખાસ રસ જોવા મળ્યો હતો. બીજી તરફ જળ પ્રદૂષણ નિવારણ સંબંધિત વિધેયક પાંચમા ક્રમે રહ્યું છે, જ્યારે બેરોજગારોને ભથ્થું આપવા બાબતનું ખાનગી વિધેયક નવમા ક્રમે રહ્યું છે.વિધાનસભા સત્ર દરમિયાન વિવિધ ધારાસભ્યો દ્વારા અનેક



મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ખાનગી વિધેયકો રજૂ કરવા પ્રસ્તાવ આવ્યા હતા. તેમાં કેન્સર અને ડ્રગ્સ વ્યસન મુક્તિ માટેનું વિધેયક ડો. હસમુખ પટેલ દ્વારા રજૂ કરાયું છે. ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક અને બેરોજગારી ભથ્થા સંબંધિત વિધેયક ઈમરાન ખેડાવાલા દ્વારા રજૂ કરાયા છે. રમતવીર પ્રોત્સાહન વિધેયક હાર્દિક પટેલ દ્વારા રજૂ કરવામાં આવ્યું છે, જ્યારે આરોગ્યનો અધિકાર વિધેયક અર્જુન મોઢવાડિયાએ રજૂ કર્યો છે.જળ પ્રદૂષણ નિવારણ વિધેયક અમિત શાહ દ્વારા રજૂ કરાયું છે.

# માણસામાં આંગણવાડી કાર્યકરોની રેલી, મામલતદારને આવેદનપત્ર:ઓનલાઈન કામગીરી બંધ કરવા, વેતન વધારવા સહિત 18 માંગણીઓ




• ગાંધીનગર

રાજ્યભરમાં પોતાની વિવિધ માંગણીઓને લઈને આંગણવાડી કાર્યકરો દ્વારા રજૂઆતો કરવામાં આવી રહી છે.તેના ભાગરૂપે આજે માણસા તાલુકામાં ફરજ બજાવતી આંગણવાડી કાર્યકરોએ રેલી યોજી હતી. આ રેલી માણસા મામલતદાર કચેરી પહોંચી હતી, જ્યાં સૂત્રોચ્ચાર કરીને મામલતદારને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું.ગુજરાત આંગણવાડી કાર્યકરો દ્વારા આયોજિત આ રેલીમાં કુલ 18 જેટલી માંગણીઓ રજૂ કરવામાં આવી હતી. મુખ્ય માંગણીઓમાં ઓનલાઈન કામગીરી બંધ કરવી અને સરકાર દ્વારા હાઈકોર્ટના હુકમ મુજબ મહેનતાણું આપવાનો સમાવેશ થાય છે. આંગણવાડી કાર્યકરોએ જણાવ્યું હતું કે સરકારની વિવિધ ઓનલાઈન સેવાઓને કારણે તેઓ બાળકો પર પૂરતું ધ્યાન આપી શકતા નથી.

જન આક્રોશ સભામાં યુવાનો, ખેડૂતો, મહિલાઓ, આદિવાસીઓ, વેપારીઓના પ્રશ્નો સહિત ગુજરાતના અનેક પ્રાણ પ્રશ્નોને વાચા આપવામાં આવશે : શ્રી અમિતભાઈ ચાવડા

# બજેટ સત્રની શરૂઆતમાં ગુજરાતની જનતાના ન્યાય માટે કોંગ્રેસ ૧૬મી ફેબ્રુઆરીએ યોજશે 'જન આક્રોશ સભા'

જનતાના પ્રશ્નો, સમસ્યાઓ, પીડાઓના આક્રોશને બુલંદ અવાજે ઉઠાવશું : શ્રી અમિતભાઈ ચાવડારાજીવ ગાંધી ભવન ખાતે વિશેષ પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, આગામી ૧૬ ફેબ્રુઆરીથી બજેટ સત્ર મળવા જઈ રહ્યું છે ત્યારે ગુજરાતની જનતાનો આક્રોશ, પીડાઓ, દર્દ, સમસ્યાઓને ઉજાગર કરવા માટે, જનતાના અવાજને બુલંદ અવાજે ઉઠાવવા માટે ગાંધીનગર ખાતે ૧૬ ફેબ્રુઆરીએ 'જન આક્રોશ સભા'નું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર ખાતે બપોરે ૧.૦૦ કલાકે ૧૬ ફેબ્રુઆરીના રોજ જન આક્રોશ સભામાં યુવાનો, ખેડૂતો, મહિલાઓ, નાના વેપારીઓ, લારી ગલ્લા, પાથરણાવાળા, આદિવાસીઓ, દલિતો, બક્ષીપંચ સમાજ, કામદારોના પ્રશ્નો સહિત સમગ્ર ગુજરાતના પ્રાણપ્રશ્નોને વાચા આપવામાં આવશે.વધુમાં શ્રી અમિતભાઈ ચાવડા દ્વારા ડબલ એન્જિનની સરકાર ઉપર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે દિલ્લીનું એન્જિન મોંઘવારી વધારે છે ત્યારે ગુજરાતના એન્જિન ભ્રષ્ટાચારમાં બેફામ વધારો કરે છે. કમૌસમી વરસાદથી પીડિત ખેડૂતો માટે સૌરાષ્ટ્રમાં ૧૧૦૦ કિલોમીટરની સોમનાથ થી દ્વારકા સુધીની કિસાન આક્રોશ યાત્રા યોજવામાં આવી હતી. ત્યારબાદ ઉત્તર ગુજરાતમાં ઢીમા થી બહુચરાજી ની ૧૩૦૦ કિલોમીટર જન આક્રોશ યાત્રા યોજવામાં આવી હતી. મધ્ય ગુજરાતમાં ફાગવેલ થી કંબોઈ ગામ સુધીની ૧૪૦૦ કિલોમીટરની જન આક્રોશ યાત્રા યોજવામાં આવી હતી. હાલમાં દક્ષિણ ગુજરાતમાં કપરાડા થી ડેડિયાપાડા સુધીની ૧૧૦૦ કિલોમીટરની જનઆક્રોશ યાત્રા જેનું સમાપન ૧૩ ફેબ્રુઆરીના રોજ ડેડિયાપાડા થશે. સમગ્ર ગુજરાતમાં અનેક પ્રજાના પ્રશ્નો, પીડાઓ યાત્રા દરમિયાન સામે આવી હતી. ગુજરાતના ખેડૂતો દેવાદાર બન્યા છે તેમના દેવા સંપૂર્ણ માફ થાય તેવી માંગ કોંગ્રેસે ઉપાડી છે. ખેડૂતો ખાતરની તંગી થી પરેશાન છે. ખેડૂતો વીજ કંપનીઓ ની દાદાગીરી થી પરેશાન છે જબરદસ્તી ખેડૂતો ના ખેતરોમાં વીજળીના થાંભલા ઊભા કરી દીધા છે. જમીન સંપાદનમાં ખેડૂતો અન્યાય થી પરેશાન છે. ગુજરાત ના યુવાનોનું ફિક્સ પે, કોન્ટ્રાક્ટ અને આઉટ સોર્સિંગ પ્રથા થી શોષણ કરવામાં આવી રહ્યું છે તે પ્રથા નાબૂદીની માંગ કોંગ્રેસ ઉઠાવી રહી છે. દરેક કામદારને સમાન કામ સમાન વેતન મળે તેની લડાઈ કોંગ્રેસ લડતી રહેશે. દારૂની બદી થી ગુજરાતની મહિલાઓ ખૂબ જ પરેશાન તેમનો આક્રોશ દરમિયાન સાંભળવા મળ્યો છે. ડ્રગ્સથી યુવાધન બરબાદ ના થાય તે ચિંતા કરવાની ખુબજ જરૂર છે. શૈક્ષણિક સંસ્થાઓ આસપાસ ડ્રગ્સ પેડલરો બેફામ થયા હોય તેવી ફરિયાદો ઉઠી છે. ગુજરાત ડ્રગ્સ લેન્ડિંગ હબ, મેન્યુફેક્ચરિંગ હબ, હોલસેલ હબ, રિટેલ હબ અને હવે ટ્રાન્ઝિટ હબ બની ગયું છે.

દેવાધિદેવ મહાદેવ

# ભગવાન શંકરના વિવિધ નામોમાં એક નામ મહાદેવ પણ છે. મહાદેવ એટલે દરેક દેવોમાં સૌથી મોટા દેવ.ભગવાન શંકર સર્વ દેવોના દેવ છે

ભગવાન શંકરના વિવિધ નામોમાં એક નામ મહાદેવ પણ છે. મહાદેવ એટલે દરેક દેવોમાં સૌથી મોટા દેવ. ભગવાન શંકર સર્વ દેવોના દેવ છે એથી દેવાધિદેવ તરીકે પણ ઓળખાય છે. ભગવાન વિષ્ણુ તથા બ્રહ્માજી પણ ભગવાન શિવનું નેતૃત્વ સ્વીકારતાં હતાં અને કટોકટીના સમયે શંકરદાદાનું જ શરણ શોધતાં હતાં એવો શાસ્ત્રોમાં ઉલ્લેખ જોવા મળે છે. શિવરાત્રીના દિવસે શિવાલયોમાં વિશિષ્ટ પૂજા અર્ચના કરવામાં આવે છે અને મંદિરો શણગારવામાં આવે છે. શિવજીના દર્શન કરવા માટે ભક્તજનોની લાંબી કતારો લાગે છે. શિવરાત્રીના દિવસે ઘણાં ભાવિક ભકતો ઉપવાસ રાખી માત્ર ફળાહાર જ કરે છે. તમામ દેવોમાં ફક્ત મહાદેવજી જ સૌથી ભોળા અને દયાળું છે અને બહુ જલ્દીથી રીઝી જતાં દેવ છે. મહાદેવને માત્ર દૂધ અને પાણી ચઢાવો તો પણ રીઝી જાય છે. ભગવાન શંકરને બીલીપત્ર અતિ પ્રિય છે અને એમાં પણ જો ત્રિદલ બીલીપત્ર ચઢાવીએ તો તેઓ અતિ પ્રસન્ન થાય છે. આ ઉપરાંત શિવજીને ધંતૂરો તથા કેવડો પણ ચઢી શકે છે.ગંગાજી જ્યારે પૃથ્વી પર અવતરવા તૈયાર થયાં,ત્યારે ગંગાજીએ રાજા ભગીરથને જણાવ્યું કે, હું સ્વર્ગમાંથી પૃથ્વી ઉપર અવતરીશ તો મારી પ્રચંડ જલધારાને કારણે સીધી પાતાળમાં પહોંચી જઈશ, માટે તમો કોઈ એવા દેવની શોધ કરો કે, જે મારી પ્રચંડ જલધારાને ઝીલી શકે.આ સાંભળીને ભગીરથ રાજાએ તરતજ હિમાલય ઉપર જઈને મહાદેવજીને ગંગાજીની અતિ પ્રચંડ જલધારાને ઝીલવા માટે પ્રાર્થના કરી. ભગીરથ રાજાની વિનંતી માન્ય રાખીને મહાદેવજીએ પોતાની વિશાળ જટા ખોલી નાંખી અને ગંગાજીને પોતાની જટામાં આવવા માટેનું આહ્વાન આપ્યું. શિવજીનો આદેશ સાંભળીને ગંગાજીએ તરતજ એમની પ્રચંડ અને વેગવાન જલધારા શિવજીની જટા ઉપર કરી અને ગંગાજીને ભગવાન શંકરે પોતાની લાંબી અને વિશાળ જટામાં ઝીલી લઈને તરતજ જટાને બાંધી દીધી અને ગંગાજીને આજ્ઞા કરી કે ભગિરથ રાજાનો રથ જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં તમારે તે રથની પાછળ પાછળ જવાનું છે.આ પ્રસંગથી મહાદેવ ગંગનાથ કે ગંગાધર તરીકે પણ ઓળખાવા લાગ્યા છે. દેવો અને દાનવો વચ્ચે જે સમુદ્ર મંથન થયું એમાં ઘણાં કિંમતી રત્નો, ઐરાવત હાથી, પાંચજન્ય શંખ્ સાક્ષાત લક્ષ્મીજી તથા અમૃત જેવી સામગ્રી પ્રાપ્ત થઈ અને દરેકે પોતપોતાની મરજી મુજબ તે વસ્તુઓ રાખી લીધી. છેલ્લે કાલકૂટ નામનો હળાહળ વિષથી ભરેલો કટોરો નિકળ્યો અને સૌ વિષ નિરખીને આઘાપાછા થવા લાગ્યાં ત્યારે ભગવાન શંકરે હળાહળ વિષથી ભરેલો એ કટોરો પી લીધો અને ગળામાં જ વિષ અટકાવી દીધું, આથી એમનું ગળું નીલા રંગનું થઈ ગયું તેથી એમનું અન્ય એક નામ નીલકંઠ પડ્યું. શંકર ભગવાન એટલાં ભોળા હતાં કે એમને ભોળાનાથ, ભોલેશ્વર કે ભોલેનાથ તરીકે પણ ઓળખવામાં આવે છે.ભગવાન શિવે મહિષાસુર, તારકાસુર, ભસ્માસુર, બાણાસુર તથા લંકાપતિ રાવણને પણ વરદાન આપ્યાના દાખલા પુરાણોમાં મોજૂદ છે.મહાદેવ મોટાભાગે લીંગ સ્વરૂપે જ પૂજાય છે, ભાગ્યેજ કોઈ સ્થળે મૂર્તિ સ્વરૂપે પૂજાય છે. શિવજીને નૃત્ય પસંદ હોવાથી નટરાજ તરીકે પણ ઓળખાય છે. જ્યારે દક્ષ પ્રજાપતિના યજ્ઞમાં દેવી પાર્વતીનું તથા ભગવાન શિવનું અપમાન થતાં દેવીએ યજ્ઞવેદીમાં પ્રાણની આહુતિ આપી દીધાના સમાચાર સાંભળીને શિવજીએ ક્રોધાવેશમાં આવીને ભયંકર તાંડવનૃત્ય કર્યું હતું.રાવણ રચિત શિવ તાંડવ સ્તોત્ર તથા ગાંધર્વ પુષ્પદંત રચિત શિવ મહિમ્ન સ્તોત્ર આજે પણ લોકો હોંશે હોંશે ગાય છે અને સાંભળે છે.શિવજીને કોઈ શોભા, સાજ, શણગાર કે વસ્ત્રાલંકાર પસંદ નથી. મહાદેવજી આખા શરીરે ભસ્મ ચોપડે છે અને શરીર ફરતે વ્યાઘચર્મ વિંટાળે છે.શિવજીના કરાલ ભાલમાં ત્રીજું નેત્ર દૈદિપ્યમાન લાગે છે અને આ કારણે શિવને ત્રિનેત્ર અથવા ત્રિલોચન તરીકે ઓળખવામાં આવે છે.ભગવાન શંકર જ એક એવા દેવ છે કે એમનો સમગ્ર પરિવાર તથા વાહનો પણ પૂંજાય છે.

**સોના-ચાંદી** સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 12335.46 કરોડનાં કામકાજ: બુલિયન ઇન્ડેક્સ બુલડેક્સ વાયદો 39289 પોઇન્ટના સ્તરે

# એમસીએક્સ પર સોનાના વાયદામાં રૂ.793, ચાંદીમાં રૂ.3779 અને ક્રૂડ તેલના વાયદામાં રૂ.47ની નરમાઇ

## કોમોડિટી વાયદાઓમાં રૂ.18149.93 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.108692.87 કરોડનું ટર્નઓવર

• મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.126846.23 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.18149.93 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.108692.87 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો 39289 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.2344.35 કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 12335.46 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો 10 ગ્રામદીઠ રૂ.158000ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.158747 અને નીચામાં રૂ.157700ના સ્તરને સ્પર્શી, રૂ.158755ના આગલા બંધ સામે રૂ.793 ઘટી રૂ.157962ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો 8 ગ્રામદીઠ રૂ.275 ઘટી રૂ.128952 થયો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો 1 ગ્રામદીઠ રૂ.19 ઘટી રૂ.16159 થયો




હતો. સોનું-મિની માર્ચ વાયદો 10 ગ્રામદીઠ રૂ.675 ઘટી રૂ.155910ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન ફેબ્રુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.159079ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.159480 અને નીચામાં રૂ.158148ના મથાળે અથડાઈ, રૂ.159234ના આગલા બંધ સામે રૂ.429 ઘટી રૂ.158805 થયો હતો.ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.261361ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.262775 અને નીચામાં રૂ.258730ના મથાળે અથડાઈ, રૂ.263018ના આગલા બંધ સામે રૂ.3779 ઘટી રૂ.259239ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.3366 ઘટી રૂ.266629ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.3308 ઘટી રૂ.266587ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.બિનલોહ ધાતુઓમાં રૂ. 3460.03 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ફેબ્રુઆરી વાયદો રૂ.5.8 વધી રૂ.1253.7 થયો હતો. જસત ફેબ્રુઆરી વાયદો 25 પૈસા વધી રૂ.329.2ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો રૂ.1.2 વધી રૂ.315.05ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ફેબ્રુઆરી વાયદો 10 પૈસા ઘટી રૂ.189.85ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.એનર્જી સેગમેન્ટમાં રૂ. 2356.43 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ફેબ્રુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.3539ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.3539 અને નીચામાં રૂ.3441ના મથાળે અથડાઈ, રૂ.43 ઘટી રૂ.3469 થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો બેરલદીઠ રૂ.5883ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.5904 અને નીચામાં રૂ.5824ના મથાળે અથડાઈ, રૂ.5896ના આગલા બંધ સામે રૂ.47 ઘટી રૂ.5849ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.48 ઘટી રૂ.5850ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.6 વધી રૂ.294.5 થયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.6.1 વધી રૂ.294.6 થયો હતો.કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.959ના ભાવે ખૂલી, રૂ.2.9 વધી રૂ.969.5 થયો હતો. કોટન ફેબ્રુઆરી વાયદો રૂ.250 ઘટી રૂ.25660 થયો હતો. એલચી ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.2600ના ભાવે ખૂલી, રૂ.10 ઘટી રૂ.2600ના સ્તરે પહોંચ્યો હતો.કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. 7190.81 કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. 5144.65 કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. 2637.04 કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. 179.60 કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. 11.53 કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. 631.86 કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. 13.54 કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. 890.28 કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. 1452.61 કરોડનાં કામ થયાં હતાં.

ડ્રગ્સ અને જમીન દલાલને મળ્યો, 2-3 ટાર્ગેટ પણ નક્કી કરી લીધા હતા

# રાજસ્થાનમાં એન્કાઉન્ટરના ડર લાગતા અમન બચ્ચા અમદાવાદ આવ્યો:અહીં ગુનાહિત નેટવર્ક શરૂ કરવા વેપન

**ધરપકડ** અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે રાજસ્થાનના કુખ્યાત અમન ઉર્ફે બચ્ચાની ધરપકડ કરી હતી

• અમદાવાદ

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે રાજસ્થાનના કુખ્યાત અમન ઉર્ફે બચ્ચાની ધરપકડ કરી હતી.અમન રાજસ્થાનના 20થી વધુ ગંભીર ગુનાનો આરોપી છે.અમનને રાજસ્થાનમાં હવે ગેંગ ચલાવતા એન્કાઉન્ટર થાય તેવો ડર હતો જેના કારણે અમદાવાદમાં નેટવર્ક શરૂ કરવા માટે આવ્યો હતો.અમન, લોરેન્સ બિશ્નોઈના સંપર્કમાં હતો.બે દિવસમાં અમન નવી ગેંગ શરૂ કરવા માટે અલગ અલગ ડીલરને મળ્યો પણ હતો અને બે ત્રણ ટાર્ગેટ પણ નક્કી કર્યા હતા.જોકે ક્રાઈમ બ્રાન્ચે કોઈ ગુનાને અંજામ આપે તે પહેલા જ ધરપકડ કરી લીધી છે.અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ




આઈ.એન ઘાસુરા અને તેમની ટીમે 10 ફેબ્રુઆરીની વહેલી સવારે રાજસ્થાનના કુખ્યાત ગેંગસ્ટર રવિ ગોદારા ગેંગના અમન ઉર્ફે બચ્ચાની ધરપકડ કરી હતી. અમનની સાથે તેનો સાગરિત સુહેબ પણ ઝડપાયો હતો.આ બંને બે દિવસથી અમદાવાદમાં આવ્યા હતા.અમન અમદાવાદમાંથી પોતાનું નવું નેટવર્ક શરૂ કરી અહીંથી જ નેટવર્ક ચલાવવા માટે આવ્યો હતો.નવું નેટવર્ક ઊભું કરવા માટે અમન અમદાવાદમાં વેપન ડીલર, ડ્રગ્સ ડીલર અને જમીન દલાલને મળ્યો હતો.અમદાવાદમાં જમીનનું મોટાપાયે કામકાજ શરૂ કરવાનો પણ અમનનો પ્લાન હતો. અમદાવાદમાંથી જ નવા છોકરાઓ ગેંગ માટે કામ કરે તેની પણ શોધખોળ કરતો હતો,આ માટે કેટલાક લોકોને પણ મળ્યો હતો.અમનના સગા અમદાવાદમાં રહે છે તેમની પણ હાલ તપાસ ચાલી રહી છે.અમન છેલ્લા 6 વર્ષથી જેલમાં હતો.એક મહિના અગાઉ જ તે જામીન પર બહાર આવ્યો છે.અમન જેલમાં હતો ત્યારે પણ નેટવર્ક ચાલુ જ હતું. અમનની ગેંગના કેટલાક લોકો દ્વારા અમનના નામના ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી લોકો પાસેથી ખંડણી લેવામાં આવતી હતી.અમન લોરેન્સ બિશનોઈના પણ સંપર્કમાં હતો.અમન અમદાવાદમાં બે દિવસ રોકાયો ત્યારે જેને મળ્યો તે તમામની ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. અમને કોઈ ડીલ કરી છે કે કેમ તેની તપાસ કરવામાં આવી રહી છે.અમન અમદાવાદમાં કોઈ ગુનાને અંજામ આપે તે પહેલા જ ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ તો કરી લીધી છે પરંતુ હાલ તે જેના સંપર્કમાં હતો તેની તપાસ ચાલી રહી છે જે પૂર્ણ થતા અનેક મોટા ખુલાસા થઈ શકે છે.અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે વાસણા વેજલપુર રોડ પરથી રાજસ્થાનની કુખ્યાત ગેંગના અમન ઉર્ફે બચ્ચા અને સુહેબ ઉર્ફે ચિન્ટુ પઠાણની ધરપકડ કરી છે. બંનેને પકડવા ક્રાઈમ બ્રાન્ચનું 7 કલાક સુધી ઓપરેશન ચાલ્યું હતું. જેમાં ગેંગસ્ટરને એક પીઆઈ સહિત 6 પોલીસકર્મીની ટીમે ઝડપી પાડ્યા હતા. હાલ બંનેને કોટા પોલીસને સોંપવામાં આવ્યા છે.

# ગિરનારની ગોદમાં બિરાજમાન ભવનાથ મહાદેવના સાંનિધ્યમાં મહાશિવરાત્રીના મિની કુંભ મેળાનો ભવ્ય પ્રારંભ

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ભક્તિભાવ સાથે ભરડાવાવથી ભવનાથ મંદિર સુધી પદયાત્રા કરી હતી

• રિપોર્ટર રામભાઈ બી કડછા

ગિરનારની ગોદમાં બિરાજમાન ભવનાથ મહાદેવના સાંનિધ્યમાં મહાશિવરાત્રીના મિની કુંભ મેળાનો ભવ્ય પ્રારંભ થઈ ચૂક્યો છે. આ પાવન અવસરે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ભક્તિભાવ સાથે ભરડાવાવથી ભવનાથ મંદિર સુધી પદયાત્રા કરી હતી. તેમની સાથે જૂનાગઢ વહીવટી તંત્રના અધિકારીઓ, સ્થાનિક ધારાસભ્યો, સાંસદ અને પદાધિકારીઓ પણ આ પદયાત્રામાં જોડાયા હતા. મેળાના પ્રારંભે જ ભવનાથ તળેટીમાં શિવભક્તોનું ઘોડાપૂર ઉમટી પડ્યું છે.

આ પ્રસંગે આહિર અને મહેર સમાજની મહિલાઓ તેમજ પુરુષોએ પોતાના પરંપરાગત પોશાકમાં સજ્જ થઈને સાધુ-સંતોની ઉપસ્થિતિમાં નાયબ મુખ્યમંત્રી અને કલાકારોનું ભવ્ય સ્વાગત કર્યું હતું, જેનાથી મેળામાં લોકસંસ્કૃતિના અનોખા દર્શન થયા હતા. સાધુ-સંતોએ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનું સ્વાગત હતું. આગામી



દિવસોમાં લાખો શ્રદ્ધાળુઓની ઉમટવાની શક્યતા છે, જેના માટે વહીવટી તંત્ર દ્વારા વ્યાપક તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રીએ ભવનાથ મહાદેવ અને મૃગી કુંડમાં સાધુ-સંતો સાથે પૂજા-અર્ચના કરી. હાલ મેળાના છેલ્લા દિવસે એટલે કે શિવરાત્રી પર CM પણ મુલાકાતે આવે એવી શક્યતાઓ સેવાઈ રહી છે.

જૂનાગઢમાં મહાશિવરાત્રી મેળાના પહેલા દિવસે જ ભવનાથ ખાતે રવેડી જેવો ભવ્ય માહોલ જોવા મળ્યો હતો. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે સાધુ-સંતો સાથે ભવનાથ મહાદેવના દર્શન કર્યા હતા અને ભવ્ય ડમરુ યાત્રામાં ભાગ લીધો હતો. ડેપ્યુટી CMની હાજરીએ મેળાને વધુ ઉત્સાહ પૂરો પાડ્યો. સાધુ-સંતોની ભવ્ય ટોળી, ડમરુના તાલે નાચતા ભક્તો અને ભક્તિમય વાતાવરણે પહેલા દિવસથી જ મીની કુંભ જેવી શોભા ધારણ કરી લીધી હતી.

# જૂનાગઢના ગિરનાર તળેટીમાં યોજાઈ રહેલા મહાશિવરાત્રી મિની કુંભ મેળામાં રાત્રિના સમયે ભક્તિ અને લોકસંસ્કૃતિનો અદભુત સમન્વય જોવા મળ્યો

જૂનાગઢના ગિરનાર તળેટીમાં યોજાઈ રહેલા મહાશિવરાત્રી મિની કુંભ મેળામાં રાત્રિના સમયે ભક્તિ અને લોકસંસ્કૃતિનો અદભુત સમન્વય જોવા મળ્યો હતો. લોકસાહિત્યકાર રાજભા ગઢવીએ પોતાની અનોખી શૈલીમાં સુંદર પ્રસ્તુતિ આપી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સાથે જ તેમણે બિહારની સુપ્રસિદ્ધ ગાયિકા મૈથિલી ઠાકુરનું ગુજરાતની પવિત્ર ભૂમિ પર ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.'બિહારની બેટી' તરીકે ઓળખાતી મૈથિલી ઠાકુરે પોતાના સુમધુર કંઠે ભાવભીની શિવસ્તુતિ રજૂ કરી, જેના પગલે સમગ્ર મેળા પરિસરમાં ભક્તિમય માહોલ છવાઈ ગયો હતો. હજારો શ્રદ્ધાળુઓએ ભજનના સ્વરમાં લીન થઈ મહાદેવના નામનો જાપ કર્યો હતો.આ પ્રસંગે મેયર ધર્મેશભાઈ પોશિયા, જિલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમર, ધારાસભ્યો સંજયભાઈ કોરડીયા, ભગવાનજીભાઈ કરગટીયા અને દેવાભાઈ માલમ, જિલ્લા કલેક્ટર અનિલકુમાર



રાણાવસિયા, મ્યુનિસિપલ કમિશનર તેજસ પરમાર, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સભ્ય સચિવ રમેશ મેરજા તેમજ મેળા અધિકારી કરણસિંહ ગોહિલ અને લીલાભાઈ પરમાર સહિતના આગેવાનો અને અધિકારીઓ હાજર રહ્યા હતા.ભવનાથ મહાદેવના પાવન સાનિધ્યમાં યોજાયેલ આ સાંસ્કૃતિક સંધ્યાએ મિની કુંભ મેળાની ભવ્યતા અને ભક્તિભાવને વધુ ગાઢ બનાવ્યો હતો.

# રાતીયા ગામે ઘઉંની 'લોક-૧' જાતમાં પાનના ગેરુ રોગનો ઉપદ્રવ અંગે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ખેડૂતોને માર્ગદર્શિકા જાહેર



• ગોસા(ઘેડ) તા.૧૨

પોરબંદર જિલ્લાના રાતીયા ગામમાં તા.૧૨ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ કૃષિ વિષય નિષ્ણાંતો દ્વારા વિવિધ ખેડૂતોના ખેતરોની મુલાકાત લઈ પાકની સ્થિતિનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. નિરીક્ષણ દરમિયાન ઘઉંની 'લોક-૧' જાતમાં પાનના ગેરુ (લીફ રસ્ટ) રોગનો વધુ પ્રમાણમાંe ઉપદ્રવ જોવા મળ્યો હોવાનું ધ્યાન પર આવ્યું હતું.નિષ્ણાંતોના જણાવ્યા મુજબ, સમયસર નિયંત્રણ ન લેવાય તો આ રોગના કારણે ઉત્પાદન પર અસર થવાની શક્યતા રહે છે. રોગના ફેલાવાને અટકાવવા તથા પાકને સુરક્ષિત રાખવા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને કૃષિ મહાવિદ્યાલય, ખાપટ-પોરબંદર દ્વારા ખેડૂતો માટે ખાસ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.માર્ગદર્શિકા મુજબ પાનના ગેરુ રોગના અસરકારક નિયંત્રણ માટે પ્રોપીકોનાઝોલ ૨૫% ઈ.સી. દવા ૧ મિ.લી. પ્રતિ લિટર પાણીમાં ભેળવી ખેતરમાં યોગ્ય પ્રમાણમાં છંટકાવ કરવો જરૂરી છે.

૩ થી ૧૫ વર્ષના બાળકો તથા ૧૬ વર્ષથી ઉપરની ૬૭ બહેનો એ ઉત્સાહભેર ભાગ લીધો

# લોહાણા જ્ઞાતિની બહેનો- બાળકો માટે રઘુવીર સેના લેડીઝ વિંગ દ્વારા લોજીકલ ગેમ્સ પ્રોજેક્ટ યોજાયો

• ગોસા(ઘેડ) તા.૧૨

પોરબંદર ખાતે ગત તા.૭ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ શ્રી અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના, પોરબંદર ઝોન - લેડીઝ વીંગ દ્વારા લોહાણા જ્ઞાતિની બહેનો તથા બાળકોના સર્વાંગી વિકાસને કેન્દ્રમાં રાખી ઉપયોગી અને રસપ્રદ લોજીકલ ગેમ્સ પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રોજેક્ટનો મુખ્ય હેતુ બાળકો અને બહેનોમાં શારીરિક-માનસિક તંદુરસ્તી, ત્વરિત નિર્ણય શક્તિ, ટીમ વર્ક, કોમ્યુનિકેશન સ્કીલ, વિચારવિમર્શ કૌશલ્ય, પ્રોબ્લેમ સોલ્વિંગ, શિસ્ત, નેતૃત્વ, આત્મવિશ્વાસ, ખેલદિલી, એકાગ્રતા અને સ્ફૂર્તિ જેવા ગુણો



વિકસે તે રહ્યો હતો.કાર્યક્રમ અંતર્ગત ૩ થી ૧૫ વર્ષના બાળકો તથા ૧૬ વર્ષથી ઉપરની બહેનો માટે અલગ અલગ પાંચ લોજીકલ ગેમ્સ અને એક ફાઈનલ ગેમ મળી કુલ છ ગેમ્સ રમાડવામાં આવી હતી. કુલ ૬૭ બહેનો અને બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈ પ્રોજેક્ટને સફળ બનાવ્યો હતો. ગેમ્સના વિજેતાઓ બાળકોમાં મિતાંશુ મોનાણી, ખુશ વિરેનભાઈ સૂચક અને જેનીલ ચિંતનભાઈ તન્ના બબ્બે ગેમમાં વિજેતા બનતા તેમને બે અલગ અલગ ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા.

બહેનોમાં ડો. નિશાબેન કમલભાઈ માખેચા, હીનાબેન મનીષભાઈ મશરૂ, તરુબેન હરિશભાઈ મદલાણી, તૃપ્તિબેન વિરેનભાઈ સૂચક, ઉષાબેન લાખાણી, નેહલબેન રૂપારેલ, મિશાલબેન હેમલભાઈ દત્તા, રીનાબેન બુદ્ધદેવ, મહેકબેન સિદ્ધાર્થભાઈ પત્તાણી, શિલ્પાબેન પોપટ અને પીનલબેન રાયચુરાને સંસ્થા દ્વારા અલગ અલગ ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા.

આ ઉપરાંત અગાઉ યોજાયેલ નિબંધ સ્પર્ધાના પરિણામો પણ જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં વંદનાબેન વિમલભાઈ પાઉં અને સોનલબેન ગિરીશભાઈ રતનધારા વિજેતા જાહેર થયા હતા. બન્નેને ઈનામો આપી અભિનંદન પાઠવવામાં આવ્યા.

## વિશ્વની ૪ જાયન્ટ કંપનીઓ AI પાછળ ૬૫૦ અબજ ડોલર ખર્ચશે

વિશ્વભરમાં AIનો ડંકો તીવ્રતાથી વાગી રહ્યો છે ત્યારે ભારતમાં ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬ યોજવાની જોરદાર તૈયારીઓ ચાલી રહી છે. ઈમ્પેક્ટ સમિટ યોજીને ભારત વિશ્વને એવો સંકેત આપવા માંગે છે કે AIની રેસમાં અમે પણ અગ્ર હરોળના દેશની સાથે ઊભા રહીને નવી ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવા માગીએ છીએ. ૧૯ અને ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ દિલ્હી ખાતે ભારત મંડપમાં યોજાનાર આ સમિટમાં વિશ્વભરના નિષ્ણાતો આવશે અને ભારતનું વિઝન સમજશે. વિશ્વભરની કંપનીઓ સમિટમાં ભાગ લેવા દિલ્હી આવી રહી છે.

ઈન્ફોર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે નામાંકિત અને જાયન્ટ કહેવાતી કંપનીઓ ટેકનોલોજી પાછળ અબજો ડોલર રોકી રહી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નાં મોજાં ઉછાળા મારી રહ્યાં છે. કંપનીઓ તેમાં જંગી રોકાણ કરી રહી છે. ભારત સરકાર ૨૦૨૬માં આખા દેશ પાછળ જેટલો ખર્ચ કરવાની છે લગભગ એટલી જ ફાળવણી વિશ્વની ટોચની ચાર કંપનીઓ છૈં ની પાછળ કરવાનું આયોજન કરી ચૂકી છે. વિશ્વની ટોચની આ ચાર કંપનીઓ એટલે ગુગલ, એમેઝોન, મેટા અને માઈક્રોસોફ્ટ. AI પાછળ ૨૦૨૬માં તેઓ સંયુક્તપણે ૬૫૦ અબજ ડોલરનું આંધણ કરવા ધારે છે. હજુ અગિયાર દિવસ અગાઉ ભારત સરકારે ૨૦૨૬-૨૦૨૭નું જે બજેટ બહાર પાડયું તેનું આર્થિક કદ ૬૭૦ અબજ ડોલર હતું. આના કરતાં ફક્ત ૨૦ અબજ ડોલર ઓછી રકમ માત્ર ચાર કંપનીઓ AI પાછળ ફાળવવાની છે. શક્ય છે કે આંકડામાં દેખાતું આટલું અંતર પણ કદાચ ન રહે, કેમ કે છેલ્લાં કેટલાંક વર્ષો પર નજર કરીએ તો સ્પષ્ટ થાય છે કે નામાંકિત આઈટી કંપનીઓ ખુદના પૂર્વનિશ્ચિત બજેટ કરતાં વધુ ફાળવણી કરતી આવી છે. આ ચાર સિવાયની વિશ્વની અન્ય કંપનીઓ પણ AI પાછળ જંગી ફાળવણી કરવાની છે. ભારતના તાજા બજેટ કરતાંય વધારે મોટી રકમ ૨૦૨૬માં AI પાછળ થવાની છે. ટેકનોલોજી સાથે સંકળાયેલી કંપનીઓ તેમના એન્યુઅલ રિઝલ્ટની સાથે આગામી વર્ષ દરમિયાન થનારી સંભવિત ફાળવણીનો પણ ઉલ્લેખ કરે છે. કેટલાક દિવસ પહેલાં ગુગલે ૨૦૨૬માં ૧૮૫ અબજ ડોલરનો ખર્ચ કરવાનો ઉલ્લેખ કર્યો હતો, ત્યારબાદ એમેઝોને ૨૦૦ અબજ ડોલર ફાળવણી કરી હોવાની ઘોષણા કરી. મેટાએ ૧૩૫ અબજ ડોલરની જાહેરાત કરી છે, તો માઈક્રોસોફ્ટ ૧૨૦ અબજ ડોલરની ફાળવણીનું આયોજન કર્યું છે. વિશ્વની ટેકનોલોજિકલ કંપનીઓ વધુને વધુ મહત્ત્વાકાંક્ષી બની રહી છે. મોટી કંપનીઓ AI રીસર્ચમાં એકબીજાથી ચડિયાતી સાબિત થવા ઘાંઘી થઈ છે.

# બાંગ્લાદેશ ચૂંટણી અને રાજકીય રક્તપાત વચ્ચે જૂનો સંબંધ

EDITORIAL



**૧૯૭૩માં પણ ચૂંટણીઓમાં ભયાનક હિંસા થઈ હતી. તે વખતે શેખ મુજીબુર રહમાનની સરકાર સત્તામાં આવી હતી. તે સમયે અવામી લીગનો દબદબો રહ્યો હતો. ત્યારબાદ ૧૯૭૫માં શેખ મુજીબુરની હત્યા કરવામાં આવી અને સૈન્ય દ્વારા બળવો કરવામાં આવ્યો અને સત્તા પલટો કરી દેવાયો બાંગ્લાદેશ પીસ ઓબ્ઝર્વેટરીના મતે ૧૯૯૧માં બાંગ્લાદેશમાં ચૂંટણી ટાણે વ્યાપક રાજકીય હિંસા થઈ હતી**

બાંગ્લાદેશમાં આજે ચૂંટણી યોજાવાની છે. બહુચર્ચિત અને જેની ઘણા સમયથી રાહ જોવાતી હતી તેવી બાંગ્લાદેશની ચૂંટણી હજી પણ ચર્ચામાં જ છે. તેનું સૌથી મોટું કારણ છે કે અહીંયા ભયાનક હિંસા ચાલી રહી છે. બાંગ્લાદેશમાં ચૂંટણી પહેલાં રાજકીય હિંસા અને કટ્ટરવાદી રાજકીય હિંસાનો દોર ચાલી રહ્યો છે. વચગાળાની સરકારના પ્રમુખ મોહમ્મદ યુનુસ સ્થિતિ કાબુ કરવામાં સદંતર નિષ્ફળ ગયા છે. આ પહેલાં પણ બાંગ્લાદેશમાં ઘણા સમયથી હિંચા ચાલતી આવી છે અને અનેક નિર્દોષોની હત્યા થતી રહી છે. તાજેતરમાં રાજકીય હિંસા અને રક્તપાતના કિસ્સા વધી ગયા છે. જાણકારોના મતે છેલ્લાં ૪૮ કલાકમાં બાંગ્લાદેશમાં ૪૦થી વધારે જગ્યાઓએ રાજકીય હિંસા ફેલાઈ હતી. જેમાં ઘણા લોકો ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલો છે.

હવે તેને નિયતી ગણો કે પછી દુર્ભાગ્ય પણ બાંગ્લાદેશમાં ચૂંટણી ટાણે થતી રાજકીય હિંસા કોઈ નવી બાબત નથી. ઉલ્લેખનીય છે કે, અહીંયા રાજકીય હિંસા જ નવી બાબત નથી. ૧૯૭૧માં બાંગ્લાદેશે જ્યારે પાકિસ્તાન પાસેથી આઝાદી મેળવી ત્યારે પણ મોટાપાયે હિંસા થઈ હતી. આઝાદી પહેલાં પાકિસ્તાને નરસંહાર કર્યો હતો. ત્યારબાદ બાંગ્લાદેશ મુક્ત થઈ ગયું પણ હિંસાએ બાંગ્લાદેશને છોડયું નથી. તે બાંગ્લાદેશના રાજકારણનો પડછાયો બનીને જ રહી છે. બાંગ્લાદેશમાં ૧૯૭૫માં થયેલી ચૂંટણીથી શરૂ કરીને ૨૦૧૮ અને હાલમાં ૨૦૨૬માં પણ મોટા પ્રમાણમાં રાજકીય હિંસા જોવા મળી હતી. તેમાંય ખાસ કરીને ૧૯૭૫, ૧૯૯૧, ૨૦૦૮, ૨૦૧૪, ૨૦૧૮ એવા વર્ષો રહ્યા હતા જેણે સમગ્ર દેશ અને દુનિયાને ચિંતામાં મુકી દીધા હતા. અહીંયા ભયાનક સ્તરે રાજકીય રક્તપાત થયો હતો.

તાજેતરની જ વાત કરીએ તો, બાંગ્લાદેશમાં ચૂંટણી પહેલા જ કટ્ટરવાદીઓ બેફામ બન્યા છે અને ખુલ્લેઆમ હિન્દુઓની હત્યા કરવા લાગ્યા છે. કેટલાક વિસ્તારોમાં હિન્દુઓ વિરોધી હિંસાની ઘટનાઓ સામે આવી રહી છે. બાંગ્લાદેશના મયમનસિંહ વિસ્તારમાં બોગર બાઝારમાં સોમવારે રાત્રે ૬૨ વર્ષીય હિન્દુ સુસેનચંદ્ર સરકારની હત્યા કરી દેવામાં આવી હતી. તે ઉપરાંત તેના લાખો રૂપિયા પણ લુંટી લેવાયા હતા. ઉલ્લેખનીય છે કે, બાંગ્લાદેશમાં શેખ હસીનાની સરકાર દૂર થઇ તે પછી યોજાનારી આ ચૂંટણીમાં બાંગ્લાદેશની સર્જક પાર્ટી આવામી લીગને ચૂંટણીમાંથી બહાર રખાયા પછી આ પહેલી ચૂંટણી છે. તેવામાં ધાર્મિક લઘુમતીઓ સામે હિંસા વધી છે.

ઉલ્લેખનીય છે કે, બીજી એક ઘટનાને કારણે પણ રાજકીય વાતાવરણ તંગ થઈ ગયું છે. અહેવાલો પ્રમાણે એક કાર્યક્રમ દરમિયાન મતદાતાઓને પૈસા વહેંચવામાં



આવ્યા હોવાની વાત ફેલાઈ હતી. આ આરોપો વચ્ચે બાંગ્લાદેશ નેશનલિસ્ટ પાર્ટી અને જમાત-એ-ઈસ્લામીના કાર્યકર્તાઓ વચ્ચે હિંસા ફેલાઈ હતી. કહેવાય છે કે, બીએનપીના કાર્યકર્તાઓ કાર્યક્રમના સ્થળે પહોંચ્યા હતા અને ત્યારબાદ ત્યાં જમાતના સમર્થકો પણ ભેગા થવા લાગ્યા હતા. આ દરમિયાન બંને વચ્ચે વિખવાદ થયો અને તે કાર્યક્રમ સ્થળથી ફેલાતો ફેલાતો જાહેર રસ્તાઓ સુધી વિસ્તરી ગયો અને હિંચાના કારણે મામલો ગરમાઈ ગયો. મોડી રાત સુધી પથ્થરમારો, હિંસા અને તોડફોડનો ક્રમ ચાલતો રહ્યો જેમાં ૪૦થી વધારે લોકોને ઈજા થઈ હોવાનું સામે આવ્યું છે. આ સિવાય બાંગુરા જિલ્લામાં બીએનપીના એક નેતાની આંખ ફોડીને બહાર કાઢી લેવાની ઘટના પણ સામે આવી છે.

બાંગ્લાદેશના ઈતિહાસ ઉપર નજર કરીએ તો તેનું રાજકારણ અને તેની ચૂંટણીઓના પાયામાં જ હિંસા રહેલી છે. ૧૯૭૧ની હિંસા અને ભયાનક રક્તપાત બાદ ૧૯૭૩માં પણ ચૂંટણીઓમાં ભયાનક હિંસા થઈ હતી. તે વખતે શેખ મુજીબુર રહમાનની સરકાર સત્તામાં આવી હતી. તે સમયે અવામી લીગનો દબદબો રહ્યો હતો. ત્યારબાદ ૧૯૭૫માં શેખ મુજીબુરની હત્યા કરવામાં આવી અને સૈન્ય દ્વારા બળવો કરવામાં આવ્યો અને સત્તા પલટો કરી દેવાયો. તે સમેય પણ મોટાપાયે હિંસા થઈ હતી. દેશમાં લશ્કરી શાસન આવી ગયું અને તેમાં મોટાપાયે ફેરફાર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ બાંગ્લાદેશની સેનાના દબાણમાં ૧૯૭૯માં ચૂંટણી યોજાઈહ તી. તે સમયે ઝિયા-ઉર-રહેમાનની આગેવાનીમાં બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી ચૂંટણી જીતી હતી. બીએનપી સત્તામાં આવતા જ બાંગ્લાદેશમાં કટ્ટર રાષ્ટ્રવાદ અને ઈસ્લામિક ઓળખને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. તે સમયે પણ સેનાની અસર તો વ્યાપક પ્રમાણમાં જોવા મળી જ હતી. ૧૯૮૧માં ઝિયા ઉર રહેમાનની પણ હત્યા કરવામાં આવી અને હિંસા ફેલાવા લાગી. ત્યારે પણ બાંગ્લાદેશની સેનાએ બળપ્રયોગ કર્યો અને સત્તા પોતાના હાથમાં લઈ લીધી. તે સમયે આર્મી ચીફ હુસૈન મોહમ્મદ ઈરશાદે માર્શલ લો લાગુ કરીને સત્તા આંચકી લીધી હતી.

બાંગ્લાદેશમાં ત્યારબાદ રાજકીય સફરની વાત કરીએ તો ૧૯૯૧ની ચૂંટણીમાં દેશનું ભવિષ્ય નક્કી કરનારી બે મહિલા નેતાઓની એન્ટ્રી થઈ. એક તરફ અવામી લીગનું નેતૃત્ત્વ શેખ હસીનાના હાથમાં આવ્યું. તે શેખ મુજીબુર રહમાનની પુત્રી હતા. બીજી તરફ ઝિયા ઉપર રહેમાનની પત્ની ખાલિદા ઝિયાએ બીએનપીની કમાન પોતાના હાથમાં લીધી. બંને મહિલા નેતાઓ દ્વારા સક્રિય રીતે વિપક્ષી રાજકીય દબાણ ઊભા કર્યા અને બાંગ્લાદેશમાં સૈન્ય સત્તાનો અંત આવ્યો. ત્યારબાદ ખાલિદા અને હસીના વચ્ચે સત્તાની સાઠમારી શરૂ થઈ ગઈ. ૧૯૯૧માં બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી સત્તામાં આવી અને ખાલિદા ઝિયા દેશના પહેલા વડા પ્રધાન બન્યા. બાંગ્લાદેશ પીસ ઓબ્ઝર્વેટરીના મતે ૧૯૯૧માં બાંગ્લાદેશમાં ચૂંટણી ટાણે વ્યાપક રાજકીય હિંસા થઈ હતી. તેમાં અંદાજે ૫૦ લોકોનાં મોત થયા હતા. આ ઉપરાંત અનેક લોકોને ઈજા થઈ હતી. ત્યારપછી ૧૯૯૬ની ચૂંટણીમાં શેખ હસીના દેશના વડા પ્રધાન બન્યા.

# ક્યાં છે ઈશ્વર? એકને બત્રીસા પકવાન અને બીજાને પેટની આગ ઠારવા એઠવાડ...

સંસારમાં શીલવાનને જ સંતાપ હોય છે. સુવર્ણના પાત્રને કસોટીના કાળા પથ્થર સાથે ઘસાવાનું હોય છે, ને પિત્તળને કોઈ પરીક્ષાર્થીના દ્વારે જવાનું હોતું જ નથી. સંસારના ફૂલબાગમાં રમતી ઍની પાંચ વર્ષની થઈ, ત્યાં એના પિતાને ક્ષયરોગે ઘેરી લીધા. ઘણા પ્રયત્નો કર્યા, પણ એ ઘેરામાંથી બહાર નીકળી ન શક્યા. અવસાન સમયે ઍનીને પાસે બોલાવી, ઍનીની ઢીંગલીને ચૂમી ભરીને પિતાએ કહ્યું, 'ઍની! તારી માતાની ડાહી દીકરી થજે!' નાની બાળકી ઝાઝું કંઈ ન સમજી, પિતાએ આંખો મીંચી લીધી. મા એક અંધારા ઓરડામાં ભરાઈ ગઈ. અંધારી રાત વધુ અંધિયારી લાગી.

સવારે કબ્રસ્તાનથી પાછાં વળેલાં સ્વજનો ઍનીની માતાને શોધવા લાગ્યાં. ઍનીની મા અંધારા ઓરડામાં હતી, અને ત્યાંથી બહાર નીકળવા માગતી નહોતી. મહામહેનતે સહુએ એને બહાર આવવા સમજાવી. ઍનીની પ્રેમાળ માતા બહાર આવી. પણ રે! આ શું? કાળા ભમ્મર જેવા વાળ એક રાતમાં ધોળી પૂણી જેવા! વૈધવ્યનો કેવો પ્રાકૃતિક વેશ! ઍનીની માતા બોલી, 'તમે માનો છો, હું ઘરમાં હતી, પણ તે ખોટું છે. હું દફન વખતે ત્યાં હાજર હતી!'

સગાં બોલ્યા, 'અરે! આને ચિત્તભ્રમ થયું લાગે છે. ખરેખર! સારસની જોડી તૂટી.' ઍનીની મા બોલી, 'ચાલો, તમે તેમને ક્યાં સૂવાડયા છે, તે બતાવું.'

ઍનીની માતાએ સ્થળ બતાવ્યું ત્યારે બધા આશ્ચર્યમાં ડૂબી ગયા. વિશેષમાં એણે કહ્યું: 'એમણે મારી પાસે પ્યારા પુત્ર આલ્ફની પણ માગણી કરી છે. સ્વર્ગમાં એમને પણ રમવા સંતાન જોઈએને!'

'અરે! પાગલ થયા છો કે શું?' બધાં સ્વજન બોલ્યાં ને કહ્યું, 'પ્રેમી બધાં પ્રેમભંગ થયા પછી જીવતાં નથી, જીવે છે તો પાગલ થઈને!' પણ ઍનીની માની વાણી સાચી પડી. થોડા દિવસ બાદ દીકરો પણ ગુજરી ગયો. કબ્રસ્તાનમાં લઈ જતાં પહેલાં માતાએ પુત્રના કપાળમાં ચુંબન કર્યું. ચુંબનવાળો ભાગ તરત શ્યામ પડી ગયો.

ફૂલપરી ને સ્વર્ગપરી જેવી 'ઍની' આ બધાં દ્રશ્યોની મૂક સાક્ષી બની રહી. આ વખતે ઍની વિચારસરણી અગમનિગમમાં રમવા લાગી. કંઈક પરોક્ષ! કંઈક અગમ્ય! કંઈક ગેબી ઘુમ્મટ પાછળ છે! એ કલ્પના કરવા લાગી. એક શિશુની એ કલ્પના હતી! ઍનીના સંસારની મધુકુંજો પર વેરાન વંટોળિયા વાયા. ઍનીની માતાને માથે સંસારનો ભાર આવ્યો. સ્વજનો કહેવા લાગ્યા કે, 'દીકરાને વેપારી બનાવો. પૈસાની ખેંચ પછી નહીં રહે.'

ઍનીની મા કહે, 'તેમની ઈચ્છા દીકરાને વિદ્વાન બનાવવાની હતી. એ ઈચ્છાને હું કેમ અવગણી શકું? પેટ તો ગમે તેમ ભરાશે.' ભણતરનું ખર્ચ કેમ કાઢવું? માએ એક છાત્રાલય ખોલ્યું. વિદ્યાર્થીઓને રાખે, જમાડે, પોતાનું ખર્ચ એમાંથી નીકળી જાય અને દીકરો ભણે.

દુ:ખના આ બાગમાં ઍનીરૂપી ફૂલ તો સોળે કળાએ ખીલતું હતું. એ વસંતને વધાવતી. ઝરણાને ગાતી. પંખીઓને બોલાવતી. નાનાં સાબર, મૃગ અને એનાં મિત્રો હતાં. ઍનીને માતા પર ભારે હેત. એનો છેડો જ ન છોડે. ઍની ગોદમાં ભરાયેલી જ રહે. મા કહે, 'લાવને તને મારા શરીર સાથે જ બાંધી દઉં.'

'મા, દોરી સરસ પસંદ કરજે. તૂટે નહીં કે છૂટે નહીં!' હસમુખી ઍની જવાબ આપતી. મા વહાલસોયી દીકરીને ગોદમાં ખેંચીને ચૂમતી ને સૂંઘતી. ઊના વાયરા વાતા હતા. દેહ અને દિલ બંને શેકાતાં હતાં, પણ ઉનાળાની કોક જળભરી વાદળી જેવી ઍની પોતાની કલ્પનાની દુનિયામાં મસ્ત હતી. એ કહેતી, 'હું તો પ્રભુની પ્યારી છું. હવે મારાથી કોઈની સાથે ન પરણાય!'

ઍનીનું યૌવન પાંગરતું હતું. અનેક માગાં આવતાં હતાં. ઍની પાછાં કાઢતી હતી, પણ એ વયે થોર પર ગુલાબ દેખાય છે. એક યુવાન મળ્યો. ધર્મનો પૂજારી હતો. એણે પ્રસ્તાવ મૂક્યો. ઍનીએ ઘણી હા-ના કરી અને આખરે અંતરમાં નવા સાથીની સહાયથી વિશેષ ધર્મસેવાના કોડ સેવીને, એક દિવસ એ પરણી ગઈ.

એ લગ્નના આકાશમાં મીઠા સમીર વાયા. ધીરા ધીરા મેઘ ગાજ્યા. મનભર સપ્તરંગી મેઘધનુષ્ય ખેંચાણાં, પણ એ જોતજોતામાં ઠગારી વાદળનગરી જેવાં નીકળ્યાં. રંગ-વિરંગ થઈ ગયાં. ઍનીના આશાના ઓવારા અને મહેચ્છાના મિનારા ધ્રૂજી ઊઠયા. ભૂકંપ જાગ્યા.

પતિ રૂપલોભી હતો. ઍની સંયમની મૂર્તિ હતી. ભગવાન અને ભક્તિની દુનિયાની એ જીવ હતી. કાવ્યસાહિત્યના જગતમાં વિહરનારી સંસ્કારી નારી હતી. પેલો આપખુદ સ્વાર્થી પતિ હતો. ઍનીએ એક વાર્તા લખી. વાર્તાના પુરસ્કારનો ચેક આવ્યો. ઍનીએ સ્વતંત્ર આર્થિક જીવનની ઈમારતો ચણી ત્યાં તો પતિદેવે એના હાથમાંથી ચેક આંચકી લેતાં કહ્યું, 'પતિ જ પત્નીના સર્વસ્વનો માલિક છે. પત્ની માટે એનું આગવું ધન તો શું, જીવન પણ નથી!'

ઍનીના હાથમાંથી ચેક ઝૂંટવાઈ ગયો, સાથે એનું દિલ પણ ઝૂંટવાઈ ગયું. પ્રેમભર્યા દિલમાં ભયંકર ચિરાડ પડી. પણ આ સહરાના શુષ્ક રણમાં ઍની પોતાનાં બે માસૂમ બાળકોનાં મોં જોઈને જીવનનો કાંટાળો રાહ કાપી રહી.

ત્યાં પુત્રી માંદી પડી. ઍનીએ રાતદિવસને ભૂલી સેવા કરી. પુત્રી સાજી થઈ. માતા માંદી પડી. ઍની મહામહેનતે સાજી થઈ, ત્યાં ફરી પુત્રી માંદી પડી ને આખરે એ ગુજરી ગઈ. એક તરફ પ્રિય બાળકીનું મૃત્યુ ને બીજી તરફ પતિનો દિનપ્રતિદિન વધતો જુલમ... એમાં સમાચાર મળ્યા કે પોતાની સત્યનિષ્ઠ માતાના બધા પૈસા એક વકીલ હજમ કરી ગયો છે!

ઍની બહાવરી બની ગઈ. પ્રેમાળ પત્નીની માવજત કરવાને બદલે પતિ એના પર અત્યાચારો ગુજારવા લાગ્યો. નાના કોમળ ફૂલ પર ચારે દિશામાંથી ભયંકર ઝંઝાવાત વરસી રહ્યા. ઍની હારી ગઈ. આત્મહત્યા કરવા તૈયાર થઈ. ઝેરની શીશી હાથમાં લીધી. ત્યાં અંદરથી કોઈ ઠપકો દેવા લાગ્યું:

'ઍની! આટલી કમજોર!'

'ઍની દુ:ખથી ડરીશ મા! દુ:ખની પાસે જ સુખનું ઘર છે. એના પર નજર કર!'

'ઍની! અર્પણ થા પ્રભુચરણમાં. દુ:ખ સુખ થશે!'

ઍનીએ હાથમાં લીધેલી શીશી ફોડી નાખી. એ વધુ ખુલાસો મેળવવા ધર્મમંદિરમાં દોડી ગઈ. પ્રવચનને અંતે એણે ધર્મગુરુને પ્રશ્ન કર્યો,

'ગુરુદેવ! મારી શંકા નિવારો. દુનિયા આખી દુ:ખી કેમ?'

ધર્મગુરુએ પૂછયું, 'રે! તું કોણ છે?'

ઍની બોલી, 'હું ધર્મની નાચીઝ સેવિકા છું. હું પૂછું છું મારી ગુલાબના ફૂલ જેવી દીકરી રિબાઈ-રિબાઈને કેમ મરી? હું પૂછું છું કે મારી સતી માને વિશ્વાસુ વકીલે કેમ દગો દીધો? શું ભગવાનના દરબારનો આ ન્યાય છે?'

ધર્મગુરુએ ઠંડે કલેજે જવાબ આપ્યો, 'અંધશ્રદ્ધા એ જ એક ગુનો છે. પ્રભુચરણે જા. પ્રભુવચનમાં વિશ્વાસ રાખ.' ઍનીના હૃદયનું જોશ અપાર હતું. એ બોલી, 'એમ ગુનેગારી જાહેર કરી મને ચૂપ નહીં કરી શકો. એકને ફૂલની પથારી, બીજાને સૂવા ધરતીનો ટુકડો પણ નહીં. એકને જમવા બત્રીસ પકવાન, બીજાને પેટની આગ ઠારવા એંઠવાડ પણ નહીં. આ કેવો અન્યાય છે?' ધર્મગુરુએ જવા માટે પીઠ ફેરવતાં કહ્યું, 'છોકરી! તારા માટે સ્વર્ગના દરવાજા બંધ થતા અને નરકના દરવાજા ઊઘડતા જોઉં છું.' 'પરવા નહીં. એવા ડરથી મારી જબાન બંધ નહીં કરી શકો. ગરીબોને રહેવા ઘર નથી, ભૂખ્યાને પેટની આગ ઠારવા રોટીનો ટુકડો નથી, સજ્જનોને સુજનતાથી જીવવાની જોગવાઈ નથી. આવા જગતને ડાહ્યા અને દયાળુ ભગવાને રચેલું કેમ કહેવાય? સાચો ઈશ્વર દરિદ્રનારાયણ! સાચો ધર્મ દુ:ખી-દર્દીઓનાં આંસુ લૂછવાનો. બાકી બધા ઢોંગ!'

# એઆઇના જોખમોથી સાવધ રહો

છેલ્લા દાયકામાં વિશ્વમાં જે ઝડપી ફેરફારો થયા છે તે જોતાં, આગામી દસથી વીસ વર્ષોમાં સંભવિત ફેરફારોનું મૂલ્યાંકન કરવું જરૂરી છે. માનવ ઈતિહાસના મોટાભાગના સમયગાળામાં, અછતએ સંસ્કૃતિના માળખાને આકાર આપ્યો છે. પછી ભલે તે ખોરાક, જમીન, શ્રમ, મૂડીનો અભાવ હોય કે સમય જતાં જ્ઞાનનો અભાવ હોય. આપણા આર્થિક સિદ્ધાંતોનો ઉદભવ અને રાજકીય સંસ્થાઓનો વિકાસ પણ અછત વ્યવસ્થાપન પર કેન્દ્રિત રહ્યો છે.

મશીનરી હોય કે કૃત્રિમ બુદ્ધિ, આ પરંપરાગત પરિદૃશ્યને ઉથલાવી પાડવાની ક્ષમતા ધરાવે છે. જો વીસમી સદી અછતને દૂર કરવા વિશે હતી, તો આવનારો દાયકો સરપ્લસને સરપ્લસ સાથે સંતુલિત કરવાના પડકાર વિશે હોઈ શકે છે. આ નવા પરિદૃશ્યમાં, આપણી સંસ્થાઓ ટેકનોલોજીના ઝડપી વિકાસથી પાછળ રહી ગઈ છે. તેથી, એવા નીતિગત પગલાં પર વિચાર કરવો જરૂરી બને છે જે એઆઈ દ્વારા ઉભા થયેલા વિક્ષેપોને અસરકારક રીતે સંબોધી શકે.

પરંપરાગત અર્થશાસ્ત્ર ઉત્પાદનના ચાર પ્રાથમિક પરિબળોને ધ્યાનમાં લે છે: શ્રમ, મૂડી, જમીન અને ટેકનોલોજી. ટેકનોલોજીએ હંમેશા શ્રમને ટેકો આપ્યો છે. દરેક ટેકનોલોજીકલ સંક્રમણથી ઉત્પાદકતા અને વેતનમાં વધારો થયો છે, જ્યારે માંગનો વિસ્તાર થયો છે અને નવી નોકરીઓનું સર્જન પણ થયું છે. જ્યારે આનાથી કેટલીક અસુવિધા થઈ હતી, તે ફક્ત કામચલાઉ હતી, કાયમી નહીં. જો કે, કૃત્રિમ બુદ્ધિ આ વલણને ઉલટાવી શકે છે. પ્રથમ વખત, ટેકનોલોજી સીધી રીતે શ્રમને બદલી રહી હોય તેવું લાગે છે.

કૃત્રિમ બુદ્ધિ ફક્ત શારીરિક શ્રમ પર જ નહીં, પણ બૌદ્ધિક, વ્યાવસાયિક અને સર્જનાત્મક કાર્ય પર પણ પ્રભુત્વ ધરાવે છે. જ્યારે એઆઈ સાથે ઉત્પાદકતા વધી રહી છે, ત્યારે રોજગારીનું સર્જન અનુરૂપ નથી. આ વહેંચાયેલ સમૃદ્ધિનો માર્ગ મોકળો કરતું નથી. આનો અર્થ એ છે કે અસમાનતા વધશે.એઆઈ પણ અગાઉની તકનીકો કરતાં પ્રકૃતિ અને સ્વરૂપમાં અલગ છે. એકવાર પ્રોટોટાઈપ આકાર લે છે, તે સીમાંત ખર્ચને શૂન્ય સુધી ઘટાડવામાં સક્ષમ છે. આ સ્વાભાવિક રીતે એકાધિકાર બનાવે છે. આ થોડા દેશોમાં પસંદગીની કંપનીઓ દ્વારા ચોક્કસ પ્રોટોટાઈપના નિપુણતામાં પ્રતિબિંબિત થાય છે.

ઘણા વિશ્લેષકોને ડર છે કે એઆઈ વ્યાપક વિક્ષેપ પેદા કરી શકે છે. તે માનવ સમાજના સંતુલનને પણ અસર કરવામાં સક્ષમ છે. આજે, ઉત્પાદકતા અને ક્ષમતાઓ સતત વધી રહી છે. માલ સસ્તી થઈ રહી છે. સેવાઓની ગુણવત્તામાં સુધારો થયો છે. ભૌતિક જીવનની ગુણવત્તામાં સુધારો થયો છે. જે દેશોએ સફળતાપૂર્વક છૈં અપનાવ્યું છે તેઓ ઝડપી આર્થિક વિકાસનો અનુભવ કરી રહ્યા છે. આરોગ્યસંભાળ સેવાઓમાં નાટ્યાત્મક સુધારો થયો છે, આયુષ્ય વધ્યું છે, અને રોગનો બોજ ઘટી રહ્યો છે. જેમ જેમ આયુષ્ય વિસ્તરે છે અને કાર્યક્ષેત્ર સંકોચાય છે, તેમ તેમ વસ્તી વિષયક લાભાંશ તેનો અર્થ ગુમાવે છે.

આ પરિસ્થિતિમાં, રેમિટન્સ પર આધારિત રાષ્ટ્રો અને સમાજો પડકારોનો સામનો કરે છે. ગૌરવ અને આજીવિકાના પાયા તરીકે રોજગારની વિભાવના વધુને વધુ જોખમી બને છે. સંસાધનોનું એકાગ્રતા એ છૈં થી ઉદ્ભવતી બીજી સમસ્યા છે. સંસાધનોના પુનઃવિતરણ માટે અસરકારક નીતિગત પગલાં શોધવા જોઈએ. આ વિના, વ્યાપક આર્થિક પરિણામોનો સામનો કરવો પડી શકે છે.

એઆઈ શીખવા અને સમજવાની ક્ષમતાને પણ ધમકી આપે છે. જ્યારે મશીનો નિર્ણય લેવામાં ભૂમિકા ભજવવાનું શરૂ કરે છે, ત્યારે લોકોનો શીખવાનો ઝોક વધે છે. ઈતિહાસકાર ડેવિડ રોચલીન એ પણ નિર્દેશ કર્યો છે કે ઓટોપાયલટ મોડ પર વધુ પડતી નિર્ભરતા પાઈલટ્સને કટોકટીના સમયમાં લાચાર બનાવી શકે છે. સૌથી મોટો ખતરો એ નથી કે મશીનો માણસોની જેમ કાર્ય કરે, પરંતુ માણસો પોતે મશીનોની જેમ વર્તે છે.

## આજનું રાશીફળ

**મેષ**: તેને રચનાત્મક અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં રસ રહેશે. મુશ્કેલીના સમયે મિત્રને સાથ આપવાથી તમને આધ્યાત્મિક સુખ મળી શકે છે. પડકારોને સ્વીકારવાથી તમારું મનોબળ વધશે.

**વૃષભ**: તમે ધાર્મિક અને સામાજિક કાર્યોમાં વ્યસ્ત રહી શકો છો. તેમજ સમાજમાં તમને યોગ્ય સન્માન અને વર્ચસ્વ પ્રાપ્ત થશે. સંતાનોની કોઈપણ સફળતાથી ઘરમાં આનંદનું વાતાવરણ રહેશે.

**મિથુન**: આજે કોઈ મહત્વપૂર્ણ લાભદાયક સૂચના પ્રાપ્ત થઈ શકે છે. મિત્રો અને પરિચિતો સાથે તમારા સંબંધો મધુર બનાવો. આ સમયે નવી માહિતી મળી શકે છે. આવકના સાધનો ઘટશે પણ ખર્ચ યથાવત્ રહી શકે છે.

**કર્ક**: તમારી યોજનાઓ શરૂ કરવાનો આ યોગ્ય સમય છે. લાંબા સમયથી ચાલી રહેલી સમસ્યામાંથી રાહત મળી શકે છે. એ હકીકતનો મહત્તમ ઉપયોગ કરો કે સમય તમારી બાજુમાં છે.

**સિહ**: આજનો દિવસ ઘરની યોગ્ય વ્યવસ્થા જાળવવામાં અને સુખ-સુવિધાઓ જેવી વસ્તુઓની ખરીદીમાં પસાર થશે. ઘરમાં કોઈ નજીકના વ્યક્તિના આગમનથી આનંદનું વાતાવરણ રહેશે.

**કન્યા**: જો જમીન-સંપત્તિ સંબંધિત કોઈ મામલો ચાલી રહ્યો હોય તો સફળતા મળવાની સારી સંભાવના છે. આ સમયે કુદરત તમને ભરપૂર સહયોગ આપી રહી છે, આ સફળતાનો ઉપયોગ તમારી કાર્યક્ષમતા પર નિર્ભર કરી શકે છે.

**તુલા**: ઘરમાં આનંદનું વાતાવરણ રહેશે. વિશ્વાસુ વ્યક્તિની સલાહ અને સમર્થન તમારા ખોવાયેલા ગૌરવને પુનઃસ્થાપિત કરશે અને આ રીતે આત્મવિશ્વાસમાં વધારો કરશે.

**વૃશ્ચિક**: જે કામો છેલ્લા કેટલાક સમયથી પરેશાન થઈ રહ્યા હતા તે તમારી સમજણથી ખૂબ જ સરળતાથી ઉકેલાઈ જશે. શુભ પરિણામ પણ અપેક્ષા કરતા વધુ મળી શકે છે. સમય અનુકૂળ રહેશે.

**ધન**: વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યુ અથવા કારકિર્દી સંબંધિત પરીક્ષાઓમાં સફળતા મળવાની સંભાવના છે. ધાર્મિક કાર્ય કરનાર વ્યક્તિ સાથેની મુલાકાત તમારા વિચારોમાં સકારાત્મક પરિવર્તન લાવી શકે છે.

**મકર**: આજનો દિવસ સુખ અને તાજગી લાવી શકે છે. તમે તમારા કાર્યો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી શકશો. તમારી છેલ્લી ભૂલોમાંથી શીખો અને તમારું પ્રદર્શન સુધારવાનો પ્રયાસ કરો. ઉતાવળમાં કોઈ નિર્ણય ન લો.

**કુંભ**: કોઈ ધાર્મિક સંસ્થા પ્રત્યે તન અને મનથી સહયોગ કરવાથી તમને ખુશી મળી શકે છે. માનસિક આરામ પણ મળી શકે છે. યુવાનોને તેમની મહેનત પ્રમાણે સારા પરિણામ મળશે.

**મીન**: વારસાગત મિલકત સંબંધિત કોઈ બાબત અટકેલી હોય તો આજે તેના પર ધ્યાન આપો. સફળતાના યોગ બની રહ્યા છે. ઘરની આરામની વસ્તુઓની ખરીદીમાં પણ સમય પસાર કરો.

# ડ્રાફ્ટ મતદાર યાદી જાહેર:સુરતમાં 48.73 લાખમાંથી 13.19 લાખ મતદાર કપાયા

## એપ્રિલમાં યોજાનારી મ્યુનિ.ની ચૂંટણીમાં હાર-જીતના ગણિત બદલાશે

• સુરત

મતદાર યાદી સુધારણા પછી સુરતમાં ચૂંટણીનું ગણિત જ ઉલટાઈ જવાની સ્થિતિ બની છે. આ કાર્યક્રમ પછી ડ્રાફ્ટ મતદાર યાદી જાહેર થઈ છે, જેમાં જિલ્લામાં કુલ 48.73 લાખ મતદારોમાંથી 13.19 લાખ નામો રદ થઈ જતાં સરેરાશ 27 ટકા મતદાર કપાઈ ગયા છે, જેની પાછળ બે મુખ્ય કારણો છે, માઈગ્રન્ટ મતદારોએ સુરતમાંથી નામ કમી કરી વતનમાં રાખ્યા છે તો ઘણા મતદારો સ્થળાંતર થઈ ગયા છે.પરિણામે એપ્રિલમાં યોજાનારી મ્યુનિ.ની ચૂંટણીમાં હાર-જીતનાં ગણિત બદલાઈ જશે. વિધાનસભામાં ભાજપની સરસાઈ વધુ છે પણ મ્યુનિ.ની ચૂંટણીમાં 4 ઉમેદવારો વચ્ચે મતો વહેંચાતા હોવાથી સીધી અસર થશે. ખાસ કરીને ઉધના, કરંજ, વરાછા અને લિંબાયતમાં તો 40 ટકા સુધી મતદારો કપાઈ ગયા છે.મતદાર યાદીમાંથી મોટી સંખ્યામાં નામો કપાતાં રાજકીય પક્ષો હવે નુકસાન સરભર કરવા માટે મેદાનમાં ઉતર્યા છે, જેમાં બૂથ લેવલ સંપર્ક, ઘરે-ઘરે કેમ્પેઈન અને નવા મતદારોની નોંધણી પર ખાસ ફોકસ મૂકવામાં આવી રહ્યો છે. યુવા અને માઈગ્રન્ટ વર્ગને જોડવા માટે સંગઠન તંત્ર વધુ સક્રિય બન્યું છે. આગામી સમયમાં રાજકીય પક્ષો નવા મતદારોને ઉમેરવા પ્રયાસો શરૂ કરશે.ઉધના, કરંજ, વરાછા અને લિંબાયત બેઠકોમાં પરંપરાગત મતદાન પેટર્ન ખોરવાઈ શકે છે. અહીં મોટાભાગે શ્રમિકો, વારંવાર સ્થળાંતર કરનારા વસે છે, જેથી કેટલીક પાર્ટીઓની મજબૂત ગણાતી વોટબેંકને સીધી અસર થશે. અગાઉ હજારો મતોથી જીતતી બેઠકો હવે ટક્કરભરી બનશે.જો કે, માંડવી, મહુવા અને માંગરોળમાં 10 ટકા જ ઘટાડો હોવાથી મોટા ફેરફારની શક્યતા નથી, જ્યારે શહેરની બેઠકોમાં સૌથી વધુ ઉથલપાથલ જોવા મળી શકે છે.રાજકીય વિશ્લેષકોના મતે, ઓછા મતદારો એટલે ઓછું મતદાન ટકાવારી અને ઓછું ટર્નઆઉટ સીધું પરિણામોને અસર કરે છે. હવે પક્ષોને બૂથ લેવલ મેનેજમેન્ટ, નવા મતદારોની નોંધણી અને ગ્રાઉન્ડ કનેક્ટિવિટી પર વધુ ધ્યાન આપવું પડશે.

# ડ્રાઈવિંગનો ધંધો કરતા યુવકનો આપઘાત:વડોદરામાં 22 વર્ષીય યુવકે પરિવારના ઠપકા બાદ ખેતરમાં ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લેતા ચકચાર

• વડોદરા

વડોદરા શહેર નજીક આવેલા કોયલી ગામના ઈન્દિરા નગર વિસ્તારમાં રહેતા 22 વર્ષીય યુવક વિજય નટુભાઈ પરમારે રાત્રિના સમયે ઘરેથી નીકળી જઈને ગામ નજીકના ખેતરમાં રાયણના ઝાડ પર દોરડા વડે ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. બીજા દિવસે સવારે તેની માતા ખેતરમાં જતી વખતે પુત્રને ઝાડ પર લટકતી હાલતમાં જોઈને ચોંકી ઉઠી હતી. મળતી માહિતી અનુસાર, વિજય પરમાર છૂટક ડ્રાઈવિંગનો ધંધો કરતો હતો અને પોતાની મરજી મુજબ જીવન જીવવાની ટેવ ધરાવતો હતો. તેને મોંઘા મોબાઈલનો શોખ હતો અને તાજેતરમાં જ તેણે મોંઘા ભાવનો આઈફોન ખરીદ્યો હતો.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ - ગાંધીનગર | શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી રીવાબા જાડેજાની પ્રેરક ઉપસ્થિતિ

# આગામી સમયમાં યોજાનારી ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષાના આયોજન અંગે શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ

## રાજ્યના વિદ્યાર્થીઓ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટેની તમામ વ્યવસ્થા શિક્ષણ વિભાગ દ્વારા સુનિશ્ચિત કરવામાં આવી

• ગુજરાત

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી સમયમાં યોજાનારી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષાઓ અંગે વિદ્યા સમીક્ષા કેન્દ્ર - ગાંધીનગર ખાતે શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી રીવાબા જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.આ બેઠકમાં શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ જણાવ્યું હતું કે, રાજ્યના વિદ્યાર્થીઓ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટેની તમામ વ્યવસ્થા શિક્ષણ વિભાગ દ્વારા સુનિશ્ચિત કરવામાં આવી છે. રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ની પરીક્ષા ૯ લાખથી વધુ વિદ્યાર્થીઓ માટે તા. ૨૬ ફેબ્રુઆરીથી ૧૮ માર્ચ, ૨૦૨૬ સુધી યોજાશે. આ જ સમયગાળા દરમિયાન ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના ૫ લાખથી વધુ વિદ્યાર્થીઓ માટે પણ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના ૧.૧૯ લાખથી વધુ વિદ્યાર્થીઓ માટે પરીક્ષા તા. ૨૬ ફેબ્રુઆરીથી ૧૬ માર્ચ, ૨૦૨૬ દરમિયાન યોજાશે. વધુમાં, રાજ્યના ૧.૩૫ લાખથી વધુ વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહ 'ગુજકેટ-૨૦૨૬'ની પરીક્ષા પણ આપશે. આમ, કુલ મળી ૧૫.૨૭ લાખથી વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ભાગ લેશે, તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ રાજ્યના તમામ જિલ્લાઓમાં સમીક્ષા કરીને કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, પોલીસ અધિક્ષક તેમજ જિલ્લા શિક્ષણાધિકારી સહિત તમામની કામગીરી બિરદાવતા જણાવ્યું હતું કે, ગુજરાતના બાળકો ભયમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે પ્રકારની વ્યવસ્થા રાજ્ય સરકારે કરી છે. આ ઉપરાંત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, 'પરીક્ષા એક ઉત્સવ છે', જ્યાં વિદ્યાર્થીને માનસિક ચિંતા ન રહે અને ભયમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપે તે જરૂરી છે.આ પ્રસંગે શિક્ષણ રાજ્યમંત્રી શ્રી રીવાબા જાડેજાએ જણાવ્યું હતું કે, તમામ અધિકારીશ્રીઓએ ભૂતકાળમાં બનેલા બનાવોનો અભ્યાસ કરવો જોઈએ અને આ વર્ષે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેની તકેદારી રાખવી જોઈએ. વર્ષ-૨૦૨૫માં યોજાયેલી ધોરણ ૧૦ અને ૧૨ના



પરીક્ષાના પરિણામોના પૃથ્થકરણના આધારે વિશેષ તકેદારી રાખવા પાત્ર જિલ્લાઓ તેમજ કેન્દ્રોમાં વધુમાં વધુ ચોકસાઈપૂર્વક તૈયારીઓ રાખવી જોઈએ. પરીક્ષા સમયે વિદ્યાર્થીઓને ગભરાહટ અથવા અન્ય કોઈ સ્વાસ્થ્ય સંબંધિત તકલીફ ન પડે તે માટે પરીક્ષા કેન્દ્રો પર 'ફર્સ્ટ એઈડ' ટીમ સુનિશ્ચિત કરવા પણ મંત્રીશ્રીએ સૂચના આપી હતી. રાજ્યના સંવેદનશીલ જિલ્લાઓ અને કેન્દ્રો પર મેટલ ડિટેક્ટર મશીન મૂકવા પણ તેમણે તાકીદ કરી હતી, જેથી કોઈ વિદ્યાર્થી ભૂલથી મોબાઈલ કે સ્માર્ટવોચ જેવા ઉપકરણો લઈને આવે તો તેની જાણકારી મળી શકે.આ સમીક્ષા બેઠકમાં જિલ્લા પરીક્ષા સમિતિને તકેદારી રાખવાના કેન્દ્રો, જિલ્લા સંકલન સમિતિના અધિકારીઓને દેખરેખની ફરજ સોંપવા, કાયદો અને વ્યવસ્થાની સમીક્ષા, જાહેરનામાની પ્રસિદ્ધિ, પ્રશ્નપત્રના સ્ટ્રોંગરૂમ ખાતે હથિયારધારી પોલીસ બંદોબસ્ત, એસ.ટી. બસોના રૂટની ગોઠવણી તેમજ વીજ પુરવઠો સાતત્યપૂર્ણ રીતે મળી રહે તે અંગે શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા અને શિક્ષણ રાજ્યમંત્રી શ્રી રીવાબા જાડેજાએ વિગતવાર માહિતી મેળવી અધિકારીઓને યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં આ પરીક્ષા ૧૪૬ ઝોન, ૧,૭૦૧ કેન્દ્રો, ૫,૫૬૫ બિલ્ડિંગ તેમજ ૫૩,૭૬૪ બ્લોકમાં યોજાશે. આ ઉપરાંત ગુજકેટ-૨૦૨૬ની પરીક્ષા ૩૪ ઝોન, ૩૪ કેન્દ્રો, ૬૫૮ બિલ્ડિંગ અને ૬,૮૦૩ બ્લોકમાં યોજાશે.આ બેઠકમાં શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રી મિલિંદ તોરવણે, ડી.જી.પી. (લો એન્ડ ઓર્ડર) શ્રી દીપક મેઘાણી, GSHSEBના અધ્યક્ષ શ્રી એમ. એ. પંડ્યા, સચિવ શ્રી આર.આર. વ્યાસ, નાયબ અધ્યક્ષ શ્રી એ. બી. રાદડિયા સહિતના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લાના તમામ કલેક્ટરશ્રીઓ અને જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ પણ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી આ બેઠકમાં જોડાયા હતા.

મંત્રી શ્રી બાવળીયાએ વિગતો આપતા કહ્યું હતું કે, આ MoU અંતર્ગત ૧૭ થી ૨૫ વર્ષની વયના યુવાનોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કૌશલ્ય ધોરણો મુજબ તાલીમ

# સરકાર, ઉદ્યોગો અને તાલીમ સંસ્થાઓ વચ્ચેના આ ત્રિવેણી સંગમ થકી ગુજરાતના યુવાનો રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે બનશે અગ્રેસર: મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા

હસ્તાક્ષર | કૌશલ્ય વિકાસ ક્ષેત્રે અગ્રણી ઉદ્યોગો સાથે રાજ્ય સરકારે MoU પર કર્યા હસ્તાક્ષર

ગુજરાતના યુવાનોને ગ્લોબલ સ્કિલ્ડ પ્રોફેશનલ્સ બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા પિડિલાઈટ ઈન્ડસ્ટ્રી લિમિટેડ, NAMTECH, ટાટા IIS, જસ્ટ ઓટો, લાર્સન એન્ડ ટુબ્રો (વડનગર) અને IACE જેવા અગ્રણી ઉદ્યોગો સાથે MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. સરકાર, ઉદ્યોગો અને તાલીમ સંસ્થાઓ વચ્ચેનો આ ત્રિવેણી સંગમ ગુજરાતના યુવાનોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે અગ્રેસર બનાવવામાં પાયાનો પથ્થર સાબિત થશે, તેમ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું.



રાજ્યના યુવાનોને આધુનિક અને વૈશ્વિક કક્ષાની તાલીમ પૂરી પાડવા માટે મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાની પ્રેરક ઉપસ્થિતિમાં તાજેતરમાં ગાંધીનગર ખાતે દેશના અગ્રણી ઉદ્યોગ સમૂહો સાથે સમજૂતી કરાર-MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

મંત્રી શ્રી બાવળીયાએ વિગતો આપતા કહ્યું હતું કે, આ MoU અંતર્ગત ૧૭ થી ૨૫ વર્ષની વયના યુવાનોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કૌશલ્ય ધોરણો મુજબ તાલીમ, ક્ષમતાવર્ધક અને સપર્ધાત્મક તૈયારીઓ માટે સક્ષમ બનાવવામાં આવશે. આ ઉપરાંત ઉદ્યોગોની બદલાતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને યુવાનોને આધુનિક ટેકનિકલ માર્ગદર્શન અને ગુણવત્તાયુક્ત પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવશે.

મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, આ સમજૂતી કરાર અંતર્ગત પસંદગી થયેલા ઉમેદવારો માટે અદ્યતન તકનીકી, પ્રાયોગિક તાલીમ, નિષ્ણાત મેન્ટરશીપ, મોક એસેસમેન્ટ તેમજ ઉદ્યોગોની શ્રેષ્ઠ કામગીરીનો પરિચય કરાવવામાં આવશે. રાજ્યના પ્રતિભાશાળી યુવાનો 'ઈન્ડિયા સ્કીલ્સ', 'વર્લ્ડ સ્કીલ્સ' તેમજ અન્ય આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ગુજરાતનું નામ રોશન કરી શકે તે માટે તેમને ખાસ 'નર્ચરિંગ' અને મેન્ટરશિપ પૂરી પાડવામાં આવશે. વર્ષ ૨૦૧૭થી કાર્યરત ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ મિશન-GSDM દ્વારા જિલ્લા અને રાજ્ય સ્તરે ઉદ્યોગો અને તાલીમ સંસ્થાઓના સહયોગથી વિવિધ સ્પર્ધાઓનું સફળ આયોજન કરવામાં આવી રહ્યું છે. આ MoUથી ઉદ્યોગોની ભાગીદારી વધુ સક્રિય બનશે અને રાજ્યના પ્રતિભાશાળી યુવાનોને વૈશ્વિક મંચ પર પોતાની કૌશલ્ય પ્રતિભા પ્રદર્શિત કરવાની વધુ તકો મળશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

# વિરમગામ ખાતે સરકારી આયુર્વેદ હોસ્પિટલ વિંઝુવાડા દ્વારા આયુષ મેળો યોજાયો

## ૪૫૦થી વધું દર્દીઓએ વિરમગામના શ્રી રામમહેલ મંદિર ખાતે આયોજિત આયુષ મેળાનો લાભ લીધો

(વંદના નીલકંઠ વાસુકીયા)

વિરમગામ : ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા નિયામક આયુષની કચેરી ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ સરકારી આયુર્વેદ હોસ્પિટલ વિંઝુવાડા તા- માંડલ જી- અમદાવાદ દ્વારા શ્રી રામમહેલ મંદિર વિરમગામ ખાતે આયુષ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયુષ મેળામાં શ્રી રામમહેલ મંદિરના મહંત શ્રી રામદાસબાપુ, વિરમગામ નગરપાલિકા પ્રમુખ કામિનીબેન હિતેશભાઈ મુનસરા, વિરમગામ નગરપાલિકા ઉપપ્રમુખ રઘુભાઈ અવગોતર, ચિફ ઓફિસર જયેશભાઈ પટેલ, વિરમગામ આ.ફ.ઓ, શેહર ભાજપપ્રમુખ દેવાજી ઠાકોર, મહેશભાઈ ચાવડા ઓ.બી. સી મોરચા પ્રમુખ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન વૈધ પંચકર્મ નેહાબેન પટેલ તથા આર.એમ.ઓ રાહુલકુમાર પરસાણિયા ના માર્ગદર્શન હેઠળ કરાવવામાં આવ્યું હતું .આ આયુષ મેળામાં અખંડાનંદ આયુર્વેદ કોલેજ તથા હોસ્પિટલ ના સ્ટાફ તથા જિલ્લા પંચાયત અમદાવાદના મેડિકલ ઓફિસર દ્વારા સેવા આપવામાં




આવી તથા ICDS વિભાગ દ્વારા પૌષ્ટિક વાનગીનું પ્રદર્શન કરાવવામાં આવ્યું હતું. બાળકોને સુવર્ણ પ્રાસન પીવડાવવામાં આવ્યું, રસોડાના ઔષધ વિશે, ઘર આંગણાના ઔષધો તથા મિલેટસનું પ્રદર્શન કરાવવામાં આવ્યું હતું. પંચકર્મ દિનચર્યા ઋતુચર્યા અંગે આયુષ પ્રદર્શન કરાવવામાં આવ્યું હતું. ડાયાબિટીસ તપાસ, બીપી તપાસ તથા BMD તપાસ કરાવવામાં આવી, નાડી પરીક્ષણ દ્વારા દર્દીઓનું નિદાન કરાવવામાં આવ્યું હતું. આયુર્વેદ ઓપીડી - ૩૩૨, હોમીઓપેથી ઓપીડી - ૧૨૦, નાડી પરીક્ષણ:- ૨૦૦, સુવર્ણ પ્રાસન - ૫૦, અગ્નિ કર્મ - ૫૦, આયુષ પ્રદર્શન લાભાર્થી - ૬૦૦, જરા કીટ વિતરણ - ૧૦૦, સશમની વટી - ૨૦૦નો દર્દીઓએ લાભ લીધો હતો.

# ફાગવેલ ખાતે સન્માન સમારોહનું ભવ્ય આયોજન

## બાલાસિનોર થી ફાગવેલ મંદિર સુધી ભવ્ય રેલી યોજાઈ અને ભાથીજી મહારાજને ધ્વજા આરોહણ કરી આશીર્વાદ પ્રાપ્ત કરવામાં આવ્યા

• રિપોર્ટર દિપક પરમાર ઘડિયા

બાલાસિનોરથી ફાગવેલ મંદિર સુધી ભવ્ય રેલી યોજાઈ અને ભાથીજી મહારાજને ધ્વજા આરોહણ કરી આશીર્વાદ પ્રાપ્ત કરવામાં આવ્યા. ફાગવેલ ખાતે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના મહિસાગર જિલ્લા સમિતિ દ્વારા ભારતીય જનતા પાર્ટી મહિસાગર જિલ્લાના નવનિયુક્ત હોદેદારોના સન્માન કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. મહીસાગર જિલ્લા ભાજપના નવનિયુક્ત તમામ હોદેદારશ્રીઓ તેમજ વિવિધ મોરચાના પ્રમુખશ્રીઓ અને મહામંત્રીશ્રીઓને દિલથી ખૂબ ખૂબ શુભેચ્છાઓ સહ અભિનંદન..!!



આ પ્રસંગે સમાજના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નવનિયુક્ત હોદેદારોને શુભકામનાઓ પાઠવી અને સંગઠનને વધુ મજબૂત બનાવવાના સંકલ્પ સાથે આગળ વધવાની પ્રતિજ્ઞા લીધી.

સમાજની એકતા, સંસ્કાર અને સેવા ભાવના સાથે સંગઠન વધુ પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ

આપ સૌના સશક્ત નેતૃત્વમાં સંગઠન વધુ મજબૂત બને, કાર્યકર્તાઓમાં નવી ઉર્જા ઉમટે અને જનસેવાના કાર્યોમાં મહિસાગર જિલ્લો નવી ઊંચાઈઓ સર કરે તેવી હાર્દિક શુભકામનાઓ..!!

# ઓલપાડની અંભેટા પ્રાથમિક શાળામાં પરીક્ષા પે ચર્ચા અંતર્ગત જ્ઞાન ગોષ્ઠિ યોજાઈ




• ઓલપાડ

ઓલપાડની જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત અંભેટા પ્રાથમિક શાળા ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં ઓનલાઈન પરીક્ષા પે ચર્ચાનાં કાર્યક્રમને શાળાનાં તમામ બાળકો, શિક્ષકગણ સહિત શાળા વ્યવસ્થાપન સમિતિએ સમૂહમાં નિહાળ્યો હતો. સદર ઓનલાઈન સેશન પૂર્ણ થતાં શિક્ષક મિત્રો દ્વારા બાળકોને તેમનાં અભ્યાસ સમયે કેવાં કેવાં અવરોધો આવે છે તે પૂછવામાં આવ્યું હતું અને તેને લગતાં સમાધાનો કયા હોઈ શકે તેની ચર્ચા કરવામાં આવી હતી. આમ, નજીકમાં આવી રહેલ વાર્ષિક પરીક્ષાની તૈયારીનાં બીજ શાળામાં નાંખવામાં આવ્યા હતાં.

શિક્ષકોને સોંપવામાં આવેલી શ્વાન સર્વે કામગીરીનો પરિપત્રને રદ કરીને અન્ય વ્યવસ્થા સરકાર તાત્કાલીક ઉભી કરે

# શિક્ષણ સિવાયની ૬૦ જેટલી કામગીરી કરતા હવે... શિક્ષકો ગણશે શ્વાન, શું આ રીતે ભણશે ગુજરાત ?

શિક્ષકો પાસેથી શિક્ષણ સિવાયની ૬૦ થી વધુ પ્રકારની કામગીરી લેવામાં આવી રહી છે. જેના લીધે શિક્ષકો પર ભાર વધી રહ્યો છે અને શિક્ષક સમુદાય માનસિક રીતે તાણ અનુભવી રહ્યા છે. શિક્ષણ વિભાગ દ્વારા શૈક્ષણિક સંસ્થાઓ/કચેરીઓ, કેમ્પસ વગેરે વિસ્તારોમાં રહેલા શ્વાનોનો સર્વે તાત્કાલિક કરવા માટેની કામગીરી શિક્ષકોને સોંપવા અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં ૪૦,૦૦૦ જેટલા શિક્ષકોની જગ્યા લાંબા સમયથી ખાલી છે. ૩,૦૦૦ જેટલી શાળાઓ માત્ર એક શિક્ષક થી ચાલી રહી છે એક તરફ મોટાપાયે શિક્ષકોની ખાલી જગ્યા, બીજી બાજુ કાર્યરત શિક્ષકોને અનેક પ્રકારની બિનશૈક્ષણિક ફરજિયાત પણે કામગીરી સોંપાઈ રહી છે. ઘણા સમયથી શિક્ષકો પાસેથી તીડ ભગાડવા, ભૂંડ ભગાડવા, પંચર સાંધતા શીખવવા, શોચાલય ગણવા, ભીડ ભેગી કરવી, સસ્તા અનાજની દુકાને લાઈન કરવી સહિતની ૬૦ થી વધુ શિક્ષણ સિવાયની કામગીરી લેવામાં આવી રહી છે. શિક્ષકો પર ભાર વધી રહ્યો છે. શિક્ષકોની સસ્તા અનાજની દુકાન પર લાઈન લગાવવા માટે, ગણતરી સહિતના બીજા કામો આપવા, ચૂંટણીના કામો આપવા, SIRની કામગીરીમાં શિક્ષકોને જવાબદારી સોંપવામાં આવી. એમને સોંપવામાં આવેલી કામગીરીથી શિક્ષણ વ્યવસ્થા પર અસર પડી રહી છે. સુપ્રિમ કોર્ટના આદેશનું સન્માન કરવાનું જ હોય પણ તેના અમલીકરણ માટે સરકાર શિક્ષકો સિવાયની અન્ય વ્યવસ્થા કેમ ઉભી કરતી નથી?\૪૦ હજારથી વધુ શિક્ષકોની જગ્યા ખાલી છે અને હવે તો પોતાના વિસ્તારના કેમ્પસ અને આજુબાજુના વિસ્તારમાં કેટલા શ્વાન ફરી રહ્યા છે, પોતાના વિસ્તારના કેમ્પસ અને આજુબાજુના વિસ્તારમાં કેટલા શ્વાન ફરી રહ્યા છે એનો સર્વે કરવા માટે કામગીરી સોંપવામાં આવી છે. એક તરફ પરીક્ષાનું સમય આવી રહ્યો છે અને તાજેતરમાં છેલ્લા ત્રણ ચાર મહિનાથી શિક્ષકોને મતદાર યાદી લક્ષી કામો તરફ વ્યસ્ત હતા હવે વસ્તી ગણતરી શરૂ થવા જઈ રહી છે. આ બધાની વચ્ચે હવે શ્વાન સર્વેની કામગીરી આવી છે જેના કારણે શિક્ષકને વર્ગ ખંડમાં શૈક્ષણિક કામ માટે સમય ન જ મળે. જેના લીધે શિક્ષકો અને શિક્ષણ પર મોટી અસર પડી રહી છે.ગુજરાતમાં કોઈપણ પ્રકારની કામગીરી સોંપવાની હોય તો માત્ર શિક્ષકોને જ કેમ સોંપાય છે ? શું શિક્ષકો સિવાય અન્ય કોઈ વ્યવસ્થા નથી ? તેવો વેધક પ્રશ્ન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા અને મીડિયા કન્વીનર ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં છેલ્લા ૨૦ વર્ષમાં શિક્ષકોના સન્માનને ઘા પહોંચે તેવી કામગીરી સતત સોંપવામાં આવી રહી છે. ગુજરાત શિક્ષણ ક્ષેત્રે સતત પાછળ ધકેલાઈ રહ્યું છે. ગુજરાતમાં અન્ય વિભાગમાં કર્મચારી જ નથી? શિક્ષક સિવાય આ કામગરી કરી શકે એવી કોઈ વ્યવસ્થા સરકાર પાસે નથી?

વિશ્વ રેડિયો દિવસ

આ વર્ષે રેડિયોદિવસની થીમ છે – રેડિયો અને વિશ્વાસ.

# માહિતીના પ્રસારનું સૌથી શક્તિશાળી અને સસ્તું માધ્યમ છે

## રેડિયો દ્વારા માહિતી સ્થાપિત કરવા અને પ્રદાન કરવા, નેટવર્કિંગ વધારવા અને બ્રોડકાસ્ટર્સ વચ્ચે એક પ્રકારનું આંતરરાષ્ટ્રીય સહયોગ પ્રદાન કરવા માટે પણ પ્રોત્સાહિત કરે છે.



આજકાલ

લેખક :દીપક જગતાપ




• 13મી ફેબ્રુઆરી :

આજેવિશ્વ રેડિયો દિવસ છે. રેડિયોના મહત્ત્વ અંગે લોકો અને માધ્યમોમાં જાગૃતિ વધારવાનાહેતુથી દર વર્ષે 13મી ફેબ્રુઆરીએ રેડિયો દિવસ ઉજવવામાં આવે છે. આ વર્ષે રેડિયોદિવસનો વિષય છે - રેડિયો અને વિશ્વાસ. આદિવસ રેડિયોની અનોખી શક્તિની યાદ અપાવે છે, જે માહિતી અને મનોરંજનના માધ્યમથીલોકોના દિલ જીતી લે છે અને વિશ્વના લોકોને એકસાથે લાવે છે.રોઈટર્સનાહાલના સર્વેક્ષણમાં આકાશવાણી સૌથી વધુ વિશ્વસનીય માધ્યમરૂપે ઉભરી આવ્યું છે. કોઈનું બાળપણ રેડિયોની મદદથી પસાર થાય છે તો કોઈની વૃદ્ધાવસ્થા. આ દેશે જે રીતે આઝાદીની ઘોષણા સાંભળી તેનું માધ્યમ પણ રેડિયો જ હતું. દેશમાં જ્યારે ઈમરજન્સી આવી ત્યારે એ જાહેરાત પણ તત્કાલિન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ કરી હતી, જેમણે આખા દેશને હચમચાવી નાખ્યો હતો.વર્તમાન સમયમાં સ્માર્ટફોનનો ટ્રેન્ડ હોવા છતાં રેડિયો પ્રત્યે લોકોનો ક્રેઝ આજે પણ ઓછો થયો નથી. આજે પણ લોકો પાસે જૂના સમયના રેડિયો જોવો મળે છે, પરંતુ આધુનિક સમયમાં લોકોમાં ક્યાંક ને ક્યાંક રેડિયોનું મહત્વ જતું રહ્યું છે. જે રીતે લોકો સવારે ઉઠીને દિવસના સમાચાર સાંભળવા રેડિયો પાસે બેસી જતા હતા. એન્ડ્રોઈડ ફોન હોવાને કારણે આજે દરેક વ્યક્તિ એ સમય ભૂલી રહ્યો છે.

1957થી સોલન રેડિયો સર્વિસના નામથી સોલનમાં દુકાન ચલાવતા સુનીલ રાજુએ જણાવ્યું હતું કે, રેડિયોના જમાનામાં લોકો રેડિયો પાસે બેસીને દિવસભર સમાચાર અને ગીતો સાંભળતા હતા. તે સમય અલગ હતો, પરંતુ આધુનિક સમયમાં લોકોમાં તેનો ઉત્સાહ ઓસરી રહ્યો છે. તેમ છતાં, લોકો આજે પણરેડિયો પર ગીતો અને સમાચાર સાંભળીને ખુશ જણાય છે.

ઈતિહાસયુનેસ્કોના એક્ઝિક્યુટિવ બોર્ડે જનરલ કોન્ફરન્સને વિશ્વ રેડિયો દિવસ જાહેર કરવાની ભલામણ કરી હતી. 2011 માં યુનેસ્કોએ એક વ્યાપક પરામર્શ પ્રક્રિયા હાથ ધરી હતી અને આ પણ સ્પેન દ્વારા પ્રસ્તાવિત છે. 1946 માં યુનાઈટેડ નેશન્સ રેડિયોએ આખરે પ્રથમ કોલસાઈન પ્રસારિત કર્યું હતું. યુનેસ્કોના 36માં સત્રમાં 13 ફેબ્રુઆરીને વિશ્વ રેડિયો દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી. યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ 14 જાન્યુઆરી 2013ના રોજ યુનેસ્કોની વિશ્વ રેડિયો દિવસની ઘોષણાને ઔપચારિક રીતે સમર્થન આપ્યું હતું. યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીના 67માં સત્રમાં 13 ફેબ્રુઆરીને વિશ્વ રેડિયો દિવસ તરીકે જાહેર કરવાનો ઠરાવ સ્વીકારવામાં આવ્યો હતો અને આ રીતે દર વર્ષે 13 ફેબ્રુઆરીએ વિશ્વ રેડિયો દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

મહત્વવિશ્વ રેડિયો દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય રેડિયોનું મહત્વ વધારવા માટે જનતા અને મીડિયામાં જાગૃતિ ફેલાવવાનો છે. તે નિર્ણય લેનારાઓને રેડિયો દ્વારા માહિતી સ્થાપિત કરવા અને પ્રદાન કરવા, નેટવર્કિંગ વધારવા અને બ્રોડકાસ્ટર્સ વચ્ચે એક પ્રકારનું આંતરરાષ્ટ્રીય સહયોગ પ્રદાન કરવા માટે પણ પ્રોત્સાહિત કરે છે.

દુનિયા હંમેશા બદલાતી રહે છે, તેથી રેડિયો અનુકૂલન કરે છે અને નવીનતા લાવે છે. આ દિવસની ઉજવણી વર્ષ 2012માં શરૂ કરવામાં આવી હતી. વાસ્તવમાં, રેડિયો એ જનસંચારનું એકમાત્ર માધ્યમ છે જેના દ્વારા અત્યાર સુધી અસંખ્ય લોકો સુધી સંદેશા પહોંચાડવામાં આવ્યા છે. ખાસ કરીને ગામડાઓ, નગરો અને એવા સ્થળોએ રહેતા લોકો માટે જ્યાં અન્ય કોઈ સંદેશાવ્યવહારના માધ્યમો સુધી પહોંચવું સરળ નથી. આજે પણ આ સ્થળોએ રેડિયો સંદેશાવ્યવહારનું મુખ્ય માધ્યમ છે.

સમગ્ર વિશ્વમાં રેડિયોએ સમગ્ર વિશ્વમાં માહિતીની આપલે કરવામાં અને લોકોને શિક્ષિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. તેનો ઉપયોગ યુવાનોને અસર કરતા વિષયોની ચર્ચામાં સામેલ કરવા માટે કરવામાં આવતો હતો. તે કુદરતી અને માનવસર્જિત આફતો દરમિયાન લોકોના અમૂલ્ય જીવન બચાવવામાં મદદ કરે છે. હાલમાં પણ તે માહિતીના પ્રસારનું સૌથી શક્તિશાળી અને સસ્તું માધ્યમ છે. જોકે રેડિયો સદીઓ જૂનું માધ્યમ બની ગયું છે, તેમ છતાં તેનો ઉપયોગ સંદેશાવ્યવહાર માટે થાય છે.

વિશ્વ રેડિયો દિવસ અભિવ્યક્તિની સ્વતંત્રતા, જાહેર ચર્ચા અને શિક્ષણના પ્રસારમાં રેડિયોના મહત્વને સમજાવવાના ઉદ્દેશ્ય સાથે ઉજવવામાં આવે છે. તે નિર્ણય લેનારાઓને રેડિયો દ્વારા માહિતી સ્થાપિત કરવા અને પ્રસારિત કરવા, નેટવર્કિંગ વધારવા અને બ્રોડકાસ્ટર્સ વચ્ચે એક પ્રકારનું આંતરરાષ્ટ્રીય સહયોગ પ્રદાન કરવા માટે પણ પ્રોત્સાહિત કરે છે.સ્પેન રેડિયો એકેડેમીએ સૌપ્રથમ 2010માં 13 ફેબ્રુઆરીએ વિશ્વ રેડિયો દિવસ ઉજવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. તે પછી વર્ષ 2011માં યુનેસ્કોના સભ્ય દેશો દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું અને 2012માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા અપનાવવામાં આવ્યું હતું. આ પછી યુનેસ્કોએ આ દિવસને 13 ફેબ્રુઆરી 2012ના રોજ વિશ્વ રેડિયો દિવસ તરીકે પ્રથમ વખત ઉજવ્યો. ત્યારથી, વિશ્વ રેડિયો દિવસ આ દિવસે સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે. હકીકતમાં, 13 ફેબ્રુઆરીએ સંયુક્ત રાષ્ટ્ર રેડિયોની વર્ષગાંઠ પણ છે. વર્ષ 1946માં આ દિવસે તેની શરૂઆત કરવામાં આવી હતી.

દર વર્ષે યુનેસ્કો વિશ્વભરના બ્રોડકાસ્ટર્સ, સંસ્થાઓ અને સમુદાયો સાથે મળીને રેડિયો દિવસ નિમિત્તે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરે છે. ઉપરાંત આ દિવસે સંદેશાવ્યવહારના માધ્યમ તરીકે રેડિયોના મહત્વ વિશે ચર્ચા કરવામાં આવે છે અને જાગૃતિ ફેલાવવામાં આવે છે. એ પણ જણાવવામાં આવે છે કે રેડિયો એક એવી સેવા છે. જેના દ્વારા માત્ર રેડિયો ફ્રીક્વન્સી પર જ વાત કરી શકાતી નથી. તેના બદલે, આપત્તિ સમયે જ્યારે સંદેશાવ્યવહારના અન્ય માધ્યમો અટકી જાય છે ત્યારે અસરગ્રસ્તોને પણ મદદ કરી શકાય છે.આજે પણ રેડિયોનું મહત્વ જરાયે ઓછું થયું નથી.

કડીમાં ગૌવંશના કતલથી ચકચાર:લોહીથી ખરડાયેલાં છરા-રિક્ષા જપ્ત

# ગૌરક્ષકોએ કહ્યું, રાત્રે 15-20 ગાયના માથાને ધડથી અલગ કર્યા; કાર્યવાહી નહીં થાય તો આંદોલન કરીશું

માંગણી

બાતમી મળતા જ ગૌરક્ષકોની ટીમે ઘટનાસ્થળે દરોડો પાડ્યો હતો




• કડી

મહેસાણા જિલ્લાના કડી તાલુકામાં ગૌવંશની કતલની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અલદેશણ રોડ પર ગત (11 ફેબ્રુઆરી) મોડી રાત્રે ગૌરક્ષકોએ પાડેલા દરોડા દરમિયાન બે ગાયના કતલ કરેલા મૃતદેહ મળી આવતાં સમગ્ર પંથકમાં ભારે રોષ અને ચકચાર ફેલાઈ ગઈ છે.ઘટનાસ્થળેથી કતલ માટે વપરાયેલા હથિયારો અને એક રિક્ષા પણ મળી આવી છે.છેલ્લા ઘણા સમયથી કડીના અલદેશણ રોડ આસપાસ ગૌવંશની કતલ થતી હોવાની ફરિયાદો ઉઠી રહી હતી. આ પ્રવૃત્તિને રોકવા માટે ગૌરક્ષકો છેલ્લા કેટલાક દિવસોથી રાત્રિના સમયે રેકી કરી રહ્યા હતા. બુધવારે મોડી રાત્રે ગૌરક્ષકોને પાકી બાતમી મળી હતી કે અલદેશણ ગામની સીમમાં આવેલા નૂરબાનુ ફાર્મ હાઉસ પાસેના ખુલ્લા મેદાનમાં કેટલાક ઈસમો ગાયોની કતલ કરી રહ્યા છે.ગૌરક્ષક ગૌસ્વામી પાર્થગિરી બાબુગિએ જણાવ્યું હતું કે, અમે રાતે જાગતા હતા, ત્યારે જોયું કે ગાયો કપાતી હતી. પગ કાપેલા હતા ગાયોના. અમે જોડે આવ્યા એટલે આરોપી ભાગી ગયા. રિક્ષા ઝડપાઈ. ગાયો બહુ કાપેલી છે, 15-20 જેવી ગાયો કાપેલી છે. એટલે અમારી માંગણી એક જ છે કે, આરોપીઓને જલ્દી ને જલ્દી હાજર કરો. નહીં કરે તો અમે રેલી કાઢીશું. એ જ અમારી માંગણી છે.બાતમી મળતા જ ગૌરક્ષકોની ટીમે ઘટનાસ્થળે દરોડો પાડ્યો હતો. જોકે, ગૌરક્ષકોને આવતા જોઈ કતલ કરી રહેલા શખસ અંધારાનો લાભ લઈને ત્યાંથી નાસી છૂટ્યા હતા. ગૌરક્ષકોએ સ્થળ પર તપાસ કરતાં કતલ કરેલી હાલતમાં બે ગાય મળી આવી હતી. તપાસ દરમિયાન ત્યાંથી કતલ કરવા માટે વપરાયેલા તીક્ષ્ણ છરા અને લોહીથી ખરડાયેલી એક બિનવારસી રિક્ષા મળી આવી હતી, જેનો ઉપયોગ ગૌમાંસની હેરફેર માટે થતો હોવાની આશંકા છે.આ ઘટનાની જાણ થતા જ વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. કડી પોલીસને જાણ કરવામાં આવતા ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો પણ સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે તાત્કાલિક પશુ ચિકિત્સક (Animal Doctor) ને બોલાવી જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.ગૌરક્ષક ઠાકોર દાનસંગજીએ જણાવ્યું હતું કે, અલદેસણ-જાસલપુર રોડ ઉપર નૂરબાના ફાર્મના આજુબાજુમાં અઠવાડિયાથી રાત્રે ગાયો કપાવાનું ચાલુ હતું. ખેતરમાં બધા ગૌરક્ષકો, ગૌપ્રેમીઓએ આવીને જોયું તો ગાયો કપાતી હતી એના અવશેષો જોવા મળ્યા હતા.અમે બે-ત્રણ દિવસથી જોયું તો ચાર-પાંચ ગાય કાપેલી જોવા મળી. પછી અમે તપાસ કરી, રાતે ચેકિંગ કર્યું. તો આજે રાત્રે બે-ત્રણ ગાય કાપતા હતા ને અમે આવી ગયા એટલે ગાયો કાપનારા ભાગી ગયા. પછી અમે પોલીસને રજૂઆત કરી, પોલીસે આવી તપાસ ચાલુ કરી એમણે એક રિક્ષા પકડી હતી.

અમારી માંગણી એવી છે કે, અમારા રોડ ઉપર બહુ ખોટું કૃત્ય ચાલી રહ્યું છે. મજબૂતમાં મજબૂત પગલાં લેવામાં આવે અને આરોપીઓને કડક સજા કરવામાં આવે. અમનો વરઘોડો કાઢી એમને અહીં લાવવામાં આવે. ગૌમાતા આખા ભારત દેશની માતા છે એટલે આવું કૃત્ય થતું અટકાવવામાં આવે, અલદેસણ-જાસલપુર રોડ ઉપ બહુ ખોટું કૃત્ય ચાલી રહ્યું છે.

પોલીસે સ્થળ પરથી મળેલા પુરાવાઓ અને રિક્ષાના નંબરના આધારે ફરાર થઈ ગયેલા આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# કારે બાઈકચાલક વૃદ્ધને ઉડાવ્યાં, સ્થળે જ મોત ભત્રીજા-ભત્રીજીનો લગ્ન પ્રસંગ માતમમાં ફેરવાયો

હાજરી આપવા જતાં વસાઈ પાસે વરના કાર કાળ બની ત્રાટકી

• મહેસાણા

પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકાના નાગવાસણ ગામના એક વૃદ્ધનું વસાઈ ગામે શિવ શક્તિ હોટેલ પાસે થયેલા ગમખ્વાર અકસ્માતમાં કરુણ મોત નીપજ્યું છે. ભત્રીજા-ભત્રીજીના લગ્નપ્રસંગમાં હાજરી આપવા જઈ રહેલા વૃદ્ધને પૂરઝડપે આવતી વરના કારે ટક્કર મારતા તેઓએ ઘટનાસ્થળે જ દમ તોડ્યો હતો. આ મામલે વસાઈ પોલીસે કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.નાગવાસણ ગામના વતની ઠાકોર હીરાજી બાબુજી પોતાના કાકાનું બાઈક GJ 02 CB 7028 લઈને વડસ્મા ગામે જઈ રહ્યા હતા. જ્યાં ગઈકાલે સવારના દસેક વાગ્યાના સુમારે જ્યારે તેઓ વસાઈ પાસે આવેલી શિવ-શક્તિ હોટેલ પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે સામેથી પૂરઝડપે આવી રહેલી લાલ કલરની વરના ગાડી GJ 02 EA 0115ના ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે, હીરાજી ઠાકોરને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ લોહીલુહાણ હાલતમાં મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જીને કારચાલક પોતાની ગાડી મૂકીને ત્યાંથી નાસી છૂટ્યો હતો.મૃતકના પુત્ર મુકેશજી ઠાકોરને આ અંગે જાણ થતા તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, વડસ્મા પાસે આવેલા શંકરપુરા ગામે તેમના કાકાના દીકરા-દીકરીના આગામી 13 અને 14 તારીખે લગ્ન હોવાથી પિતા ત્યાં રોકાવવા માટે જઈ રહ્યા હતા. જોકે ખુશીના પ્રસંગ પહેલા જ આ અકસ્માતે પરિવારની ખુશીઓને માતમમાં ફેરવી દીધી છે. વસાઈ પોલીસે મુકેશજીની ફરિયાદના આધારે અજાણ્યા કારચાલક વિરુદ્ધ ગફલતભરી રીતે ગાડી હંકારી અકસ્માત સર્જવાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી તેજ કરી છે.

# ભરુચના ગુમ સ્પા સંચાલકની હત્યા!:વાગરા નજીક હાથ-પગ બાંધેલી હાલતમાં મૃતદેહ મળ્યો

• ભરૂચ

ભરૂચના વાગરા તાલુકાના રહાડ-વછનાદ માર્ગ પરથી યુવાનનો હાથ-પગ બાંધેલી હાલતમાં મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. મૃતદેહ મળ્યાની જાણ થતાં વાગરા પોલીસ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી અને મૃતદેહનો કબ્જો મેળવી ઓળખ પ્રક્રિયા હાથ ધરી હતી.

તપાસ દરમિયાન મૃતક યુવાન ભરૂચ શહેરમાં સ્પા વ્યવસાય સાથે સંકળાયેલ અને ઝાડેશ્વર વિસ્તારમાં રહેતો કૃણાલ પટેલ હોવાનું બહાર આવ્યું હતું. કૃણાલ પટેલ છેલ્લા કેટલાક દિવસોથી ગુમ હતો અને તેના ગુમ થવા અંગે ભરૂચ શહેર 'સી' ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ પણ નોંધાઈ હતી.પ્રાથમિક તપાસ મુજબ અજાણ્યા શખ્સોએ કૃણાલ પટેલના હાથ-પગ બાંધી ગળે ટૂંપો આપી હત્યા કરી હોવાની આશંકા વ્યક્ત થઈ રહી છે. હત્યા બાદ મૃતદેહને વાગરા નજીક લાવી ફેંકી દેવાયો હોવાની શક્યતા પોલીસ સૂત્રોએ દર્શાવી છે.પોલીસે આગળની તપાસ હાથ ધરીવાગરા પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

# 'ભારત બંધ'નું એલાન:ટ્રેડ યુનિયનો અને ખેડૂત સંગઠનો આજે દેશવ્યાપી હડતાળ પર

• ગાંધીનગર

ટ્રેડ યુનિયનો અને ખેડૂત સંગઠનો દ્વારા આજે દેશવ્યાપી 'ભારત બંધ'નું એલાન આપવામાં આવ્યું છે. વિવિધ મજૂર સંગઠનો અને સંયુક્ત ખેડૂત મોરચાના આહ્વાન પર દેશભરમાં મોટા પાયે હડતાળ અને વિરોધ પ્રદર્શન યોજાવાના છે. મુજબ 10થી વધુ કેન્દ્રીય ટ્રેડ યુનિયનો આ બંધમાં જોડાઈ રહી છે. મજૂર સંગઠનોનો આરોપ છે કે, કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં લાવવામાં આવેલા નવા શ્રમ કાયદાઓ કામદારોના હકોને નબળા પાડે છે. તેઓ ચાર નવા લેબર કોડ્સ પાછા ખેંચવા, નોકરીની સુરક્ષા વધારવા અને કોન્ટ્રાક્ટ પ્રથા પર નિયંત્રણ લાવવાની માગણી કરી રહ્યા છે.ખેડૂત સંગઠનો પણ આ બંધને સમર્થન આપી રહ્યા છે. કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સ્થાનિક પ્રશાસન સતર્ક બન્યું છે. ભારત બંધના આ આહ્વાનથી સામાન્ય જનજીવન પર કેટલો પ્રભાવ પડશે તે અંગે નજરો ટકેલી છે. ખેડૂતોની માગમાં ખેતી ઉત્પાદનોને યોગ્ય ભાવ, કૃષિ સંબંધિત નીતિઓમાં સુધારા અને ખેતી ક્ષેત્રે વધતી ખર્ચની સમસ્યાનો ઉકેલ સામેલ છે. સંગઠનોનું કહેવું છે કે સરકારની કેટલીક નીતિઓ નાના અને મધ્યમ વર્ગના ખેડૂતો માટે નુકસાનકારક સાબિત થઈ રહી છે.બંધને કારણે બેંકિંગ સેવાઓ, જાહેર પરિવહન, સરકારી કચેરીઓ અને બજારો પર આંશિક અસર પડી શકે છે. કેટલીક જગ્યાએ શાળા-કોલેજોમાં પણ કામગીરી પ્રભાવિત થવાની શકયતા વ્યક્ત કરવામાં આવી છે. જોકે આવશ્યક સેવાઓ ચાલુ રાખવા માટે સરકાર દ્વારા જરૂરી વ્યવસ્થા કરવામાં આવી રહી હોવાનું સૂત્રો જણાવે છે.દેશના અનેક શહેરોમાં રેલી, ધરણાં અને પ્રદર્શન યોજવાના છે. કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સ્થાનિક પ્રશાસન સતર્ક બન્યું છે. ભારત બંધના આ આહ્વાનથી સામાન્ય જનજીવન પર કેટલો પ્રભાવ પડશે તે અંગે નજરો ટકેલી છે.

# સૌરાષ્ટ્રમાં બોર્ડના 3.74 લાખ પરીક્ષાર્થીઓ:ધો.10 ના વિદ્યાર્થીઓને નવી પેપર સ્ટાઇલ મુજબ જનરલ ઓપ્શનનો લાભ મળશે

• રાજકોટ

ધો.10 માં 2,24,787, ધો.12 સામાન્ય પ્રવાહમાં 1,23,011 અને વિજ્ઞાન પ્રવાહમાં 26830 વિદ્યાર્થીઓ છે. જેમાં એક્સપર્ટના કહેવા પ્રમાણે નવી શિક્ષણ નીતિ અનુસાર 70% સબ્જેક્ટીવ અને 30% ઓબ્જેક્ટિવ પૂછવામાં આવશે. આ વખતે પણ બોર્ડના વિદ્યાર્થીઓને જનરલ ઓપ્શનનો લાભ મળશે એટલે કે વિદ્યાર્થીઓને એક સવાલ ન આવડતું હોય તો તેના અથવામાં બીજો ઓપ્શન આપવામાં આવશે જેને કારણે વિદ્યાર્થીઓને પેપર લખવામાં સરળતા રહેશે. એક્સપર્ટ નિલેશ સેંજલિયાએ જણાવ્યું હતુ કે, આ વખતે બોર્ડની પરીક્ષામાં 70% સબ્જેક્ટીવ અને 30% ઓબ્જેક્ટિવ પૂછવામાં આવશે. જેથી 80 માર્કના પેપરમાં 56 માર્કનો સબ્જેક્ટિવ પુછાશે. જ્યારે 24 માર્કનું ઓબ્જેક્ટીવ પૂછવામાં આવશે. ઓબ્જેક્ટીવ માં ખાલી જગ્યા, જોડકા જોડો અને એક શબ્દમાં જવાબ આપો તે પ્રકારના સવાલો અથવા MCQ પૂછાય. ટેક્સ્ટ બુક યોગ્ય રીતે કરેલી હોય તો તેઓને 24માંથી 24 માર્ક મળી શકે છે.જ્યારે બી સેક્સન 56 માર્કનું હોય છે. જેમાં કુલ 13 પ્રશ્નો પૂછવામાં આવે છે અને તેમાંથી કોઈ પણ 9ના જવાબ આપવાના હોય છે. જનરલ ઓપ્શન ની સિસ્ટમ છેલ્લા ત્રણ વર્ષથી એપ્લાય થઈ છે. સેક્શન C માં 3 માર્કવાળા પ્રશ્નો હોય. જેમાં 9 માંથી કોઈ પણ 6 સવાલના જવાબ આપવાના હોય છે. આ ઉપરાંત સેક્શન D માં 4 માર્કવાળા પ્રશ્નો હોય છે. જેમાં 8 પ્રશ્નો પૂછવામાં આવ્યો હોય અને તેમાંથી કોઈ પણ 5 ના જવાબ આપવાના હોય છે. જેના લીધે વિદ્યાર્થીઓને પેપર લખવામાં ખૂબ જ સરળતા રહે છે. સેક્શન C માં 3 માર્કવાળા પ્રશ્નો હોય. જેમાં 9 માંથી કોઈ પણ 6 સવાલના જવાબ આપવાના હોય છે.

સાબરમતી જેલમાં યુવા કેદીઓ માટે 'એલ' આકારની નવી બેરેક

# રીઢા ગુનેગારોથી દૂર રાખીને સુધારવાની પહેલ, ડિપ્રેશનમાં રહેતા કેદીઓ માટે કાઉન્સેલિંગ

• અમદાવાદ

18 વર્ષથી વધુ વયની વ્યક્તિઓને જેલમાં રાખવામાં આવે છે. જ્યારે એનાથી નાની વયના કિશોરોને બાળ સુધારણા કેન્દ્ર (ચિલ્ડ્રન રિમાન્ડ હોમ) માં રાખવામાં આવે છે. જેલોમાં જેમને સજા ફટકારવામાં આવી હોય તેવા કેદીઓને પાકા કામના કેદી તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે જેમની સામે કોર્ટમાં કેસ ચાલુ હોય અથવા ટ્રાયલ શરૂ થવાની બાકી હોય તેમને કાચા કામના કેદી કહેવાય છે.કેદીઓને અલગ અલગ રાખવા શક્ય ન હોવાથી આ કેદીઓને એક બેરેકમાં સાથે રાખવામાં આવતા હોય છે. આમાં નાના-મોટા ગુનાના આરોપીથી માંડીને અઠંગ ગુનેગારોનો પણ સમાવેશ થાય છે. એના કારણે તેઓ પરસ્પર એકબીજાના સંપર્કમાં આવે છે અને તેમની વચ્ચે મિત્રતા કેળવાય છે. આ મિત્રતા બહાર જઈને પણ ચાલુ રહેતાં ગેંગનું સ્વરૂપ ધારણ કરે છે.એમાં પણ સામાન્ય ગુનામાં પ્રથમવાર જેલમાં આવેલા યુવાનો કુખ્યાત ગુનેગારોના સંપર્ક અને પ્રભાવમાં આવીને રીઢા ગુનેગાર બની જતા હોવાના કિસ્સા પણ પ્રકાશમાં આવ્યા છે, જોકે જેલમાં રહીને ઘણા લોકો સુધરે પણ છે અને પોતાના પગ પર ઊભા રહીને નવું જીવન જીવવા લાગે છે.અમુક લોકો કુખ્યાત ગુનેગારોની સંગતના કારણે વધુ ખતરનાક બની જાય છે. અમદાવાદ મધ્યસ્થ જેલ ઓથોરિટીએ આ ગંભીર બાબતને ધ્યાને લઈ યુવાનો અઠંગ ગુનેગારોના સંપર્કમાં આવીને ગુનેગાર ન બને એ હેતુથી 18થી 24 વર્ષની વય ધરાવતા કેદીઓ માટે અલગ બેરેક ઊભું કરી એક નવતર પ્રયાસ હાથ ધર્યો છે.યુવા કેદીઓને સેપરેટ બેરેકમાં રાખવામાં આવે છે. એક મહિના પહેલાં જ આ અલાયદી વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે, જેમાં હાલ આશરે 330 જેટલા કેદીને રાખવામાં આવ્યા છે. જેલમાં L આકારની નવી બેરેક પણ બની રહી છે, જેની ક્ષમતા 1080 કેદીની હશે. એની સાથે અન્ય 3-4 બેરેક પણ બની રહ્યાં છે, જેમાં 100 જેટલા કેદીઓ રહી શકશે. આમ, અંદાજે 1200 કેદી માટે વધારાની સુવિધા ઊભી થશે. જેલના ઓવરક્રાઉડિંગની સમસ્યા નિવારવા આ પગલું લેવાયું છે, જે 2-3 મહિનામાં તૈયાર થઈ જશે.

આ અંગે વધુ માહિતી મેળવવા દિવ્ય ભાસ્કરે અમદાવાદ સેન્ટ્રલ જેલના સુપરિન્ટેન્ડન્ટ ગૌરવ અગ્રવાલ સાથે ખાસ વાતચીત કરી હતી.તેમણે કહ્યું હતું કે અમદાવાદ મધ્યસ્થ જેલમાં 6 બેરેક છે. દરેક બેરેકમાં 50થી વધુ કેદીઓને રાખવાની સુવિધા છે. એ રીતે અમે 330 કેદીને રાખ્યા છે, બાકીના 18થી 24 વયના કેદીઓનું ધ્યાન રાખવામાં આવે છે કે તેમને રીઢા ગુનેગારોના બેરેકમાં ન રાખવામાં આવે. જે ગુનો કરવાની આદતવાળા છે તેવા કેદીઓથી દૂર એકાદ ગુનો કરીને આવ્યા હોય તેવા પ્રકારના કેદીઓ સાથે રાખવામાં આવે છે.ગૌરવ અગ્રવાલે વધુમાં જણાવ્યું હતું કે 18થી 24 વર્ષની ઉંમરના કેદીઓ ખૂબ જ સંવેદનશીલ હોય છે. ઘણીવાર પોક્સો અથવા સામાન્ય મારામારી જેવા ગુનામાં આવતા કેદીઓ ડિપ્રેશનનો શિકાર બની જાય છે. વળી, આ ઉંમર ખૂબ જ પ્રભાવિત થઈ જવાની હોય છે. જો તેઓ રીઢા ગુનેગારોના સંપર્કમાં આવે તો નવા પ્રકારના ગુનાઓ શીખવાની પૂરેપૂરી શક્યતા રહે છે.'અમારો ઉદ્દેશ હંમેશાં કરેક્શનલ એડમિનિસ્ટ્રેશન તરફ જવાનો છે, જેથી યુવાનો જેલમાંથી નવું ક્રાઈમ શીખીને જવાને બદલે બહાર નીકળીને સમાજમાં હકારાત્મક યોગદાન આપી શકે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

### 107 કરોડનું ટર્નઓવર, ડ્રગ્સનું પ્લાન્ટિંગ ને ચિરાગ ગોટીના પરિવાર પર ગાળિયો કસાયો

# ગુંડા ગોટીનો ભાજપ નેતાઓ સાથેનો ફોટો વાઈરલ:સુરતમાં જમીન દલાલનું પિતા-પુત્રોએ મળી અપહરણ કર્યુ

## ભાગીદારની કારમાં ડ્રગ્સ મુકાવી તેને ફસાવવાના ષડયંત્ર બાદ હવે તેની સામે ચોક બજાર પોલીસ મથકમાં વધુ એક ગંભીર ગુનો નોંધાયો છે

સુરત

સુરતમાં માથાભારે છાપ ધરાવતા અને 'તાલીબાની' અત્યાચાર ગુજારવા માટે જાણીતા ચિરાગ ગોટીની મુશ્કેલીઓમાં સતત વધારો થઈ રહ્યો છે. ભાગીદારની કારમાં ડ્રગ્સ મુકાવી તેને ફસાવવાના ષડયંત્ર બાદ હવે તેની સામે ચોક બજાર પોલીસ મથકમાં વધુ એક ગંભીર ગુનો નોંધાયો છે. વેડ રોડ પર રહેતા જમીન દલાલ જિજ્ઞેશ મગનભાઈ વ્યાસનું અપહરણ કરી, તેમની પાસે 2 લાખની ખંડણી માંગી 50 હજાર પડાવી લેવા બદલ ચિરાગ ગોટી, તેના પિતા ઘનશ્યામ ગોટી અને ભાઈ નિરાંત ગોટી સહિત સાત શખ્સો સામે ફરિયાદ નોંધાઈ છે. આ ફરિયાદ બાદ સુરત પોલીસે હવે આખા ગોટી પરિવાર અને તેમના ગુનાહિત નેટવર્ક પર તપાસનો ગાળિયો મજબૂત કર્યો છે.

તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે ચિરાગ ગોટી 'શ્યામ લુબ્રિકન્ટ્સ' નામની કંપની ચલાવે છે, જેનું વાર્ષિક ટર્નઓવર અંદાજે 107 કરોડ રૂપિયા જેટલું છે. જોકે, પોલીસનો આરોપ છે કે આ ઓઈલ કંપની માત્ર એક મહોરું છે. આ કંપનીની આડમાં ચિરાગ મિલકત વિવાદો ઉકેલવા, વ્યાપારી લેવડદેવડમાં દબાણ ઉભું કરવા અને લોકોના પ્લોટ હડપવા જેવા ગુનાહિત કામો કરતો હતો. છેલ્લા આઠ મહિનાથી આ કંપની બંધ હાલતમાં હતી કારણ કે ચિરાગ ફરાર હતો. હવે તપાસ એજન્સીઓ આ કંપનીના તમામ નાણાકીય વ્યવહારો અને હિસાબોની ઝીણવટભરી તપાસ કરી રહી છે.

ચિરાગ ગોટીને હથિયારોનો ખૂબ શોખ હોવાનું તેના સોશિયલ મીડિયા પ્રોફાઈલ પરથી જણાય છે. તેના અનેક ફોટા વાઈરલ થયા છે જેમાં તે હાથમાં પિસ્તોલ રાખીને પોઝ આપતો જોવા મળે છે. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) આ હથિયારોની તપાસ કરી રહી છે. જોકે, પોલીસની કડક પૂછપરછમાં ચિરાગે એવો દાવો કર્યો હતો કે આ માત્ર 'એરગન' હતી. ગણપતિ ઉત્સવ દરમિયાન પણ તેના ઘર પાસે હવામાં ફાયરિંગ કરતો એક વીડિયો વાઈરલ થયો હતો, જેને લઈને પોલીસે તેને કાયદાનું ભાન કરાવ્યું હતું.

ચિરાગ ગોટીની ધરપકડ બાદ સુરતમાં રાજકારણ પણ ગરમાયું છે. કોંગ્રેસના નેતાઓએ ચિરાગના ફોટા વાઈરલ કર્યા છે જેમાં તે ભારતીય જનતા પાર્ટીના નેતાઓ સાથે અને ભાજપના ખેસમાં જોવા મળી રહ્યો છે. ખાસ કરીને કતારગામના ધારાસભ્ય વિનું મોરડીયા સાથેના ફોટો વિપક્ષ દ્વારા વાઈરલ કરાયા છે. વિપક્ષનો આરોપ છે કે ચિરાગ આવા રાજકીય સંબંધોના જોરે જ અત્યાર સુધી બચતો આવ્યો હતો. જોકે, પોલીસ કમિશનરની કડક સૂચના બાદ હવે કોઈ પણ રાજકીય પીઠબળ તેને બચાવી શકે તેમ લાગતું નથી.

ચિરાગ ગોટીની ક્રૂરતાની પરાકાષ્ઠા તેના જ કર્મચારીઓ સાથેના વર્તનમાં જોવા મળી છે. બીલીમોરાના ધોલાઈ બંદરે તેની ઓફિસમાં કામ કરતા પાર્થ મિયાણી પર 11 હજારની હેરાફેરીનો આરોપ લગાવી તેને ડંડા વડે બેરહેમ માર માર્યો હતો. અન્ય એક કિસ્સામાં, ટેન્કર ડ્રાઈવર પર ઓઈલ ચોરીનો આરોપ લગાવી તેને નિર્વસ્ત્ર કરી માર માર્યો હતો. નવાઈની વાત એ છે કે ચિરાગે પોતે જ આ અત્યાચારના વીડિયો ઉતાર્યા હતા અને તેને વાઈરલ કરી પાશવી આનંદ લીધો હતો. આ વીડિયો હવે પોલીસ માટે સૌથી મોટો પુરાવો સાબિત થયા છે.

---

**• સંક્ષીપ્ત સમાચાર**

### દિલ્હીમાં અમદાવાદ ઓલિમ્પિક 2036 માટે ચર્ચા:હર્ષ સંઘવી આજે અમિત શાહ સાથે બેઠક કરશે

• અમદાવાદ

અમદાવાદમાં 2036 ઓલિમ્પિક ગેમ્સના આયોજનને લઈને સરકાર સ્તરે તૈયારીઓ તેજ બની છે. આ મહત્વપૂર્ણ મુદ્દે ચર્ચા કરવા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આજે (12 ફેબ્રુઆરી) દિલ્હીની મુલાકાતે જશે. દિલ્હી ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક યોજાશે, જેમાં ઓલિમ્પિક આયોજન માટેની વ્યૂહરચના અને આવશ્યક ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ અંગે વિસ્તૃત ચર્ચા થવાની છે.સૂત્રો અનુસાર, બેઠકમાં ખાસ કરીને ગુજરાતમાં સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટને લઈને વિગતવાર પ્રેઝન્ટેશન રજૂ થશે. રાજ્યમાં આંતરરાષ્ટ્રીય ધોરણોને અનુરૂપ સ્ટેડિયમ, ટ્રેનિંગ સેન્ટર, એથ્લીટ વિલેજ અને ટ્રાન્સપોર્ટ કનેક્ટિવિટી વિકસાવવા માટેના આયોજન પર ચર્ચા કરવામાં આવશે.અમદાવાદ ખાતે બની રહેલા સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્ક્લેવના નિર્માણની પ્રગતિ પણ બેઠકનો મહત્વપૂર્ણ એજન્ડા રહેશે. વિશ્વસ્તરીય સ્પોર્ટ્સ સુવિધાઓ ઉભી કરીને અમદાવાદને ગ્લોબલ સ્પોર્ટ્સ હબ બનાવવા રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે.

---

### ડ્રેનેજ કામગીરીના કારણે રસ્તો બંધ રહેશે

# વડોદરાના ગોત્રી રોડ અને કારેલીબાગ વિસ્તારમાં ડ્રેનેજ કામગીરીને પગલે રસ્તો તબક્કાવાર બંધ રહેશે

## ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરીને પગલે વડોદરા મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે અગત્યની નોટિફિકેશન બહાર પાડવામાં આવી

• વડોદરા

વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં નવી ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરીને પગલે વડોદરા મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે અગત્યની નોટિફિકેશન બહાર પાડવામાં આવી છે. જેમાં કારેલીબાગ L|T સર્કલથી મુક્તાનંદ સર્કલ સુધીનો રસ્તા પર નવી ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરીના કારણે બંધ રહેશે.

આ માર્ગ પર આગામી 21 ફેબ્રુઆરીથી કામ પૂર્ણ થાય ત્યાં સુધી આ રસ્તા પર ટ્રાફિક માટે 'વન-વે' (એકમાર્ગીય) વ્યવસ્થા કરવામાં આવી છે. સાથે રસ્તાની બાજુમાં આવેલી ખાણી-પીણીની લારીઓ કે સ્ટોલ્સ પાસે ટુ-વ્હીલર કે ફોર-વ્હીલર પાર્ક કરવા પર સખત પ્રતિબંધ છે. સાથે અહીંયા કામગીરી ચાલતી હોવાથી ઊંડી કામગીરી અને ભારે મશીનરીના ઉપયોગને કારણે અકસ્માત થવાનો ભય હોવાથી, જાહેર જનતાને પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ ન કરવા અને સુરક્ષિત અંતર જાળવવા અપીલ કરવામાં આવી છે.આ સાથે શહેરના પશ્ચિમ વિસ્તારમાં ટ્રાફિકથી ધમધમતા ગોત્રી રોડ પર ડ્રેનેજ પ્રોજેક્ટની કામગીરી શરૂ કરવામાં આવી છે, જેના કારણે વાહનચાલકોએ વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવા જણાવ્યું છે. આ વિસ્તારમાં આવેલા યશ કોમ્પ્લેક્સથી હરિનગર બ્રિજ જંક્શન સુધીનો મુખ્ય રસ્તો કામગીરીના કારણે બંધ રહેશે. અહીં નવી ડ્રેનેજ લાઈન માટે ભારે મશીનરી, મટીરીયલ અને શ્રમિકોની અવરજવરને કારણે આ માર્ગનો ઉપયોગ જોખમી બની શકે છે. જેથી કામગીરીની જરૂરિયાત મુજબ યશ કોમ્પ્લેક્સથી હરિનગર બ્રિજ નીચેના જંક્શન સુધીના રસ્તાને તબક્કાવાર બંધ રાખવામાં આવશે.વાહનચાલકોએ કેરેજ-વેના બાકીના ભાગ અથવા અન્ય વૈકલ્પિક રસ્તાઓનો સાવચેતીપૂર્વક ઉપયોગ કરવાનો રહેશે. સાથે કામગીરી વધુ ઊંડાઈએ હોવાથી સુરક્ષાના હેતુથી લોકોને પ્રતિબંધિત જગ્યાએ ન જવા અને તંત્રને સહકાર આપવા વડોદરા મહાનગરપાલિકાના ડ્રેનેજ પ્રોજેક્ટ શાખા દ્વારા અપીલ કરવામાં આવી



---

### ગૌમાંસ-દારૂનું વેચાણ કરનારને પાસા:5 આરોપીને સુરત, અમદાવાદ, ભુજ, વડોદરા અને રાજકોટ જેલમાં ધકેલી દેવાયા

• ભાવનગર

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાંચે ગૌમાસનું વેચાણ તેમજ દારૂનું વેચાણ કરનાર અને માથાભારે શખસોને પાસા હેઠળ ધકેલી દીધા છે. ક્રાઈમ બ્રાન્ચે કાયદાના સકંજામાં આવેલા આવા શખસોની પાસા દરખાસ્ત તૈયાર કરી જિલ્લા મેજીસ્ટ્રેટને મોકલી આપી હતી. જે દરખાસ્તો પર જિલ્લા મેજીસ્ટ્રેટની મંજૂરી મળતાં જ પોલીસે કાર્યવાહી હાથ ધરી પાંચ શખસોની પાસા વોરન્ટ હેઠળ ધરપકડ કરી તેમને ભુજ, અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ જેલ હવાલે કરી દેવામાં આવ્યા હતા.ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા અગાઉ ગૌ માંસ રાખી વેચાણ કરનાર તથા ઈંગ્લીશ દારૂની ગેરકાયદેસર પ્રવૃતિમાં સંડોવાયેલ શખસોને તથા શરીર સંબંધી ગુનાઓમાં સંડોવાયેલા તેમજ માથાભારે શખસો વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવાનાં હેતુથી તેઓની પાસા અંગેની દરખાસ્ત તૈયાર કરી હતી, જે દરખાસ્તો જીલ્લા મેજીસ્ટ્રેટ ભાવનગરને મોક્લી આપવામાં આવી હતી. દરખાસ્ત અંગે જીલ્લા મેજીસ્ટ્રેટએ પાસા દરખાસ્ત વંચાણે લઈ માન્ય રાખી તમામ વિરુદ્ધ પાસા વોરંટ ઇશ્યુ કરતા લોકલ ક્રાઈમ બ્રાંચે પાસા વોરંટની બજવણી કરી ગૌ માંસ રાખી વેચાણ કરનાર ઈરફાન ઉર્ફે ઈનો કાસમભાઈ લાખાણી (ઉ.વ-37) રહે.ભાવનગરને ખાસ જેલ ભુજ, પ્રોહિ. બુટલેગર્સ હર્ષિલ ઉર્ફે ભુરો ઉર્ફે ગલ્લો અરવિંદભાઈ દવે (ઉ.વ.25) રહે. ભાવનગરને મધ્યસ્થ જેલ, સાબરમતી અમદાવાદ, હરેશ ઉર્ફે ભયલુ ધનજીભાઈ બારૈયા રહે ભાવનગરને મધ્યસ્થ જેલ વડોદરા, મેહુલ પરશોત્તમભાઈ બારૈયા (ઉ.વ.28) રહે. સોનગઢ તા.શિહોરને મધ્યસ્થ જેલ લાજપોર, સુરત અને માથાભારે શખસ સંજય ઉર્ફે ગણીયો દેવરાજભાઈ ગોહેલ (ઉ.વ.20) રહે. ભાવનગરને મધ્યસ્થ જેલ, રાજકોટ મોકલી આપવામાં આવ્યા હતા.

---

### નવા લેબર કોડ સામે ટ્રેડ યુનિયનો હડતાળ પર ઉતર્યા

# વડોદરામાં બેંક કર્મચારીઓએ સરકારની નીતિનો વિરોધ કર્યો

• વડોદરા



દેશભરમાં આજે તમામ બેંક કર્મચારીઓ સહિતના વિવિધ સંગઠનો હડતાળ પર ઉતર્યા છે. દેશના મોટા બેંક સંગઠનો ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈઝ એસોસિએશન (AIBEA), ઓલ ઈન્ડિયા બેંક ઓફિસર્સ એસોસિએશન (AIBOA) અને બેંક એમ્પ્લોઈઝ ફેડરેશન ઓફ ઈન્ડિયા (BEFI) એ આવતીકાલે હડતાળની જાહેરાત કરી છે, ત્યારે વડોદરા શહેરમાં પણ આ યુનિયનો હડતાળ પર છે. વડોદરા શહેરના મુજમહુડા ખાતે આવેલ બેંક ઓફ બરોડા બહાર બેંક કર્મચારીઓએ સરકારની નીતિનો વિરોધ કર્યો હતો અને આજે બંધ પાળ્યો હતો. જોકે SBI આ હડતાળમાં જોડાઈ નથી. તેઓએ બહારથી સપોર્ટ જાહેર કર્યો છે.

મુજમહુડા ખાતે આવેલ બેંક ઓફ બરોડા બહાર બેંક કર્મચારીઓએ ભેગા થઈને વિરોધ કર્યો હતો અને ગવર્મેન્ટ કી હિટલરશાહી, નહીં ચલેગી, નહીં ચલેગી, લેબર કોડ વાપસ લેના હોગા, જેવા સુત્રોચ્ચાર કર્યા હતા અને સરકારની નીતિઓનો વિરોધ કર્યો હતો. આજે વડોદરામાં રેલવે સહિત અન્ય કેટલાક યુનિયન યુનિયન પણ હડતાલ પર છે.લોકલ બેંક એમ્પ્લોઈઝ કો-ઓર્ડિનેશન કમિટીના જનરલ સેક્રેટરી ડી. એલ. વ્યાસે જણાવ્યું હતું કે, દેશના 10 કેન્દ્રીય મજૂર સંગઠનો (BMS સિવાય) દ્વારા આજે 'ભારત બંધ'નું એલાન આપવામાં આવ્યું છે. બેંકિંગ ઉદ્યોગના ત્રણ મુખ્ય સંગઠનો–AIBEA, AIBOA અને BEFI–એ પણ આ હડતાળમાં જોડાવાનો નિર્ણય કર્યો છે. લેબર કોડ પાછા ખેંચવાની અમારી માંગણી છે. સરકારે તાજેતરમાં જે ચાર નવા લેબર કોડ દાખલ કર્યા છે તે કર્મચારીઓના હિતમાં નથી. આનાથી માલિકોને 'હાયર એન્ડ ફાયર' (ગમે ત્યારે નોકરીએ રાખવા અને છૂટા કરવા) ની નીતિ મળી જશે.તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, નવા નિયમોથી મેનેજમેન્ટને કામના કલાકો વધારવાની સત્તા મળી જશે. સરકાર એક વર્ષ પછી ગ્રેચ્યુઈટી આપવાની વાત કરીને આડકતરી રીતે કોન્ટ્રાક્ટ પ્રથાને પ્રોત્સાહન આપી રહી છે. ખરેખર તો ગ્રેચ્યુઈટી નિવૃત્તિ સમયે મળવી જોઈએ. અત્યારે દેશના યુવાનો બેરોજગારીનો સામનો કરી રહ્યા છે,

---

### પાટણ જિલ્લામાં 2.38 લાખ હેક્ટરમાં રવિ પાક વાવેતર:તમાકુના વાવેતરમાં વધારો, ચણાનું પણ બમ્પર વાવેતર

• પાટણ

પાટણ જિલ્લામાં ચાલુ રવિ સિઝનમાં ખેડૂતો દ્વારા 2,38,580 હેક્ટર વિસ્તારમાં વિવિધ પાકોનું વાવેતર કરવામાં આવ્યું છે. આ વર્ષે તમાકુના વાવેતરમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે, જ્યારે ચણાનું પણ મોટા પાયે વાવેતર થયું છે.ગત ચોમાસામાં ભારે વરસાદને કારણે પાક નિષ્ફળ જતાં ખેડૂતોને અપેક્ષિત ઉત્પાદન મળ્યું ન હતું. તેથી, રવિ સિઝનમાં સારા ઉત્પાદનની આશા રાખવામાં આવી રહી છે.જિલ્લામાં ઘઉં, ચણા, રાઈ, જીરું, ધાણા, લસણ, સુવા, ઈસબગુલ, વરિયાળી, ડુંગળી, બટાકા, શાકભાજી, ઘાસચારો, મેથી, અજમો અને ગાજર જેવા વિવિધ રવિ પાકોનું વાવેતર થયું છે. સૌથી વધુ વાવેતર સાંતલપુર તાલુકામાં 43,712 હેક્ટરમાં નોંધાયું છે, જ્યારે સૌથી ઓછું સિદ્ધપુર તાલુકામાં 14,995 હેક્ટરમાં થયું છે.પાટણ જિલ્લામાં છેલ્લા કેટલાક વર્ષોથી તમાકુનું વાવેતર વધી રહ્યું છે. આ પાકમાં રોગ-જીવાતની શક્યતાઓ ઓછી હોય છે અને જંગલી પ્રાણીઓ પણ તેને નુકસાન પહોંચાડતા નથી. આ ઉપરાંત, તમાકુ એક રોકડિયો પાક હોવાથી ખેડૂતોને વેચાણ બાદ તાત્કાલિક રોકડ મળે છે.ગત વર્ષે જિલ્લામાં 7,967 હેક્ટરમાં તમાકુનું વાવેતર થયું હતું, જે ચાલુ વર્ષે વધીને 9,235 હેક્ટર થયું છે.આમ, ગત વર્ષની સરખામણીમાં 1,268 હેક્ટર વિસ્તારમાં તમાકુનું વાવેતર વધ્યું છે. સરકાર દ્વારા તમાકુ ઉત્પાદનો પર વધારવામાં આવતા ટેક્સને કારણે પણ તમાકુના ભાવમાં દર વર્ષે વધારો જોવા મળી

---

### દિયરના સ્પર્મથી IVF કરાવવા દબાણ કર્યું

# પતિ પિતા બનવા અક્ષમ, અમદાવાદમાં ડોક્ટર પરિણીતાની સસરા સહિત સાસરિયાં સામે ફરિયાદ

• અમદાવાદ

અમદાવાદ શહેરમાં રહેતી એક ડોક્ટર યુવતીએ તેનાં સાસરિયાં સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ડોક્ટર યુવતીને લગ્ન બાદ પતિ પિતા બનવાની સમક્ષતા ન ધરાવતો હોવાનું મેડિકલમાં સામે આવતાં સાસરિયાંએ દિયરના સ્પર્મથી IVF પ્રોસેસ કરવા દબાણ કર્યું હતું. જ્યારે યુવતીના સસરા પણ પોલીસમાં PSI હોવાથી અવારનવાર ધમકી આપતા હતા.




યુવતીનો પતિ સરકારી વિભાગમાં હોવાથી ટ્રેનિંગ બહાને થાઈલેન્ડ ઊપડી ગયો હતો. યુવતીને આ બાબતે જાણ થતાં જ તેણે ઝઘડો કરતાં સાસરિયાંએ માર પણ માર્યો હતો. આ સમગ્ર મામલે વેજલપુર પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

શહેરના જુહાપુરામાં રહેતી 29 વર્ષીય યુવતી અર્બન હેલ્થ સેન્ટરમાં ડોક્ટર તરીકે ફરજ બજાવે છે. યુવતીએ વર્ષ 2023માં સરકારી વિભાગમાં સેક્શન ઓફિસર તરીકે ફરજ બજાવતા યુવક સાથે લગ્ન કર્યા હતા. લગ્નના ત્રણ માસ બાદ પતિએ પોતાના હાથ પર દોરાવેલા ટેટૂ બાબતે પત્ની સાથે ઝગડો કર્યો હતો. યુવતીએ પતિના ફોનની તપાસ કરતાં અનેક સ્ત્રીઓ સાથેની ચેટ મળી હતી, જ્યારે યુવતીના સસરા પણ પોલીસ અધિકારી હોવાથી તેને ધમકાવતા હતા.

યુવતીના લગ્નના એકાદ વર્ષ બાદ બાળક ન થતાં પતિનું મેડિકલ કરાવ્યું હતું, જેમાં તે પિતા બનવા માટે સક્ષમ ન હોવાનું તારણ આવ્યું હતું, જેથી સાસરિયાંએ આઈવીએફનું દબાણ કરતાં યુવતીએ પ્રોસેસ શરૂ કરાવી હતી. ત્રણવાર કરેલી પ્રોસેસ બાદ પરિણામ ન મળતાં સાસરિયાંએ યુવતીને દિયરના સ્પર્મથી આઈવીએફ પ્રોસેસ કરાવવા દબાણ કર્યું હતું.

યુવતીએ આ બાબતે મનાઈ કરતાં પતિએ અકુદરતી સંબંધ બાધવા દબાણ કર્યું હતું. જ્યારે પરિણીતા આ સંબંધો માટે મનાઈ કરે ત્યારે પતિ તેને માનસિક શારીરિક ત્રાસ આપતો હતો. થોડા સમય પહેલાં પતિએ સૌરાષ્ટ્ર ખાતે બ્રિજના ચેકિંગ અને ટ્રેનિંગ માટે જવાનું બહાનું કર્યું હતું, જોકે એ સમયે પરિણીતાને પતિની વિદેશયાત્રાની ટિકિટ મળતાં તેણે પતિને ફોન કરતાં ફોન ઉપાડ્યો નહોતો. એ બાદ પરિણીતાના સસરાએ દવાખાને પહોંચી ગયા હતા અને પુત્રવધૂ સાથે ઝગડો કર્યો હતો. સસરાએ દીકરો તો કેરળ ગયો હોવાનું બહાનું બતાવીને ધમકી આપી હતી. પરિણીતાએ પતિનું લોકેશન તપાસતાં તે થાઈલેન્ડ હોવાની જાણ થતાં પતિની ઓફિસે જઈને તપાસ કરી હતી. ત્યારે પતિ તો 15 દિવસની રજા પર ગયો હોવાનું સામે આવ્યું હતું. પતિની ઓફિસે જવા બાબતે પણ સસરાએ પરિણીતાને ધમકાવી હતી. એક દિવસ યુવતીને તેના પતિએ તાત્કાલિક ઘરે બોલાવી હતી.યુવતી ઘરે પહોંચી ત્યારે તેના રૂમને તાળું મારી દીધું હતું.

---

# સરિતા ઉદ્યાન પાસે અકસ્માતમાં બે જિંદગીનો અંતઃઈન્દ્રોડા કટ પાસે બેફામ સ્પીડે આવતા બૂલેટચાલકે બાઈકને ટક્કર મારી હતી; બે પિતરાઈ ભાઈના મોત

• ગાંધીનગર

ગાંધીનગરના ઈન્દ્રોડા કટ પાસે 11 ફેબ્રુઆરીની સાંજે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં બે પિતરાઈ ભાઈના મોત નીપજ્યા છે. પૂરપાટ ઝડપે આવતા એક રોયલ એનફિલ્ડ બુલેટના ચાલકે પિતરાઈ ભાઈના બાઈકને જોરદાર ટક્કર મારતા બંને યુવાનના કરુણ મોત નીપજ્યા છે. આ મામલે મૃતક જગદીશસિંહના પિતા જશપાલસિંહ ડાભીએ બુલેટ ચાલક વિરુદ્ધ સેક્ટર-7 પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, સેક્ટર-8માં રહેતા નિવૃત્ત જશપાલસિંહ ડાભીનો 40 વર્ષીય પુત્ર જગદીશસિંહ ડાભી અને તેમનો ભાણો ઘનશ્યામસિંહ કનુજી ચાવડા (રહે.સમૌ, માણસા) ગત સાંજે ઈન્દ્રોડા ગામમાં કામ અર્થે ગયા હતા. બાદમાં સાંજે આશરે પોણા સાત વાગ્યે તેઓ બાઈક પર પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન જ રોડ ઈન્દ્રોડા કટ પાસે રોડ ક્રોસ કરતી વખતે ઈન્દ્રોડા સર્કલ તરફથી પૂરપાટ ઝડપે આવતા બુલેટ (નંબર GJ 18 FK 6400)ના ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી.આ અકસ્માત સર્જાતા 108 મારફતે બંનેને સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તપાસ બાદ ઘનશ્યામસિંહ ચાવડાને મૃત જાહેર કર્યા હતા. બીજી તરફ ગંભીર રીતે ઘાયલ જગદીશસિંહ ડાભીને આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા હતા, પરંતુ ટૂંકી સારવાર બાદ રાત્રે તેમણે પણ દમ તોડી દીધો હતો. એક જ અકસ્માતમાં બે યુવાનના મોતથી ડાભી અને ચાવડા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.



---

# ખાવડામાં આતંક મચાવનાર વાંદરો પકડાયો વન વિભાગે રેસ્ક્યૂ કરી સુરક્ષિત સ્થળે ખસેડ્યો

• પોરબંદર

પોરબંદરના માધવપુર નજીક આવેલા ખાવડા વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી આતંક મચાવનાર એક તોફાની વાંદરાને વન વિભાગે પાંજરે પૂર્યો છે. આ વાંદરાના ત્રાસથી સ્થાનિક લોકો ભયભીત હતા. મળતી માહિતી મુજબ, આ વાંદરો અચાનક લોકોની પાછળ દોડતો, ઘરોમાં ઘૂસી જતો અને ઘરવખરીને નુકસાન પહોંચાડતો હતો. તેના હુમલાખોર વલણને કારણે ખાસ કરીને મહિલાઓ અને બાળકોમાં ભારે ડરનો માહોલ હતો. વાંદરાનો ત્રાસ અસહ્ય બનતા સ્થાનિક રહીશોએ પોરબંદર વન વિભાગનો સંપર્ક કર્યો હતો. ફરિયાદ મળતા જ વન વિભાગની ટીમે તાત્કાલિક કાર્યવાહી



હાથ ધરી હતી. વન વિભાગના કર્મચારીઓ માધવપુર સ્થળ પર પહોંચ્યા હતા અને ભારે જહેમત બાદ સફળતાપૂર્વક રેસ્કયુ ઓપરેશન પાર પાડી વાંદરાને પકડી પાડ્યો હતો.

### પિતાને ફોન કરી કહ્યું, તમારી દીકરીને પતાવી દીધી

# સગાઈ તોડી એટલે પથ્થર મારી મોઢું છૂંદી નાખ્યું:અમદાવાદમાં વાત કરવાનું કહી સાથે લઈ ગયો

**અમદાવાદમાં ગઈકાલે (11 ફેબ્રુઆરી) રાત્રે કાંકરિયાના ગેટ નંબર 7 પાસે એક યુવકે સગીરાની હત્યા કરી દીધી હતી. મૃતક સગીરા અને આરોપીની બે દિવસ પહેલાં જ સગાઈ તૂટી હતી**

• અમદાવાદ

અમદાવાદમાં ગઈકાલે (11 ફેબ્રુઆરી) રાત્રે કાંકરિયાના ગેટ નંબર 7 પાસે એક યુવકે સગીરાની હત્યા કરી દીધી હતી. મૃતક સગીરા અને આરોપીની બે દિવસ પહેલાં જ સગાઈ તૂટી હતી. સગાઈ તૂટતાં આરોપી સગીરાને વાત કરવાનું કહીને સાથે લઈ ગયો હતો.બાદમાં કોટા સ્ટોનનો ધારદાર અણીવાળો પથ્થર મારી મોઢું છૂંદી નાખ્યું. હત્યા બાદ મૃતક સગીરાના પિતાને ફોન કરી કહ્યું કે તમારી દીકરીને પતાવી દીધી છે અને હું પોલીસ સ્ટેશનમાં સરેન્ડર કરી રહ્યો છું. હાલ તો સમગ્ર મામલે મણિનગર પોલીસે હત્યા કરનાર હેવાન મહંમદ આવેઝ પઠાણની ધરપકડ કરી લીધી છે.

ગોમતીપુરમાં રહેતી 17 વર્ષની સગીરાની મહંમદ આવેઝ પઠાણ નામના યુવક સાથે સગાઈ થઈ હતી. 11 ફેબ્રુઆરી રાતના સમયે સગીરા અને આવેઝ રાતના 10:30 વાગ્યાની આસપાસ કાંકરિયા ગેટ નંબર 7 પાસે મળ્યાં હતાં.આવેઝને કેટલાક સમયથી સગીરા પર શંકા હતી, જેથી આ બાબતે બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. આવેઝે ગુસ્સામાં કોટા સ્ટોનનો ધારદાર અણીવાળો પથ્થર મારીને હત્યા કરી હતી.પોતાની મંગેતરની હત્યા કર્યા બાદ આરોપી આવેઝ સામેથી મણિનગર પોલીસ સ્ટેશન હાજર થઈ ગયો હતો. મણિનગર પોલીસને બનાવની જાણ થતાં ડીસીપી, પીઆઈ સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. પોલીસે બનાવની જગ્યા કોર્ડન કરીને સગીરાનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલ્યો હતો. પોલીસે આ અંગે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે.આ મામલે ઝોન 6 ડીસીપી ભગીરથ ગઢવીએ જણાવ્યું હતું કે યુવકે સગીરાને પથ્થર મારીને હત્યા કરી છે. યુવકને સગીરા પર શંકા હતી અને તેના જ કારણે હત્યા કરી હોવાની પ્રાથમિક વિગત મળી છે. પોલીસ દ્વારા આરોપીની પૂછપરછ બાદ હત્યાનું ચોક્કસ કારણ જાણવા મળશે.મૃતક સગીરાના ભાઈએ જણાવ્યું હતું કે આરોપી આવેઝ મારી બહેનને અવારનવાર ફોન કરીને પરેશાન કરતો હતો. અમે 2 દિવસ અગાઉ જ સગાઈ તોડી નાખી હતી.અમે સગાઈ તોડી ત્યારે જ અમને ધમકી આપી હતી કે મારી બહેનને ઘરમાં આવીને મારી નાખશે. આજે મારી બહેનનું મોઢું ઓળખાય નહીં એ રીતે મોઢા પર પથ્થર મારીને હત્યા કરી દીધી છે.મૃતકના પિતાએ જણાવ્યું હતું કે મારી દીકરી દુકાને હતી ત્યારે વાત કરવાનું કહીને આવેઝ તેની સાથે લઈ ગયો હતો, સાથે લઈ ગયા બાદ હત્યા કરીને મને સામેથી ફોન કરીને કહે છે કે તમારી દીકરીની હત્યા કરીને હું પોલીસને સરેન્ડર કરી રહ્યો છે. સગાઈ તોડી એટલે હત્યા કરી છે. મારી દીકરીનું મોઢું ઓળખાય એવું રાખ્યું નથી. અમારી માગ છે કે હત્યારાને ફાંસીની સજા આપવામાં આવે.10 ફેબ્રુઆરી, 2026ની મોડીરાત્રે અમદાવાદના બોપલમાં આવેલા વકીલસાહેબબ્રિજની નીચે એક યુવકની છરીના ઘા ઝીંકીને ત્રણ શખસે ઘાતકી હત્યા કરી દેતાં ચકચાર મચી હતી.





## • સંક્ષિપ્ત સમાચાર

### બળેજ નજીક કારે બાઈકને અડફેટે લીધી:ગંભીર રીતે ઘવાયેલા બાઈક ચાલકનું મોત

• પોરબંદર

બળેજ ગામ નજીક ગોકુલ ડેરી પાસે એક માર્ગ અકસ્માતમાં બાઈક ચાલકનું મોત થયું છે. પુરપાટ ઝડપે આવતી કારે બાઈકને અડફેટે લેતા આ દુર્ઘટના સર્જાઈ હતી. માધવપુર પોલીસે કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મૃતક બળેજ ગામના ગલાભાઈ મૂળુભાઈ ઉલવા હતા. તેઓ પોતાની બાઈક પર પસાર થઈ રહ્યા હતા ત્યારે ગોકુલ ડેરી નજીક એક ફોરવ્હીલ કારે તેમને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે ગલાભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને ઘટના સ્થળે જ જીવ ગુમાવ્યો હતો.અકસ્માત સર્જીને કાર ચાલક પોતાનું વાહન ઘટના સ્થળે મૂકીને ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતા માધવપુર પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી.પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. હાલ, પોલીસે મૃતકના પરિવારજનોની ફરિયાદના આધારે ફરાર કાર ચાલકની શોધખોળ શરૂ કરી છે.

### "મહાશિવરાત્રિ મેળા સ્પેશિયલ" અનારક્ષિત દૈનિક ટ્રેનો સંચાલિત કરવામાં આવશે

# પશ્ચિમ રેલવેની મહાશિવરાત્રિ મેળા માટે વિશેષ ટ્રેનો:રાજકોટ, ભાવનગર, ગાંધીગ્રામ, જૂનાગઢથી 4 જોડી સ્પેશિયલ ટ્રેન દોડશે

**પશ્ચિમ રેલવે દ્વારા મહાશિવરાત્રિના પાવન પર્વ નિમિત્તે યાત્રાળુઓની સુવિધા માટે વિશેષ ટ્રેનો દોડાવવાનો નિર્ણય લેવાયો**

• ગીર સોમનાથ (વેરાવળ)

પશ્ચિમ રેલવે દ્વારા મહાશિવરાત્રિના પાવન પર્વ નિમિત્તે યાત્રાળુઓની સુવિધા માટે વિશેષ ટ્રેનો દોડાવવાનો નિર્ણય લેવાયો છે. સોમનાથ સહિતના ધાર્મિક સ્થળોએ ઉમટનારી ભીડને ધ્યાનમાં રાખીને, 13 ફેબ્રુઆરીથી 17 ફેબ્રુઆરી 2026 દરમિયાન 4 જોડી "મહાશિવરાત્રિ મેળા સ્પેશિયલ" અનારક્ષિત દૈનિક ટ્રેનો સંચાલિત કરવામાં આવશે. આ ટ્રેનો વિશેષ ભાડા પર ઉપલબ્ધ રહેશે.ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર, રાજકોટ-વેરાવળ-રાજકોટ (09513/09514) સ્પેશિયલ ટ્રેન દરરોજ સવારે 6:55 કલાકે રાજકોટથી ઉપડી 10:55 કલાકે વેરાવળ પહોંચશે. પરત ફરતી ટ્રેન બપોરે 3:20 વાગ્યે વેરાવળથી નીકળી રાત્રે 8:00 વાગ્યે રાજકોટ પરત ફરશે. આ ટ્રેન કેશોદ, જૂનાગઢ, જેતલસર, વિરપુર, ગોંડલ અને ભક્તિનગર સ્ટેશનો પર ઉભી રહેશે. ભાવનગર-વેરાવળ-ભાવનગર (09581/09582) સ્પેશિયલ ટ્રેન સવારે 6:50 વાગ્યે વેરાવળથી ઉપડી બપોરે 2:00 વાગ્યે ભાવનગર ટર્મિનસ પહોંચશે. પરત ફરતી ટ્રેન બપોરે 2:50 વાગ્યે ભાવનગરથી નીકળી રાત્રે 9:35 વાગ્યે વેરાવળ આવશે. આ રૂટ પર જેતપુર, કુંકાવાવ, લાઠી, ઢસા, ધોળા અને સિહોર જેવા સ્ટેશનોનો સમાવેશ થાય છે.વેરાવળ-ગાંધીગ્રામ-વેરાવળ (09584/09583) સ્પેશિયલ ટ્રેન વહેલી સવારે 4:00 વાગ્યે વેરાવળથી ઉપડી બપોરે 12:00 વાગ્યે ગાંધીગ્રામ પહોંચશે. પરત ફરતી ટ્રેન બપોરે 1:00 વાગ્યે ગાંધીગ્રામથી નીકળી રાત્રે 9:00 વાગ્યે વેરાવળ પહોંચશે. આ ટ્રેનથી બોટાદ, ધંધુકા, ધોળકા અને બાવળા જેવા વિસ્તારોના મુસાફરોને સીધી સુવિધા મળશે.આ ઉપરાંત, વેરાવળ-જૂનાગઢ-વેરાવળ મીટર ગેજ સ્પેશિયલ (09591/09592) ટ્રેન પણ દોડાવવામાં આવશે. આ ટ્રેનથી તાલાળા, સાસણ ગીર અને વિસાવદર જેવા વિસ્તારોના યાત્રાળુઓને વિશેષ લાભ મળશે.




### 449 ગ્રામ સૂકા ગાંજા સાથે યાસીન પઠાણની ધરપકડ:દાંતીયાવાળી શેરી પાસેથી SOGએ દબોચી લીધો; સુરતથી ગાંજો લાવ્યાની કબૂલાત

• ભાવનગર

ભાવનગર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે મામાકોઠા રોડ પર દાંતીયાવાળી શેરી નજીકથી આનંદનગરના એક શખસને ડ્યુક સ્કૂટર સાથે ઝડપી લીધો હતો. ઝડપાયેલા શખસ પાસેથી અંદાજિત રૂપિયા 22,450ની કિંમતનો 449 ગ્રામ સૂકો ગાંજો જપ્ત કરવામાં આવ્યો છે. પ્રાથમિક પૂછપરછ દરમિયાન આરોપીએ ત્રણ દિવસ પહેલા સુરતના અશ્વિનીકુમાર રોડ પરથી ગાંજો લાવી ભાવનગર પહોંચાડ્યાની કબૂલાત આપી છે. નોંધનીય છે કે, આરોપી સામે અગાઉ પણ ઘોઘારોડ અને પાલીતાણા પોલીસ મથકમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનાઓ નોંધાયેલા હોવાનું બહાર આવ્યું છે.આ અંગે એસઓજી કચેરીથી મળતી માહિતી મુજબ સ્પેશિયલ ઓપરેશન ગૃપને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી, જેના આધારે ભાવનગર શહેરના મામાકોઠા રોડ પર દાંતિયાવાળી શેરી પાસેથી યુટ સ્કુટર નંબર GJ.04.DH- 9148 સાથે નીકળેલા યાસીન અબ્દુલરહેમાનભાઈ પઠાણ (ઉં.વ 65, રહે. ભાવનગર)ને અટકાવી તેની તપાસ કરી હતી. આ સમયે તેના કબજામાંથી રૂ.22.450નો સૂકો ગાંજો, જેનું વજન 449 ગ્રામ મળી આવતા એસઓજી પોલીસે સ્કુટર, ગાંજો, બે મોબાઈલ મળી કુલ રૂ. 74,450નો મુદામાલ કબજે કરી અટકાયત કરી હતી.આરોપીની પૂછપરછ કરતા આ ગાંજો ત્રણ દિવસ પુર્વે સુરતના અશ્વિનીકુમાર રોડ પરથી એક અજાણ્યા શખસ પાસેથી મેળવી ભાવનગર લઈ આવ્યાની કબૂલાત આપી હતી. બનાવના પગલે યાસીન અબ્દુલરહેમાનભાઈ પઠાણ સામે NDPS. એક્ટની જોગવાઈ અનુસાર કાર્યવાહી કરી SOGના એ.એસ. આઈ. જયરાજસિંહ જાડેજા દ્વારા ગંગાજળીયા પોલીસ સ્ટેશનમાં ગુનો રજીસ્ટર કરાવવામાં આવ્યો હતો. ગાંજા સાથે ઝડપાયેલા શખસ સામે અગાઉ ઘોઘારોડ પોલીસ મથક અને પાલીતાણા પોલીસ મથકમાં અલગ-અલગ એનડીપીએસ એક્ટ હેઠળ ગુના દાખલ થયા હોવાનું એસઓજી કચેરીથી જાણવા મળ્યુ હતું.

### પહેલા નદી સ્વચ્છતા-માપણી પછી વાવેતર; દીપડા માટે નવા અભ્યારણની તૈયારી

# 185 નદીના કાંઠે ગ્રીન કવર મિશનને ગતિ: બજેટમાં 20 કરોડની માગ



રાજ્યમાં ગ્રીન કવર વધારવા માટે સરકાર દ્વારા ઘોષિત 185 નદીઓના બંને કાંઠે વૃક્ષ ઉછેર અભિયાનને હવે વેગ મળવાનો છે. વન વિભાગે આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ માટે 20 કરોડના બજેટની માંગણી કરી છે, જે નવા રાજ્ય બજેટમાં મંજૂર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ અગાઉ જણાવ્યું હતું કે, ગ્રીન કવર વધારવા રાજ્યની 185 નદીઓના બંને કાંઠાની જમીન પર વન સંરક્ષણ અને સંવર્ધન હેઠળ વિશાળ વૃક્ષારોપણ હાથ ધરાશે. ગ્રીન કવર વધવાથી રાજ્યનો વન વિસ્તાર વધશે. વરસાદમાં વધારો થશે, જળવાયુ પરિવર્તન સામે લડવામાં મદદ મળશે, ઓક્સિજનનું પ્રમાણ વધશે અને કાર્બન ફૂટપ્રિન્ટમાં ઘટાડો થશે.

કેન્દ્ર સરકારના વર્ષ 2023ના 'ઇન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ' મુજબ ગુજરાતમાં વન અને વૃક્ષ કવર રાજ્યના કુલ ક્ષેત્રફળના 11.03 ટકા છે. આ પ્રમાણ વધારવા માટે નદીકાંઠા પર ગ્રીન બેલ્ટ વિકસાવવા રાજ્ય સરકારે આયોજન કર્યું છે. પ્રોજેક્ટ હેઠળ હજી નદીઓની માપણી બાકી છે. તબક્કાવાર કામગીરીમાં પ્રથમ નદી સ્વચ્છતા અભિયાન હાથ ધરાશે. ત્યારબાદ BISAG (ભાસ્કરાચાર્ય નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસ એપ્લિકેશન્સ એન્ડ જીઓઈન્ફોર્મેટિક્સ) દ્વારા GIS મેપિંગ અને જમીનની માપણી કરવામાં આવશે. જમીનની સીમા નિર્ધારિત થયા પછી જ વાવેતર શરૂ થશે.સરકારે આ પ્રોજેક્ટ પાંચ વર્ષમાં પૂર્ણ કરવાની સમયરેખા નક્કી કરી છે, જ્યારે વન વિભાગે વ્યાપક આયોજન અને જાળવણીને ધ્યાનમાં રાખીને 10 વર્ષનો સમયગાળો માંગ્યો છે.

### પાળિયાદમાં ઝોન કક્ષાનો એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલ સંપન્ન:વિસામણબાપુની જગ્યા ખાતે 6 જિલ્લાના 28 શ્રેષ્ઠ પ્રયોગો રજૂ

• બોટાદ

પાળિયાદમાં વિસામણબાપુની જગ્યા ખાતે સૌરાષ્ટ્ર ઝોન-1નો એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલ સંપન્ન થયો છે. જીસીઈઆરટી ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન બોટાદ દ્વારા આયોજિત આ ત્રણ દિવસીય ફેસ્ટિવલ 9 થી 11 ફેબ્રુઆરી 2026 દરમિયાન યોજાયો હતો. જેમાં બોટાદ, ભાવનગર, સુરેન્દ્રનગર, રાજકોટ, મોરબી અને કચ્છ સહિત કુલ છ જિલ્લાના 28 શ્રેષ્ઠ ઈનોવેટિવ શિક્ષકોએ પોતાના નવતર પ્રયોગો રજૂ કર્યા હતા.ફેસ્ટિવલનો પ્રારંભ મહામંડલેશ્વર નિર્મળાબા ઊનડબાપુના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો. ડાયટ પ્રાચાર્ય દિપકભાઈ ચૌહાણે નિર્મળાબાનું સન્માન કર્યું હતું.આ પ્રસંગે નિર્મળાબા અને મંચસ્થ મહાનુભાવો દ્વારા 28 શ્રેષ્ઠ ઈનોવેટિવ શિક્ષકોને મોમેન્ટો, પ્રમાણપત્ર અને બેગ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. નિર્મળાબાએ રિબિન કાપી ફેસ્ટિવલ ખુલ્લો મૂક્યો હતો અને તમામ સ્ટોલની મુલાકાત લઈ શિક્ષકોને તેમની શ્રેષ્ઠ કામગીરી અને નવતર વિચારો માટે શુભેચ્છાઓ પાઠવી હતી.આ ફેસ્ટિવલની મુલાકાત છ જિલ્લાના શિક્ષકો, સરકારી શાળાઓના વિદ્યાર્થીઓ અને વિહળ ઈન્ટરનેશનલ વિદ્યાપીઠના વિદ્યાર્થીઓએ લીધી હતી. મુલાકાતીઓએ આ ઈનોવેશન ફેસ્ટિવલ દ્વારા જ્ઞાન મેળવી સંતોષ વ્યક્ત કર્યો હતો. રાત્રિ દરમિયાન વિહળધામના પ્રેરક સંચાલક ભયલુબાપુએ ઉપસ્થિત સૌને શુભેચ્છાઓ પાઠવી હતી.

### કેવી હોય છે નાગાસાધુઓ અને અઘોરીઓની રહસ્યમયી દુનિયા?

# અઘોરીઓ ખોપરીમાં આરોગે છે માનવમાંસ, ભવનાથના મેળામાં આવેલા સાધુઓની દુનિયામાં ડોકિયું

• જૂનાગઢ

જૂનાગઢની ગિરનાર તળેટીમાં ભવનાથ મહાદેવના સાંનિધ્યમાં દર વર્ષે પરંપરાગત રીતે ઊજવાતો મહાશિવરાત્રિનો મેળો આ વર્ષે 'મિની કુંભ' તરીકે આસ્થાભેર શરૂ થયો છે. આ મેળાનું મુખ્ય આકર્ષણ ભારતભરમાંથી આવેલા હજારો નાગા સાધુઓ અને અઘોરીઓ છે.હાથમાં ચિલમ, શરીર પર ભભૂત અને લાંબી જટાઓ સાથે જ્યારે 'હર હર મહાદેવ'નો જયઘોષ કરે છે, ત્યારે ભાવિકો એક અલગ જ દિવ્યતાનો અનુભવ કરે છે. લોકો માટે આ સાધુઓ કુતૂહલનો વિષય છે, પરંતુ વાસ્તવમાં આ સાધુઓની દુનિયા સામાન્ય માનવીના વિચાર કરતાં ઘણી ભિન્ન અને રહસ્યમય છે.નાગાસાધુઓની વાત કરવામાં આવે તો તેઓ વાસ્તવમાં સનાતન ધર્મના રક્ષક અને શિસ્તબદ્ધ સૈનિકો માનવામાં આવે છે. તેમનું જીવન ગુરુની સેવા અને કઠિન સાધનાથી શરૂ થાય છે. નાગા સાધુ બનવાની પ્રક્રિયા અત્યંત જટિલ છે. કોઈ પણ વ્યક્તિ જ્યારે સંસારનો મોહ ત્યાગી અખાડામાં જોડાય છે, ત્યારે ગુરુ સૌપ્રથમ તેની કસોટી કરે છે. 12 વર્ષ સુધી બ્રહ્મચર્ય અને શિસ્તનું પાલન કર્યા બાદ જ તેને દીક્ષા આપવામાં આવે છે.



આ સાધુઓ શાકાહારી અને સાત્વિક જીવન જીવે છે. તેઓ ભલે નગ્ન અવસ્થામાં રહેતા હોય, પરંતુ શારીરિક તપસ્યા અને યોગ દ્વારા તેમણે પોતાની ઈન્દ્રિયો પર પૂર્ણ વિજય મેળવેલો હોય છે. તેઓ શાસ્ત્ર અને શસ્ત્ર બંનેમાં નિપુણ હોવાનું માનવામાં આવે છે. કુંભના મેળામાં તેમનું શાહી સ્નાન અને શોભાયાત્રા એ તેમના સંગઠિત શક્તિનું પ્રતીક છે.બીજી તરફ, અઘોરી સાધુઓની દુનિયા સંપૂર્ણપણે રહસ્યમય અને એકાંતપ્રિય હોય છે. અઘોરીઓ સ્મશાનને જ પોતાનું ઘર માને છે અને જનમેદનીથી દૂર રહીને ભગવાન શિવના 'અઘોર' સ્વરૂપની ઉપાસના કરે છે. તેમના માટે દુનિયામાં કશું જ અપવિત્ર નથી. તેઓ સ્મશાનમાં રહીને તંત્ર-મંત્રની સાધના કરે છે અને માનવ ખોપરીમાં ભોજન ગ્રહણ કરે છે. અઘોરીઓ કાળા વસ્ત્રો ધારણ કરે છે અને સ્મશાનની રાખને જ પોતાનો શ્રૃંગાર માને છે. તેઓ એવી વસ્તુઓનું સેવન કરે છે જે સામાન્ય માનવી વિચારી પણ ન શકે, જેમ કે માસ, મટન અને મદિરા. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય જીવન અને મૃત્યુ વચ્ચેના ભેદને મિટાવવાનો અને શિવમય બનવાનો હોય છે.નાગા સાધુઓ અને અઘોરીઓમાં એક મુખ્ય તફાવત એ છે કે નાગા સાધુઓ સંગઠિત અખાડાઓમાં રહે છે, જ્યારે અઘોરીઓ કોઈ પણ બંધન વિના એકલા સાધના કરે છે. નાગા સાધુઓ સાર્વજનિક કાર્યક્રમો અને કુંભ જેવા મેળાઓમાં અગ્રીમ ભૂમિકા ભજવે છે. જ્યારે અઘોરીઓ ગુપ્ત રીતે સિદ્ધિઓ પ્રાપ્ત કરવામાં માને છે.જ્યાં અમારા સોળે સંસ્કાર કરી હરિદ્વારમાં વૈદિક દીક્ષા લીધી હતી. જેથી હું બર્ફાની કહેવાવ છું.

# આશુતોષ વિદ્યાલયમાં વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન:ટ્રસ્ટી બળદેવસિંહ ચુડાસમા અને મનીષા ચુડાસમાએ ઉદ્ઘાટન કર્યું, વિવિધ વૈજ્ઞાનિક મોડેલ્સ રજૂ

• ભાવનગર

શહેરના ઘોઘારોડ પર આવેલી આશુતોષ વિદ્યાલય ખાતે 11 ફેબ્રુઆરી 2026 ના રોજ વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનનું લોકાર્પણ શાળાના ટ્રસ્ટી બળદેવસિંહ અમરસિંહ ચુડાસમા અને મનીષાબેન ચુડાસમા દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ સુવ્યવસ્થિત રીતે પૂર્ણ થયો હતો. કાર્યક્રમની રૂપરેખા શાળાના આચાર્ય યશભાઈ ચાવડાએ આપી હતી અને તમામ શિક્ષકગણે તેમાં ભારે જહેમત ઉઠાવી હતી.આ આયોજનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિકસાવવાનો, તેમની સર્જનાત્મકતા વધારવાનો અને નવીન વિચારોને પ્રોત્સાહન આપવાનો હતો, તેમ ટ્રસ્ટી બળદેવસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું.વિદ્યાર્થીઓએ વિવિધ વૈજ્ઞાનિક મોડેલ્સ અને પ્રયોગો દ્વારા પોતાની પ્રતિભા રજૂ કરી હતી. પ્રદર્શન દરમિયાન પાણી સંરક્ષણ, પર્યાવરણ સુરક્ષા, અવકાશ વિજ્ઞાન, માનવ શરીર રચના અને ઊર્જા બચત જેવા વિષયો પર આકર્ષક મોડેલ્સ રજૂ કરવામાં આવ્યા હતા, જે દર્શકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. શાળા પરિવાર, વાલીઓ અને આમંત્રિત મહેમાનોની ઉપસ્થિતિએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ટ્રસ્ટી બળદેવસિંહ ચુડાસમા, મનીષાબેન ચુડાસમા અને શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી તેમના પ્રયત્નોની પ્રશંસા કરવામાં આવી હતી. શાળા સંચાલકોએ જણાવ્યું હતું કે આવી પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને વૈજ્ઞાનિક ચેતના વિકસે છે.સમગ્ર કાર્યક્રમ સુવ્યવસ્થિત રીતે પૂર્ણ થયો હતો. કાર્યક્રમની રૂપરેખા શાળાના આચાર્ય યશભાઈ ચાવડાએ આપી હતી.



# દંપતિએ જીવાદોરી કાપી:સોનગઢમાં ઘર કંકાસમાં દંપતિએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું

• ભાવનગર

ભાવનગર જિલ્લાના સોનગઢના પ્લોટ વિસ્તારમાં રહેતા એક દંપતિએ એકી સાથે ઘરકંકાસમાં ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવી લેતા ભારે અરેરાટી વ્યાપી ગઈ હતી.સોનગઢના પ્લોટ વિસ્તારમાં દંપતિના આપઘાત મામલે સોનગઢ પોલીસે ઘટના સ્થળે ધસી આવી, દંપતિની લાશને પીએમ અર્થે ભાવનગરની સર ટી. હોસ્પિટલ ખાતે ખસેડી રજા ઉપર ઘરે આવેલા આર્મીમેન પુત્રની પુછપરછ શરૂ કરવામાં આવી છે.સોનગઢ ગામે પ્લોટ વિસ્તારમાં રહેતું એક દંપતિનો પુત્ર ઘરે રજા ઉપર આવ્યો હતો અને હસતો ખીલતા પરિવારમાં પતિ-પત્નિ અને પુત્ર ત્રણેય એક સાથે ઘરમાં રહેતા હતા. જે દરમિયાન આજે એકાએક બપોરના સુમારે ગુણવંતભાઈ મોહનભાઈ ડાભી (ઉ.વ.55) અને ગીતાબેન ગુણવંતભાઈ ડાભી (ઉ.વ.53)ના દંપતિએ પોતાના ઘરે જ ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવી લેતા ભારે અરેરાટી છવાઈ ગઈ હતી.જે બાદ સોનગઢ પોલીસને ઘટનાની જાણ થતાં પોલીસે ઘટના સ્થળે ધસી જઈ, પરિવારના ઘરની આસપાસ રહેતા પડોશીઓની પૂછપરછ કરી હતી. જે મામલે પોલીસને પ્રાથમિક તપાસમાં ઘર કંકાસને લઈને દંપતિએ એકી સાથે જીવન ટૂંકાવી લીધાનું ખુલવા પામ્યું હતું.આ મામલે દંપતિનો પુત્ર આર્મીમાં ફરજ બજાવે છે અને થોડાક દિવસો અગાઉ જ તેઓ રજા ઉપરથી ઘરે પરત આવ્યા હતા.